॥ श्रीः ॥

महाकवि-भास-विरचितं

मध्यमव्यायोगः

: સમ્પાદક :

વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ

અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ

ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી

અમદાવાદ- ૩૮૦૦૦૯.

૧૯૯૭

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ

महाकवि–भास–विरचितः

मध्यमव्यायोगः ॥

(મૂળ ગ્રન્થ, ગુજરાતી અનુવાદ, પ્રસ્તાવના અને અભ્યાસનોંધ સાથે)

: સમ્પાદક :

વસન્તકુમાર મ. ભટ્ટ

અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯.



સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ–૧.

An One-act play,
Madhyama-Vyāyoga by Bhāsa.

Text, Translation and Notes by Prof. V. M. Bhatt.

: પ્રકાશક :

અશ્વિનકુમાર બી. શાહ

સરસ્વતી પુસ્તક ભંડાર,

હાથીખાના, રતનપોળ,
અમદાવાદ–૩૮૦ ૦૦૧.
ફોન : ૫૩૫ ૬૬ ૯૨

અદ્યતન આવૃત્તિ : ૧૯૯૭–'૯૮

મૂલ્ય : ૨૫–૦૦

: મુદ્રક :

ધ્રુમિલ ગ્રાફિક્સ

દિલીપ આઈ. પટેલ

ઘર નં. ૮૫૬, ચોથો વાસ,
નારણપુરા ગામ,
અમદાવાદ.

सुविभक्तमुखाद्यङ्गैर्व्यक्तलक्षणवृत्तिभिः ।

परेतोऽपि स्थितो भासः शरीरैरिव नाटकैः ॥

– अवन्तिसुन्दरी कथा (११)

*

"આ નાટકોની પ્રાપ્તિથી સંસ્કૃત સાહિત્યના મહત્ત્વમાં અને પ્રતિષ્ઠામાં ભારે વધારો થયો છે. અત્યાર સુધી નહિ અનુભવેલી રસસામગ્રી પ્રાપ્ત થઈ છે. તેનો કર્તા પ્રાચીન તેમ જ અર્વાચીન 'નાટકકારોમાં બેશક માર્ગ મૂકાવે' એવો દેખાય છે."

– શ્રી ર. છો. પરીખ

अस्मदीयम्

મહાકવિ ભાસની વ્યાયોગ પ્રકારના રૂપકની એકાંકી કૃતિ "મધ્યમ" મૂળ પાઠ, ગુજરાતી અનુવાદ, ટિપ્પણી અને વિસ્તૃત પ્રસ્તાવના સાથે રજૂ કરતાં આનંદની લાગણી અનુભવીએ છીએ.

ઈ.સ. ૧૯૧૨માં ત્રિવેન્દ્રમાંથી શ્રી ટી. ગણપતિશાસ્ત્રીએ ભાસના નામે મધ્યમ – વ્યાયોગાદિ રૂપકોને પ્રકાશિત કર્યાં. પરિણામે વર્તમાન—યુગના સાહિત્યરસિકોમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ. રસિકમૂર્ધન્યોમાં પાંકતેય એવા શ્રી રસિકલાલ છો. પરીખે ઈ.સ. ૧૯૨૨ (સંવત ૧૯૭૯)માં "પુરાતત્ત્વ" નામના ત્રૈમાસિકમાં 'સંસ્કૃત નાટક સાહિત્ય' વિષે એક લેખમાળા પ્રકાશિત કરી હતી. આ લેખમાળા દ્વારા ભાસનાટકચક્રનો રસાસ્વાદ કરાવવા માટે આખું ગુજરાત શ્રી ર. છો. પરીખનું ઋણી છે. પ્રસ્તુત આવૃત્તિની પ્રસ્તાવનામાં પણ 'મધ્યમવ્યાયોગ'નું રસદર્શન કરાવતી વખતે શ્રી ર. હછો. પરીખના લખાણોનો ઉપયોગ કર્યો છે; તેમના અમે ઋણી છીએ.

આ પુસ્તકને પ્રકાશિત કરનાર શ્રી અશ્વિનભાઈ બી. શાહના આભારી છીએ.

અનુક્રમણિકા

૧. પ્રસ્તાવના — **૧થી ૨૧**

- ૧. ભાસનાં એકાંકી રૂપકો
- ૨. 'વ્યાયોગ'નું લક્ષણ
- ૩. 'મધ્યમ'નું કથાવસ્તુ
- ૪. 'મધ્યમ'ની કથાવસ્તુનો મૂળસ્રોત
- ૫. 'મધ્યમ'નું શીર્ષક
- ૬. 'મધ્યમ'નું રસદર્શન
- ૭. ભાસનું 'પ્રેમનિરૂપણ' અને 'મધ્યમવ્યાયોગ'
- ૮. પાત્રાલેખન : ભીમ, ઘટોત્કચ અને દ્વિતીય-મધ્યમ-બ્રાહ્મણપુત્ર.

'મધ્યમવ્યાયોગ' એવા શીર્ષકનું સ્વારસ્ય — **૨૦**

૨. મૂળકૃતિ અને અનુવાદ — **૨૨ થી ૫૧**

૩. ટિપ્પણી — **૫૨ થી ૬૦**

પ્રસ્તાવના

નાટ્યકાર મહાકવિ ભાસ અને 'મધ્યમ વ્યાયોગ'

[૧] ભાસની નાટ્યકૃતિઓ

રૂપક, નાટ્ય, અભિનેયાર્થ કાવ્ય કે દશ્ય (શ્રાવ્ય) કાવ્ય જેને કહેવામાં આવે છે તેના ભરતમુનિએ દશ પ્રકારો પાડ્યા છે : નાટક, પ્રકરણ, વ્યાયોગ, ડિમ, સમવકાર, ઉત્સૃષ્ટિકાંક (= અંક) ભાણ, પ્રહસન, ઈહામૃગ અને વીથી. સંસ્કૃત સાહિત્યમાં સુપ્રચલિત એવા આ દશ પ્રકારનાં રૂપકોમાંથી પાંચ પ્રકારો તો કેવળ એકાંકી = રૂપકોના છે. જેમ કે, (૧) વ્યાયોગ (૨) ઉત્સૃષ્ટિકાંક (= અંક), (૩) ભાણ, (૪) પ્રહસન અને (૫) વીથી*

ભાસના નામે પ્રકાશિત કરવામાં આવેલા સ્વપ્નવાસવદત્તાદિ ૧૩ રૂપકોમાંથી મહાભારતની કથાને આધારે છ રૂપકો રચાયાં છે; તેમાંના પાંચ રૂપકો એકાંકી છે. તેમના પ્રકારો નીચે મુજબ છે :

૧. મધ્યમ	– વ્યાયોગ
૨. ઊરુભંગ	– ઉત્સૃષ્ટિકાંક
૩. કર્ણભાર	– ઉત્સૃષ્ટિકાંક
૪. દૂતઘટોત્કચ	– ઉત્સૃષ્ટિકાંક
૫. દૂતવાક્ય	– વ્યાયોગ અથવા વીથી
૬. પંચરાત્ર	-ત્રિઅંકી

શ્રી કેશવલાલ ધ્રુવે 'મધ્યમવ્યાયોગ'ને ભાસની પ્રથમ રચના માની છે. નાટકોનાં મંગલ અને ભરતવાક્ય ઉપરથી અમુક ઐતિહાસિક બનાવો કલ્પી તેમને ક્રમમાં ગોઠવી તે ઉપરથી નાટકોનો ક્રમ નક્કી કરવાનો તેમણે પ્રયત્ન કર્યો છે. તેમણે મધ્યમ, પ્રતિમા દશરથ, ઊરુભંગ, રામાભિષેક, પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ, સ્વપ્નવાસવદત્ત, કૃષ્ણબાલચરિત, દૂતવાક્ય, કવચહરણ (કર્ણભાર), અવિમારક અને પંચરાત્ર-આ કાલક્રમે નાટકો મૂક્યાં છે. દૂતઘટોત્કચ અને દરિદ્રચારુદત્તનો ક્રમ નિર્ધારી શકાતો નથી. (સ્વપ્નની સુંદરી, આવૃત્તિ ૨જી. પૃ. ૨૨-૨૫)

[૨] વ્યાયોગનાં લક્ષણો

નાટ્યશાસ્ત્રમાં ભરતમુનિએ 'વ્યાયોગ'નું લક્ષણ આ પ્રમાણે આપ્યું છે :-

व्यायोगस्तु विधिज्ञैः कार्यः प्रख्यातनायकशरीरः ।
अल्पस्त्रीजनयुक्तस्त्वेकाहकृतस्तथा चैव ॥
वहवश्च तत्र पुरुषा व्यायुज्यन्ते यथा समवकारे ।
न तु तत्प्रमाणयुक्तः कार्यस्त्वेकाङ्क एवायम ॥

---

* ડિમ પ્રકારનું રૂપક વ્યાયોગનું જ વિકસિત રૂપ છે, પણ તેમાં ચાર અંક હોય છે. રસની બાબતમાં બન્ને એકસરખા છે.

न च दिव्यनायककृतः कार्यो राजर्षिनायकनिबद्धः ।

युद्धनियुद्धाधर्षणसङ्घर्षकृतश्च कर्तव्यः ॥

एवंविधस्तु कार्यो व्यायोगो दीप्तकाव्यरसयोनिः ॥

(નાટ્ય) વિધિને જાણનારા કવિઓએ, દિવ્ય નહીં તેવો પ્રખ્યાત રાજર્ષિ જેમાં નાયક હોય તેવા વ્યાયોગ (પ્રકારના રૂપક)ની રચના કરવી જોઈએ. આમાં સ્ત્રી-પાત્રો ઓછાં હોય છે અને એક દિવસની ઘટના નિરૂપવામાં આવી હોય છે.

સમવકાર-પ્રકારના રૂપકની જેમ અહીં વ્યાયોગમાં પણ ઘણા બધા પુરુષ પાત્રો ભેગા આવી મળે છે. પરંતુ સમવકારમાં જેમ ત્રણ અંકો હોય છે તેમ વ્યાયોગમાં ત્રણ અંકો હોતા નથી, પણ એક અંક જ હોય છે. વળી, આ વ્યાયોગમાં (સ્ત્રી-નિમિત્તક નહીં તેવું) યુદ્ધ, મલ્લયુદ્ધ, ઘર્ષણ અને સંઘર્ષની રજૂઆત હોય છે. પરિણામે (હાસ્ય અને શૃંગાર સિવાયના) દીપ્ત, (= રૌદ્ર, ભયાનકાદિ છ) કાવ્યરસોની નિષ્પત્તિ થાય છે.

व्यायुज्यन्तेऽस्मिन्बहवः पुरुषाः इति व्यायोगः ॥

[૩] કથાનકનો પરિચય

પ્રસ્તુત 'મધ્યમ' નામના વ્યાયોગ-રૂપકનું કથાવસ્તુ કવિકલ્પિત છે. અલબત્ત, મહાભારતમાંથી ભીમ, હિડિમ્બા અને ઘટોત્કચ પાત્રો લેવામાં આવ્યા છે. પરંતુ કેશવદાસ અને તેમના કુટુમ્બના સભ્યો કલ્પનિક છે. આ વ્યાયોગનું કથાનક નીચે મુજબ છે :

નાન્દીને અંતે (= સંભવતઃ એક પ્રકારના નગારાનો અવાજ બંધ થયા પછી) રંગભૂમિ ઉપર સૂત્રધાર પ્રવેશ કરે છે અને ત્રિભુવન ઉપર આક્રમણ કરનાર વામન સ્વરૂપ વિષ્ણુના પાદની સ્તુતિ કરી, તે પાદ એકત્રિત થયેલા સામાજિકો = પ્રેક્ષકોનું રક્ષણ કરે એવી શુભેચ્છા પાઠવે છે. ત્યાર પછી, ભેગા મળેલા પ્રેક્ષકોને કંઈક જણાવવા જાય છે ત્યાં જ પડદા પાછળથી અવાજ જેવું કાંઈક સંભળાય છે. નેપથ્યમાંથી "અરે પિતાજી ! આ કોણ છે ?" એવો ત્રાસજનિત અવાજ સાંભળીને સૂત્રધાર અનુમાન કરે છે કે આ કોઈક બ્રાહ્મણનો અવાજ છે અને કોઈક પાપી ચિત્તવાળો તેને ત્રાસ આપતો લાગે છે. ફરીથી તે ત્રાસપૂર્ણ અવાજ સંભળાતાં સૂત્રધારને સ્પષ્ટ થઈ જાય છે કે પાંડવ (= કૌન્તેય) મધ્યમ (ભીમ)નો પુત્ર, જે હિડિમ્બાથી જન્મેલો છે તે (ઘટોત્કચ) આ બ્રાહ્મણને ત્રાસ આપી રહ્યો છે. - સ્વલ્પ સમયમાં જ સૂત્રધારે પ્રેક્ષકોની ચિત્તવૃત્તિને રંગભૂમિ ઉપર એકાગ્ર કરી દીધી. સૌ પ્રેક્ષકો તંગદીલી ભર્યા દશ્યને જોવા સમુત્સુક બની જાય છે. કવિ કે કાવ્યના નામ-નિર્દેશ વગરની પ્રસ્તુત રૂપકની સચોટ 'સ્થાપના' (= પ્રસ્તાવના) કરીને સૂત્રધાર રંગભૂમિ પરથી વિદાય લે છે.

*

રંગભૂમિ ઉપર ત્રણ પુત્ર અને પત્ની સહિતનો બ્રાહ્મણ પ્રવેશ કરે છે, તેમની પાછળ રાક્ષસીનો પુત્ર ઘટોત્કચ આવે છે. ઘટોત્કચની માતાએ ઉપવાસ કર્યા પછી, પારણાં કરવા માટે મનુષ્યભક્ષણ કરવાની ઈચ્છા થતાં ઘટોત્કચને આજ્ઞા કરી છે કે જા, આ વનમાંથી કોઈક માણસને પકડી લાવ. બીજી તરફ, કેશવદાસ નામનો બ્રાહ્મણ કુટુમ્બ સહિત પોતાના મામાના ઘરે તેમના યજ્ઞોપવિત સંસ્કારમાં હાજરી આપવા આ વનમાંથી જઈ રહ્યો

હોય છે. ઘટોત્કચ તેમને રસ્તો રોકી ઊભા રાખે છે. બ્રાહ્મણને લાગે છે કે યુગનો પ્રલય કરનારા શંકર જેવો આ કોણ હશે ? બીજા પુત્રને તે શંકરના રોષ જેવો જણાય છે અને ત્રીજા પુત્રને તો વળી, આ ઘટોત્કચ સાક્ષાત્ મૃત્યુ જ લાગે છે, બ્રાહ્મણની મતિ ઘડીભર મુંઝાઈ જાય છે. શું કરવું જોઈએ ? એ તેને સૂઝતું નથી. ત્યારે તેની પત્ની કહે છે કે ननु विक्रोशामः – આપણે બૂમો પાડીએ. પણ પ્રથમ-જ્યેષ્ઠ પુત્ર કહે છે કે બૂમો પાડ્યાનો કોઈ અર્થ નથી. આ જંગલમાં મનસ્વી પુરુષોને જ રહેવું ગમે એવું છે. વૃદ્ધ બ્રાહ્મણને થાય છે કે વનવાસ ભોગવતા પાંડવો કદાચ અહીં હશે. પણ જ્યેષ્ઠ પુત્ર એ આશા નિરર્થક છે એમ જણાવતાં કહે છે કે પાંડવો તો ધૌમ્ય ઋષિના આશ્રમમાં યજ્ઞ જોવા ગયા છે અને માત્ર મધ્યમ-ભીમ-ને આશ્રમનું રક્ષણ કરવા આ જંગલમાં મૂકતા ગયા છે. બ્રાહ્મણ કેશવદાસને ફરી આશા બંધાય છે. પણ જ્યેષ્ઠ પુત્રનું વક્તવ્ય આગળ વધે છે કે-પણ, તે ભીમ અત્યારે કસરત કરવા ક્યાંક દૂર ગયો છે. વૃદ્ધ બ્રાહ્મણ ખરેખર નિરાશ થઈ જાય છે. છેવટે એને થાય છે કે (સંભવતઃ ઘટોત્કચના ચહેરા ઉપર થોડીક દયાની રેખાઓ દેખાતી હશે માટે) આ ઘટોત્કચને જ પૂછી જોઈએ કે અમારો કોઈ રીતે છુટકારો છે ખરો ? ઘટોત્કચ કહે છે : એક શરતે છુટી શકો. તમારા ત્રણ પુત્રોમાંથી કોઈ એક પુત્રને મને સોંપી દો. પણ બ્રાહ્મણ એને માટે તૈયાર નથી. ઘટોત્કચ રોકડું પરખાવી દે છે કે જો કોઈ એક પુત્રને નહીં આપી દે, તો આખા કુટુમ્બ સહિત તું એક જ ક્ષણમાં નાશ પામીશ.

હવે પછી રૂપકનું વાતાવરણ બદલાય છે. બ્રાહ્મણકુટુંબ ભયમાંથી નીકળી આત્મ-સમર્પણની સ્પર્ધા શરૂ કરે છે. [ઇતિહાસ અને સ્મૃતિ ગ્રન્થોમાં કહ્યું છે કે જો આખા કુળનું રક્ષણ થતું હોય તો કોઈ એક વ્યક્તિનો ભોગ આપવો. त्यजेदेकं कुलस्यार्थे ग्रामस्यार्थे कुलं त्यजेत् । ग्रामं जनपदस्यार्थे आत्मार्थे पृथिवीं त्यजेत् ।।] વૃદ્ધ બ્રાહ્મણને પહેલાં થાય છે કે હું ઘરડો થયો છું, માટે પુત્રોને બચાવવા હું જ ઘટોત્કચ જોડે જાઉં. પણ પત્ની કહે છે કે ના, પતિવ્રતા સ્ત્રી તરીકે હું જ મરવા જાઉં. પણ ઘટોત્કચ સ્ત્રીનો અસ્વીકાર જાહેર કરે છે. એટલે ફરીથી વૃદ્ધ કેશવદાસ હિડિમ્બાનો આહાર બનવાની તૈયારી બતાવે છે. ઘટોત્કચ એને પણ ઘરડો હોવાથી હડસેલી દે છે. હવે, ત્રણ પુત્રો વારાફરતી એકબીજાને બચાવવા પોતાની જાતને બલિ બનાવવા તૈયાર થાય છે. ફરીથી જ્યેષ્ઠ પુત્ર મધ્યમ અને કનિષ્ઠ ભાઈને બચાવવા પોતાના સમર્પણની તૈયારી બતાવે છે, ત્યારે વૃદ્ધ પિતા જ્યેષ્ઠ પુત્રને છોડવા તૈયાર નથી એમ જાહેર કરે છે અને એમને અનુસરીને માતા પોતાના લાડકા કનિષ્ઠ દીકરાને સોડમાં લઈ લે છે. રહ્યો મધ્યમ-વચેટ છોકરો ! ઘટોત્કચ કહે છે કે તું મને પ્રિય છું; ચલ, મારી માની આહારવેળા વીતી જાય છે. પરંતુ કુટુંબની રક્ષા માટે આત્મસમર્પણ કરવા ઉદ્યત થયેલા બિચારા મધ્યમને 'હવે પરલોક જવાનું છે' એ વિચારે પિપાસા લાગે છે. તે ઘટોત્કચની રજા લઈને નજીકના તળાવ પાસે જાય છે.

બ્રાહ્મણપુત્ર મધ્યમને આવતાં થોડીવાર લાગે છે, એટલે ઘટોત્કચ બ્રાહ્મણ કેશવદાસને એ પુત્રનું નામ પૂછે છે. પણ બ્રાહ્મણ એનું નામ કહેતો નથી. જ્યેષ્ઠ પુત્ર બીકથી तपस्वी मध्यमः- બિચારો મધ્યમ-એમ બોલી જાય છે ! ઘટોત્કચને એ "મધ્યમ" નામે જ બૂમ પાડવાનું ઠીક લાગે છે. પરંતુ 'મધ્યમ.....મધ્યમ.....' એવી બૂમો પાડવાથી તો પરિસ્થિતિએ બીજો વળાંક લીધો ! કસરત કરવા નીકળેલા ભીમે એ અવાજ સાંભળ્યો.

કુન્તીના ત્રણ પુત્રો-યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન-માં તે પોતે મધ્યમ હતો. તથા એ અવાજ અર્જુનના અવાજને મળતો આવતો હતો. તેથી એ બૂમ પાડનારની શોધમાં રંગભૂમિ ઉપર પ્રવેશ કરે છે. પરસ્પરથી અજ્ઞાત પિતા-પુત્રનું મિલન થાય છે. બન્નેને એકબીજા માટે લાગે છે કે-'આ કોઈક દર્શનીય પુરુષ છે.' પણ ઘટોત્કચ પેલા બ્રાહ્મણપુત્ર મધ્યમના આગમનની રાહ જોતાં મધ્યમ.....મધ્યમ એવી બૂમો પાડવાનું ચાલુ રાખે છે. એટલામાં તે આવી જાય છે. પણ ભીમ વૃદ્ધ બ્રાહ્મણ પાસેથી બધી હકીકત જાણી લે છે અને ઘટોત્કચને પડકારે છે. બ્રાહ્મણ કુટુમ્બને મુક્ત કરી દેવા આજ્ઞા કરે છે. પણ ઘટોત્કચ કહે છે કે મારી માતાની આજ્ઞાથી આ લોકોને મેં પકડ્યા છે, એટલે નહીં છોડું. ભીમ એની માતાનું નામ પૂછે છે અને જાણે છે કે આ તો હિડિમ્બાથી જન્મેલો મારો જ પુત્ર છે. પરંતુ ભીમ પોતાની ઓળખાણ આપ્યા વિના કહે છે કે આ બ્રાહ્મણપુત્રને બદલે હું જ તારી પાછળ આવીશ. ઘટોત્કચને લાગે છે કે આ ક્ષત્રિય હોવાથી બ્રાહ્મણને બચાવવા તૈયાર થયો છે, તો લાવ એને જ લઈ જાઉં. પણ ભીમ કહે છે કે તારામાં શક્તિ હોય તો મને બળાત્કારથી લઈ જા. બન્ને વચ્ચે વાક્-યુદ્ધ શરૂ થાય છે. આમ પિતા પોતાના પુત્રને ઓળખી લે છે, પણ પુત્ર ઘટોત્કચને ભીમની ઓળખાણ હજી પડી નથી. તે પોતાની માતાની આજ્ઞાને વશ વર્તીને ભીમને પકડીને લઈ જવાની તૈયારી કરે છે અને ભીમસેન પણ પુત્ર ઘટોત્કચની શક્તિનું માપ કાઢવા ઉત્સુક છે. છેવટે ઘટોત્કચ થાકીને ભીમને કહે છે : "અલ્યા એ પુરુષ ! પહેલાંના વચનને યાદ કર. તેં કહ્યું હતું કે આ બ્રાહ્મણપુત્રને બદલે હું આવીશ" ભીમ ઘટોત્કચને અનુસરે છે. ઘટોત્કચ ઘરમાં જઈને માતાને બોલાવી લાવે છે. પણ હિડિમ્બા જુવે છે કે પુત્ર ઘટોત્કચ પોતાના સૌભાગ્યદેવ ભીમસેનને જ પકડી લાવ્યો છે ! હિડિમ્બા ભીમને પગે લાગે છે અને ઘટોત્કચને પણ પ્રણામ કરવા જણાવે છે. છેલ્લે પિતા, પુત્ર અને માતા ભેગા મળીને બ્રાહ્મણ કુટુમ્બને આશ્રમના દ્વાર સુધી વળાવવા જાય છે અને રૂપક પૂરું થાય છે.

[૪] 'મધ્યમવ્યાયોગ'ની આધાર સામગ્રી

મહાકવિ ભાસે 'મધ્યમ-વ્યાયોગ'ની રચના કરવા માટે મહાભારત (હિડિમ્બવધ-પર્વ અને બકાસુર વધ)નો તથા ઐતરેય બ્રાહ્મણમાં આવતી શુનઃશેપની કથાનો ઉપયોગ કર્યો હોય એવું જણાય છે.

હિડિમ્બ વધ પર્વના પ્રથમ સ્કંધના નવમા અધ્યાયમાં જોવા મળે છે કે-પાંડવો વનમાંથી પસાર થઈ રહ્યા છે ત્યારે હિડિમ્બ નામના રાક્ષસને માણસોની ગંધ આવે છે. તે પોતાની બહેન હિડિમ્બાને એ માણસોને પકડી લાવવા મોકલે છે, પણ પાંડવોમાં ભીમને જોઈને હિડિમ્બા તેના પ્રેમમાં પડી જાય છે. હિડિમ્બ આવીને આ બધું જુવે છે. તે હિડિમ્બાને મારી નાખવાની ધમકી આપે છે. પછી ભીમ જોડે દલીલોમાં ઉતરે છે. છેવટે ભીમ હિડિમ્બા જોડે યુદ્ધ કરે છે અને તેને મારી નાખે છે. ભીમના મનમાં તો હિડિમ્બાને પણ મારી નાખવાનો વિચાર હોય છે. પણ તે હિડિમ્બાની માંગણી સ્વીકારે છે અને તેને પરણે છે. થોડાક સમય પછી તે હિડિમ્બા 'ઘટોત્કચ' (Potsherd) (= ઊંધા ઘડા જેવા, ઉખરડી ગયેલા વાળવાળો)ને જન્મ આપે છે અને ભીમથી છુટી પડે છે. આ કથામાંથી ભાસે ત્રણ પાત્રો-ભીમસેન, ઘટોત્કચ અને હિડિમ્બાને પોતાના રૂપકમાં લીધા છે. પરંતુ ઘટોત્કચ પોતાના જ પિતા સાથે - તેમને

ઓળખતો નથી એવી ક્ષણોમાં - યુદ્ધ કરે છે અને અંતે હિડિમ્બા સાથે ભીમસેનનું મિલન થાય છે એ બન્ને ઘટનાઓ ભાસની કલ્પનાનું વિલસિત છે. પરિણામે કૃતક-યુદ્ધના દૃશ્ય વખતે પ્રેક્ષકો વીર રસની પશ્ચાદ્ભૂમિકામાં રહેલા હળવા હાસ્યને માણે છે.

બકાસુર-વધ પ્રસંગમાં વર્ણવ્યા મુજબ એક બ્રાહ્મણ કુટુમ્બના વારામાં અજ્ઞાતવાસમાં રહેલો, ભીમસેન બકાસુર પાસે ભક્ષ્ય બનીને જવા તૈયાર થાય છે અને બ્રાહ્મણકુટુંબને બચાવી લે છે. અહીં પણ કેશવદાસ નામના બ્રાહ્મણને કુટુંબ સહિત ઘટોત્કચે પકડ્યો છે, ત્યારે ભીમસેન તે બ્રાહ્મણના બદલામાં હિડિમ્બાનો ભક્ષ્ય બનીને જવા તૈયાર થાય છે, એવું બતાવ્યું છે.

કેશવદાસ જ્યારે ઘટોત્કચને પૂછે છે કે અમારો કોઈ રીતે છુટકારો છે ? ત્યારે ઘટોત્કચે 'કોઈ એક પુત્રને સોંપી દઈને બાકીના બે પુત્રો બચાવી શકાશે.' એમ કહ્યું. આ પછી ત્રણે ભાઈઓ વચ્ચે કુટુંબની રક્ષાર્થે આત્મ-સમર્પણની સ્પર્ધા શરૂ થાય છે. પણ પિતા જ્યેષ્ઠ પુત્રને ઇષ્ટતમ ગણી મોકલવા તૈયાર નથી અને માતા કનિષ્ઠ પુત્રને પોતાના ખોળામાં લઈ લે છે. બાકી રહે છે બિચારો વચેટ - મધ્યમપુત્ર, જે હિડિમ્બાનો ભક્ષ્ય બનવા તૈયાર થાય છે. આવી જ એક કથા ઐતરેય બ્રાહ્મણમાં પણ જોવા મળે છે : ઋષિ અજીગત સૌયવસિ પોતાના મોટા પુત્રને વ્હાલો કરે છે અને સૌથી નાના પુત્રને માતા વ્હાલો કરે છે. હવે બાકી રહેલા મધ્યમપુત્ર-શુનઃશેપને ઋષિપિતા બલિ તરીકે વેચવા તૈયાર થાય છે. અલબત્ત, આ ઐતરેય બ્રાહ્મણની કથામાં કેટલાક અનાગરિક વિચારો છે જેનું ભાસે પ્રતિબિંબ ઝીલ્યું નથી. ભાસે તો ત્રણેય ભાઈઓમાં આત્મસમર્પણની એકસરખી ભાવના પ્રકટી રહી છે એમ બતાવ્યું છે અને એક વખત જ્યેષ્ઠ અને કનિષ્ઠને વ્હાલા કરી લીધા પછી, ઘટોત્કચ મધ્યમનું નામ પૂછે છે ત્યારે તે નામ જણાવતો નથી. જ્યારે મૂળ ઐતરેય બ્રાહ્મણની કથામાં તો ઋષિપિતા પોતે જ મધ્યમપુત્ર શુનઃશેપને ધન લઈને બલિ તરીકે વેચે છે એવી વાત છે.

[૫] શીર્ષકની સમજૂતી

આ રૂપકનું 'મધ્યમ-વ્યાયોગ' એવું નામ છે કારણ કે તે દશ પ્રકારના રૂપકોમાંથી "વ્યાયોગ" પ્રકારનું છે અને તેમાં બે મધ્યમ-પાત્રો આવી મળે છે. અથવા કહો કે તેમાં 'મધ્યમ'નું પાત્ર મુખ્ય છે. આથી મધ્યમવ્યાયોગઃ એવા શીર્ષકને વ્યાકરણની દૃષ્ટિએ સમજવું હોય તો નીચે પ્રમાણે વિગ્રહ કરવો પડે :

૧. मध्यमम् अधिकृत्य कृतः व्यायोग इति मध्यमव्यायोगः ॥

પાંડવ (કૌંતેય) મધ્યમ ભીમ અને કેશવદાસ બ્રાહ્મણના ત્રણ પુત્રોમાંથી જે મધ્યમ પુત્ર-તે બન્નેને મધ્યમ શબ્દ એકસરખો લાગુ પડે છે. આવા 'મધ્યમ' પાત્રને અનુલક્ષીને રચવામાં આવેલા વ્યાયોગ પ્રકારના રૂપકને "મધ્યમવ્યાયોગ" કહેવાશે.

*

શીર્ષકમાં વપરાયેલા 'વ્યાયોગ' શબ્દની અન્વર્થતા સિદ્ધ કરવા માટે આ શીર્ષકને બીજી બે રીતે પણ વિગૃહીત કરવામાં આવે છે –

૨. मध्यमस्य (भीमस्य) (पत्नीपुत्राभ्यां = हिडिम्बा-घटोत्कचाभ्यां सह) व्यायोगः (विशेषेण संयोगः) इति मध्यमव्यायोगः ॥

પાંડવોમાં મધ્યમ ભીમનો તેની પત્ની હિડિમ્બા અને પુત્ર ઘટોત્કચની સાથે વિશિષ્ટ રીતે સંયોગ થતો જેમાં નિરૂપાયો છે તે રૂપકને 'મધ્યમવ્યાયોગ' કહેવાય છે.

અને/અથવા

मध्यमस्य पितृभ्यां बंधुभ्याञ्च सह व्यायोग इति मध्यमव्यायोगः ॥

મધ્યમ બ્રાહ્મણપુત્રનો તેના માતાપિતાની સાથે અને બે ભાઈઓની સાથે (પુનઃ) સંયોગ થતો જેમાં વર્ણવાયો છે તે રૂપકને 'મધ્યમવ્યાયોગ' કહે છે.

૩. मध्यमौ (भीमो व्राह्मणकुमारश्च) व्यायुज्येते (विशेषेण संयुज्येते) इति मध्यमव्यायोगः ॥

બે મર્ધ્યમો- (૧) કૌન્તેય મધ્યમ ભીમ અને (૨) બ્રાહ્મણકુમારોમાં મધ્યમનો જેમાં વિશેષ મેળાપ નિરૂપાયો છે તેવા વ્યાયોગને 'મધ્યમવ્યાયોગ' કહેવાય છે : the work where the two Madhyamas are brought together. Bhāsa : A study, by Pushalkar, p. 201 કવિ ભાસે શીર્ષકની આ બધી જ સંભવિત અર્થચ્છાયાઓને મનમાં રાખીને मध्यमव्यायोगः ॥ એવું શીર્ષક રાખ્યું હશે.*

[૬] 'મધ્યમ'નું રસદર્શન

"આ નાના બનાવના નાટકમાંથી કવિની વસ્તુસંવિધાનની કલાનું યોગ્ય ભાન થઈ શકે નહિ-તો પણ તંગ ભાવોમાં ધુંધવાઈ જતા કાર્યને છૂટું કરવાની યુક્તિઓની સ્વાભાવિકતા નોંધવા જેવી છે." પરીખ ર. છો. **પુરાતત્ત્વ** પુસ્તક ૩, પૃ. ૬૧.

*

"આ એકાંકી નાટકની રચનામાં કવિની એક પ્રકારની શક્તિનું ખાસ ભાન થાય છે. ભાવોના ક્રમિક આરોહ અવરોહની-ભરતી ઓટની-અને સુઘટિત રીતે એક ભાવનું બીજા ભાવમાં પરિવર્તન (કરાવવા)ની (શક્તિનું ખાસ ભાન થાય છે)." એજન.

*

સૂત્રધારે 'સ્થાપના'માં લાઘવથી, પણ સચોટ રીતે ભયજનક પરિસ્થિતિનો ખ્યાલ આપી દીધો છે : 'જેવી રીતે વાછરડા સહિતની ગાયવાળો વૃષભ વ્યાઘ્રથી અનુસરાતાં સન્ત્રસ્ત થઈ ઊઠે, તેવી રીતે તરુણ પુત્રો અને પત્નીથી વિંટળાયેલો આ વૃદ્ધ બ્રાહ્મણ પોતાની પાછળ રાક્ષસ પડતાં આકુળતા પામી રહ્યો છે.' આમ પ્રેક્ષકોના જીવ ઊંચા કરી નાખતું દૃશ્ય રજૂ થાય છે.

---

* પ્રોફે. ડોલરરાય માંકડ આ રૂપકને વ્યાયોગ પ્રકારનું રૂપક ગણવા તૈયાર નથી. કેમકે તેમાં ભીમ-હિડિમ્બાનું પુનર્મિલન નિરૂપાયું છે. તેમના મતે આ રૂપકને ઈહામૃગ પ્રકારનું ગણવું જોઈએ.

મોઃ तात ! को नु खलु एषः । 'અરે પિતાજી ! આ કોણ છે ? પુત્રોની એવી ત્રાસજનિત ઉક્તિઓથી ગભરાઈ ઊઠેલો અને દયાજનક પરિસ્થિતિમાં મૂકાઈ ગયેલો વૃદ્ધ માણસ રંગભૂમિ ઉપર પ્રવેશ કરે છે. તેને પણ પ્રશ્ન થાય છે કે આ કોણ હશે ? કેશવદાસ નામનો બ્રાહ્મણ પોતે વૃદ્ધ છે અને સામે યુવાન રાક્ષસ છે. આથી ભયભીત તો છે જ. પણ પોતે કુટુંબનો વડીલ હોવાથી હિંમત હારે ચાલે એમ નથી. એને ઘટોત્કચની દેહાકૃતિમાં યુગનો પ્રલય કરનારા શંકરની પ્રતિમા દેખાઈ રહી છે. જ્યેષ્ઠ પુત્રને એ નવા કાળા વાદળ જેવો દેખાય છે, દ્વિતીય પુત્રને તે શંકરનો રોષ હોય એવો જણાય છે અને તૃતીય પુત્રને તો સાક્ષાત્ માનવશરીરધારી મૃત્યુ જ ભાસે છે. બ્રાહ્મણની પત્ની આ પુરુષપાત્રો જેટલી સ્વસ્થ નથી. કેશવદાસ અને તેના ત્રણેય પુત્રો તો ઘટોત્કચની ભયંકર આકૃતિમાં કોઈક ઉપમાનને શોધી શકે છે, પણ આ બ્રાહ્મણની પત્ની અબલા હોવાથી માત્ર એટલો જ પ્રશ્ન કરી શકે છે કે આર્ય ! આપણને આ કોણ સંતાપ આપી રહ્યો છે ? આ સંવાદથી બ્રાહ્મણ કુટુંબની ભયગ્રસ્તતા સુસ્પષ્ટ થઈ જાય છે. ઘટોત્કચને પણ લાગે છે કે આ વૃદ્ધ બ્રાહ્મણમાં પોતાના પુત્રો અને પત્નીની રક્ષા કરવાની શક્તિ નથી અને મારા ભયથી એના ધૈર્યનો નાશ થયો છે. તે બ્રાહ્મણને ન જવા જણાવે છે. એક તરફથી બ્રાહ્મણે પોતે અને એના પુત્રોએ વારાફરતી ઘટોત્કચને યુગસંહારક શંકર, શંકરના રોષ જેવો, સાક્ષાત્ મૃત્યુ જેવો, પીળી આંખોવાળો, સૂર્યકિરણ જેવા વિખરાયેલા કેશવાળો, સુવર્ણ જેવા કેશવાળો, પીળાં રેશમી વસ્ત્રોવાળો, સફેદ ઊંચી દંષ્ટ્રાવાળો, લાંબા નાકવાળો અને ઘનશ્યામ કહ્યો છે. પણ વૃદ્ધ બ્રાહ્મણને એની વાણી વિચારશીલ પુરુષ જેવી લાગે છે ! શ્રી રસિકલાલ છો. પરીખ લખે છે કે-"ભયંકરતાનું ઉદ્દામ થતું-અસહ્ય થતું-વાતાવરણ જરા નરમ બને છે. ઘટોત્કચના પાત્રનિરૂપણમાં કવિને વિવિધ ભાવોને-પરસ્પર વિરુદ્ધ ભાવોને-એકત્રિત કરવાનાં છે. એનો પ્રથમ આવિષ્કાર એની ભયંકર આકૃતિ અને સવિમર્શ વાણીમાં દેખાય છે. આવા પાત્રના નિરૂપણની સફળતા જેમ કવિની નિપુણતાની આશા રાખે છે તેમ, - તેનાથી વધારે - નટની નિપુણતાની રાખે છે. નટ જો આ સ્થાને યોગ્ય અભિનય ન કરી શકે તો નાટક નિષ્ફળ જાય !" (એજન પૃ. ૫૬)

બ્રાહ્મણને ઘટોત્કચની વાણીમાં જે વિચારશીલતા દેખાઈ છે, તેનો પડઘો ઘટોત્કચના વાક્યમાં જોવા મળે છે : બ્રાહ્મણો આ પૃથિવી ઉપર પૂજ્યતમ ગણાયા છે. પણ માતાની આજ્ઞા છે કે 'કોઈક માણસને પકડી લાવ;' એટલે આ પકડાયેલું કુટુમ્બ બ્રાહ્મણનું હોવા છતાંય એને છોડી નહીં શકાય. આજે આ અકાર્ય પણ કરવું પડશે. ખરેખર આ કષ્ટદાયક પરિસ્થિતિ ઊભી થઈ છે. બ્રાહ્મણ વધુ ગભરાય છે. એને એક મુનિએ કહેલી ચેતવણી જ યાદ આવે છે કે આ વનમાં રાક્ષસોનો ઉપદ્રવ છે. પણ આવી ચેતવણી યાદ આવવાનો શો અર્થ ? બ્રાહ્મણીને પતિ કેશવદાસની તટસ્થ નિષ્ક્રિયતા ઉપર ચીડ ચઢે છે. તે કોઈકને બૂમો પાડવાનું સૂચવે છે. પણ જ્યેષ્ઠ પુત્રને થાય છે કે આ જંગલ મનસ્વી પુરુષો સિવાય બીજું કોઈ જીરવી શકે એમ નથી. અહીં કોણ મદદ કરનાર હશે ? હવે પછીના સંવાદમાં આશા—નિરાશાની જે ભરતી—ઓટ રજૂ થઈ છે તે કવિ ભાસની સંવાદકળાનો ઉત્તમ નમુનો પૂરો પાડે છે. માતાએ સૂચવેલા બૂમો પાડવાના ઉપાયને વ્યર્થ ગણતો જ્યેષ્ઠપુત્ર જ્યારે એમ

કહે છે કે આ વનમાં તો મનસ્વીઓ જ રહી શકે; ત્યારે બ્રાહ્મણની બુદ્ધિ 'મનસ્વી-જનોના નિવાસને યોગ્ય' શબ્દ સાંભળી એકદમ સતેજ થઈ જાય છે. એને એક આશાનું કિરણ હાથ લાગે છે. મનસ્વીઓમાં શ્રેષ્ઠ એવા પાંડવોનો આશ્રમ અહીં નજીકમાં હશે એવું તે અનુમાન કરે છે. પણ જ્યેષ્ઠ પુત્રનું વક્તવ્ય આગળ વધે છે. તે કહે છે કે પાંડવો અહીં વનમાં હોય એવું મને લાગતું નથી. રસ્તામાં મળેલા કોઈક બ્રાહ્મણે તેને જણાવ્યું છે કે પાંડવો તો ધૌમ્ય ઋષિના આશ્રમમાં ગયા છે. વૃદ્ધની આશા ઉપર પાણી ફરી વળે છે. પણ જ્યેષ્ઠ પુત્ર કહે છે કે બધા પાંડવો નથી ગયા. આશ્રમનું રક્ષણ કરવા માટે મધ્યમને ભીમને અહીં મૂકતા ગયા છે. અધીરો વૃદ્ધ બ્રાહ્મણ માની લે છે કે તો તો બધા પાંડવો નજીકમાં જ છે એમ કહેવાય. એ પૂરું સાંભળતોય નથી કે અત્યારે ભીમ અહીં હાજર છે કે નહીં. જ્યેષ્ઠ પુત્ર ઉમેરે છે કે અત્યારે ભીમ વ્યાયામ કરવા દૂર ગયો છે. વૃદ્ધ બ્રાહ્મણ હવે સાવ નિરાશ થઈ જાય છે. શ્રી ર. છો. પરીખ જણાવે છે કે - "આ સંવાદમાં વૃદ્ધ બ્રાહ્મણનું ચિત્ત આશા–નિરાશાના મોજાંમાં કેવું ચડે છે અને પડે છે તેનું સૂક્ષ્મદર્શન કવિએ કરાવ્યું છે. બ્રાહ્મણ ભયમાંથી બચી જવાને એટલો આતુર છે કે તેના દીકરાની પૂરી વાત સાંભળવા જેટલીએ તેનામાં ધીરજ રહેતી નથી ! આ અધીરાઈ જ તેની આશા–નિરાશા વચ્ચે ખેંચાખેંચ કરાવે છે. છેવટનો (૧) નિરાશાનો ફટકો તેને કંઈક વધારે ડાહ્યો બનાવે છે; અને તે રાક્ષસને જ વિનંતી કરવાનો વિચાર કરે છે. આ માનસિક નાટકનો એક અંક અહીં પૂરો થાય છે.

વેરાન જંગલમાં એક બ્રાહ્મણ કુટુમ્બ એક રાક્ષસના પંજામાં સપડાઈ જાય છે. તેમના ત્રાસનું અને તેમાંથી બચવા તેઓ જે ફાંફાં મારે છે તેનું કવિએ તે તે ભાવમાં સામાજિકોને તલ્લીન કરતું દૃશ્ય રજૂ કરી દીધું.

ત્રાસનું – શોકનું – નિરાશાનું વાતાવરણ અસહ્ય થાય એ પહેલાં કુશળ કવિ તેને બીજા પ્રકારની મનોદશામાં લઈ જાય છે; અને તેની સાથે કાર્ય આગળ વધે છે. ફોગટ ફાંફા મારવાનું છોડી દઈ આ રાક્ષસને જ વિનંતી કરવી યોગ્ય છે એમ ધારી કેશવદાસ ઘટોત્કચને પૂછે છે. - 'અરે પુરુષ કોઈ રીતે છૂટકારો છે ? (૨) કેશવદાસ આમ પૂછવાને પ્રેરાય તેનું એક બીજું કારણ પણ કલ્પી શકાય એમ છે. જે વખતે આ બ્રાહ્મણ કુટુમ્બ, ઉપર જણાવેલી સ્થિતિનું દર્દ અનુભવતું હતું ત્યારે ઘટોત્કચ શું કરતો હતો ? ઘટોત્કચ કોઈ અવિચારી ક્રુર રાક્ષસ નથી એમ કેશવદાસે જ જણાવ્યું છે. તો પછી આપણે એમ કલ્પીએ એ સ્વાભાવિક છે કે આ કુટુમ્બનું દુઃખ તેનામાં દયાના અને મૃદુતાના ભાવો પેદા કરતું હોય, આ ભાવો તેના મુખ ઉપર વ્યક્ત થતા હશે. આ કલ્પનાની આવશ્યકતા અને ઉચિતતા તેને ભજવાતું જોઈએ તો તુરત સ્પષ્ટ થાય ! જે સમયે આ આખું કુટુંબ ઉપર જણાવેલી દશામાંથી પસાર થતું હોય તે સમયે ઘટોત્કચ જડ જેવો ઊભો રહે એ તદ્દન અજુગતું લાગે છે. આ સ્થાને કુશળ નટ પોતાના મૂક અભિનયથી રસનિષ્પત્તિમાં કોઈ અલૌકિક ઉમેરો કરી શકે. ઘટોત્ચકનું દયાની આશા આપતું મ્હોઢું પણ સંભવ છે કે કેશવદાસને વિનંતી કરવા પ્રેરતું હોય !" (એજન પૃ. ૫૭, ૫૮).

ઘટોત્કચ ત્રણમાંથી એક પુત્રની માંગણી કરે છે. જો તેને એક પુત્ર આપી દેવામાં આવે તો તે આખા કુટુંબને છોડી દેવા તૈયાર છે અને જો એક પુત્ર પણ આપવાની વૃદ્ધ બ્રાહ્મણ

આનાકાની કરવાનો હોય તો, ઘટોત્કચ કહે છે કે - એક જ ક્ષણમાં આખા કુટુંબનો નાશ કરીશ. આથી વૃદ્ધબ્રાહ્મણ પોતે જ મરવા તૈયાર થાય છે. પણ વૃદ્ધ બ્રાહ્મણને છોડાવવા તેની પતિવ્રતા પત્ની આગળ આવે છે. તે પોતે તે ઘટોત્કચની માતાનો આહાર બનવા તૈયાર છે. ત્યાર પછી માતાપિતાના અને ભાઈઓના પ્રાણોનું રક્ષણ કરવા ત્રણેય પુત્રો વારાફરતી આત્મ-સમર્પણ કરવા - બલિ બનવા તૈયાર થઈ જાય છે. આમ 'ભયની સ્થગિત કરી નાખતી દશા બદલાઈ જાય છે.' ...'ભયના ઘનઘોર વાદળમાંથી આત્મબલિદાનના પ્રકાશમાં, નિરાશાની કર્મશૂન્યતામાંથી મરવાની હરીફાઈના વાતાવરણમાં કવિ આપણને લાવી મૂકે છે. પણ આ હરીફાઈ એટલી સાચી છે કે એનો અંત આવવો જ મુશ્કેલ છે અને કાર્ય આગળ કેમ ચલાવવું એ પણ પ્રશ્ન થઈ પડ્યો છે. પણ કુશળ કવિને શુનઃશેપની વાત સ્મરણમાં છે. તે જંગલી બનાવનો કવિ આ સ્થાને મર્મભેદી ઉપયોગ કરે છે.' (એજન પૃ. ૫૮, ૫૯).

ત્રણે ભાઈઓ વચ્ચે ચાલતી આત્મસમર્પણની બીજી વખતની સ્પર્ધામાં પિતા જ્યેષ્ઠ પુત્રને ઈષ્ટતમ કહી પોતાની પાસે રાખી લે છે અને માતા કનિષ્ઠને લાડકો ગણી સોડમાં લે છે. માતા-પિતાને અનિષ્ઠ એવો બિચારો મધ્યમ ઘટોત્કચને પ્રિય થઈ પડે છે ! તે બલિ બનવા તૈયાર થઈ જાય છે. રાક્ષસની મંજૂરી લઈ તે મૃત્યુ પૂર્વેની તૃષા છીપાવવા નજીકના તળાવ પાસે જાય છે.

ભયથી આરંભાયેલું વાતાવરણ આત્મ-સમર્પણની સ્પર્ધામાંથી પસાર થઈને શોકના વાતાવરણમાં આવીને ઊભું રહે છે.

મધ્યમને પાણી પીને આવતાં થોડીક વાર લાગે છે. આ બાજુ, ઘટોત્કચની માતાની આહારવેળા વીતી જતી હોય છે. તેથી ઘટોત્કચ એ વૃદ્ધ બ્રાહ્મણને કહે છે કે તારા પુત્રને બોલાવ. પણ જ્યેષ્ઠ પુત્રને એકવાર વ્હાલો કરી લીધા પછી, બ્રાહ્મણ એને પુત્રને બોલાવવા કે એનું નામ સરખુંય આપવા તૈયાર નથી. શુનઃશેપની વાર્તામાંથી માતા-પિતા અનુક્રમે કનિષ્ઠ અને જ્યેષ્ઠ પુત્રને વ્હાલા ગણી સાચવી લે છે એટલો જ અંશ ભાસે સ્વીકાર્યો છે. પણ વચેટ-મધ્યમ-પુત્રને અવ્હાલો ગણી વેચવા તૈયાર થતા તે ઋષિપિતાનું પ્રતિબિંબ તેમણે અહીં ઝીલ્યું નથી. ઘટોત્કચના ભયથી જ્યેષ્ઠ પુત્ર "બિચારો મધ્યમ" એમ બોલી પડે છે. એટલે ઘટોત્કચ 'મધ્યમ' શબ્દથી બૂમો પાડવાનું શરૂ કરે છે. અહીંથી ત્રીજા દશ્યની શરૂઆત થાય છે. 'મધ્યમ' એવી બૂમો સાંભળીને પાંડવોમાં મધ્યમ ભીમને લાગે છે કે મને કોઈ બોલાવી રહ્યું છે. તે રંગભૂમિ ઉપર પ્રવેશ કરે છે.

*

ઘટોત્કચ કહે છે કે હું મધ્યમને બોલાવું છું. ભીમ કહે છે કે હા, તેથી જ હું આવ્યો છું. અહીં 'મધ્યમ' શબ્દ બન્નેને લાગુ પડે છે. જે બ્રાહ્મણનો પુત્ર બલિ બનવા તૈયાર થયો છે તે પણ 'મધ્યમ' છે અને કુન્તાના ત્રણ પુત્રો-યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન-માંથી ભીમ પણ મધ્યમ છે. આમ 'મધ્યમ.....મધ્યમ' એવી બૂમોથી બે મધ્યમો આ રૂપકમાં આવી મળે છે-ભેગા થઈ જાય છે ! આ પ્રસંગને આધારે જ કવિએ આ રૂપકનું નામ "મધ્યમવ્યાયોગ" રાખ્યું છે.

*

વૃદ્ધ બ્રાહ્મણ ભીમસેનને પોતાનું સંકટ સમજાવે છે. ભીમ ઘટોત્કચને આજ્ઞા કરે છે કે આ બ્રાહ્મણને છોડી દે. ઘટોત્કચ કહે છે કે નહીં છોડું. શોકના વાતાવરણમાંથી રસાકસીના વાતાવરણમાં-વીર રસ તરફ રૂપક ગતિ કરે છે. વ્યાયોગ પ્રકારના રૂપકની આવશ્યક શરત છે કે તેમાં હાસ્ય અને શૃંગાર રસ સિવાયના, બાકીના ભયાનક, રૌદ્ર, વીરાદિ છ દીપ્ત રસોનું નિરૂપણ હોય. અજ્ઞાત પિતા-પુત્ર સામસામે આવીને ઊભા રહે છે. (અગાઉ જણાવ્યું છે તેમ પ્રસ્તુત રૂપકનું આ ત્રીજું મનોહર દશ્ય છે.) ઘટોત્કચ પોતાની સ્થિતિ વધુ સ્પષ્ટ કરે છે કે મારા પિતા કહે કે આને છોડી મૂક, તો પણ ન છોડું કેમકે માતાની આજ્ઞાથી આને પકડ્યો છે. ભીમ એની 'માતા કોણ છે ?' એવો પ્રશ્ન કરીને, જાણી લે છે કે એની માતા તો હિડિમ્બા છે ! ભીમને મનોમન ઓળખાણ પડી જાય છે કે આ ઘટોત્કચ હિડિમ્બાથી ઉત્પન્ન થયેલો પોતાનો જ પુત્ર છે. "હવેની રસાકસીનું રૂપ જરા બદલાય છે - વાસ્તવિક પ્રતિસ્પર્ધાનું સ્થાન મશ્કરી લે છે – લાડ લે છે. અનેક ઉદ્દામ ભાવોનો અનુભવ કર્યાથી તંગ થઈ ગયેલું સામાજિકોનું ચિત્ત આ સુંદર હૃદયંગમ વિનોદથી-હાસ્યથી હલકું થઈ જાય છે. આ પ્રસંગના સંવિધાનમાં પણ કવિએ પોતાની નિપુણતા બતાવી છે." (એજન પૃ. ૬૦).

ભીમ ઘટોત્કચની સાથે નિયુદ્ધ-મલ્લયુદ્ધ કરીને, તેની શક્તિનું માપ કાઢવાનો પ્રયત્ન કરે છે. પિતા-પુત્રનું આ યુદ્ધ-ઘટોત્કચને પક્ષેથી સાચું અને ભીમને પક્ષેથી કૃતક-પ્રેક્ષકોને વીરસનો અને પશ્ચાદ્ભૂમિમાં રહેલા હાસ્યનો અનુભવ કરાવે છે. (આવું જ એક દશ્ય, આ જ કવિએ 'પંચરાત્ર'માં પણ મૂક્યું છે. આની હવે પછી જુદી નોંધ લઈશું.) છેવટે ભીમ ઘટોત્કચને અનુસરે છે અને હિડિમ્બાની ઉપસ્થિતિમાં પુત્ર પોતાના પિતાને ઓળખે છે. એક તરફથી માતા, પિતા અને પુત્રનું મંગલ મિલન અને બીજી તરફ, બ્રાહ્મણ કુટુમ્બનો અક્ષત બચાવ નિરૂપીને સુખાનુભવ કરાવતાં રૂપકનો કવિ અંત આણે છે.

ભય, આત્મસમર્પણની સ્પર્ધા અને શોકના ભાવો, પછી અજ્ઞાત પિતાપુત્રની પ્રતિસ્પર્ધી તરીકે રજૂઆત અને છેલ્લે કૃતક યુદ્ધથી નિરૂપાતું વાત્સલ્યભર્યું દશ્ય પ્રેક્ષકને રૂપકના કાર્યવેગની સાથે સતત બાંધી રાખે છે. અહીં ભાવોના આરોહ-અવરોહની રજૂઆત કવિએ "વર્ણનોથી કરી નથી, પણ સતત વિકાસ પામતા કાર્યના સ્વાભાવિક પ્રસંગોથી. વર્ણનાત્મક શ્લોકો તે તે ભાવોને જમાવવાનું કાર્ય કરે છે; જ્યારે બીજા શ્લોકો ખાસ કરીને અનુષ્ટુપો તો ઉદ્દામ ભાવવાળા પ્રસંગો વ્યક્ત કરી કાર્યની પ્રગતિમાં સાહાય્ય કરે છે." (એજન પૃ. ૬૧).

[૭] વાત્સલ્ય – રસ

'ભાસનું પ્રેમનિરૂપણ' એ વિષય વિષે શ્રી ર. છો. પરીખ જણાવે છે કે સંસ્કૃત પરંપરા પ્રમાણે શૃંગારરસનો સ્થાયીભાવ રતિ મનાય છે અને રતિનો આધાર જે બે માનવો વચ્ચે રતિ કે પ્રેમ હોય તેમની પરસ્પરની આસ્થામાં છે. એ દષ્ટિએ જેમ સ્ત્રી-પુરુષ વચ્ચેનો આસ્થામૂલક પ્રેમ રતિ કહેવાય તેમ દેવ કે ગુરુ કે વડીલ ઉપરની આસ્થાને પણ રતિ કહેવાય, પરંતુ તે ભક્તિના નામે ઓળખાય. તે જ પ્રમાણે સમવયસ્ક પુરુષમિત્ર ઉપરની આસ્થાનિષ્ઠ રતિ સ્નેહ કહેવાય, પોતાથી નાના ભાઈ, પુત્ર વગેરે ઉપરની રતિ વાત્સલ્ય કહેવાય. આવા

વ્યાપક અર્થમાં જો પ્રેમને લઈએ તો ભક્તિ અને વાત્સલ્યનાં મનોહારી નિરૂપણો ભાસની કેટલીક નાટ્યકૃતિઓમાં છે. જેમકે, **મધ્યમવ્યાયોગ**માં ઘટોત્કચ અને ભીમ પરસ્પરને અજ્ઞાત એવા મળે છે અને ભીમને ક્રમે ક્રમે ઘટોત્કચ હિડિમ્બાનો પુત્ર છે એવું જણાય છે. ત્યારે ઘટોત્કચને હજી ખબર નથી કે ભીમ એનો પિતા છે. ભીમ એને લાડમાં ચીડવે છે. બન્ને વચ્ચે યુદ્ધ થાય છે. અલબત્ત ભીમપક્ષે તો લાડ જ. અને હિડમ્બાના પ્રવેશથી ઘટોત્કચને પણ ખબર પડે છે જેની સાથે તે લડ્યો એ એનો પિતા છે. ઘટોત્કચ પિતાની ક્ષમા માંગે છે. ક્ષમા માંગતા કહે છે ધાર્તરાષ્ટ્ર અર્થાત્ દુર્યોધન આદિ સો ભાઈ રૂપી વૃક્ષોના વનનો દાવાનલ તે હું ઘટોત્કચ, આપને વન્દન કરું છું. પુત્રના ચાપલને આપ ક્ષમા કરજો.' ભીમ એને ભેટીને ઉદ્ગાર કાઢે છે : આ તે ધાર્તરાષ્ટ્ર વનનો દાવાનલ. પિતૃઓનાં હૃદયો પુત્રાપેક્ષી હોય છે અને પછી આશીર્વાદ આપે છે : 'અતિબલ પરાક્રમી થા.' અને એ જ પ્રમાણે 'પંચરાત્ર'માં વિરાટના ગોગ્રહણ પ્રસંગના યુદ્ધમાં ભીમસેન કૌરવો સાથે આવેલા અભિમન્યુને રથમાંથી ઊંચકી લે છે. ભીમ તો રસોયાના રૂપમાં છે. એટલે અભિમન્યુ તેને ઓળખતો નથી. બૃહન્નલા રૂપી અર્જુનને તેની ખબર પડે છે ત્યારે કહે છે કે પોતે તો દૂરથી પુત્રને જોઈને સંતોષ પામ્યો પણ આર્યભીમ તો એને પકડવાને બહાને ભેટ્યા. પછી ભીમ અભિમન્યુને લઈને આવે છે અને પછી અજ્ઞાત વેશધારી ભીમ તથા અર્જુન અને અભિમન્યુ વચ્ચે જે ટપાટપી થાય છે તે વાત્સલ્યનું કહો કે લાડનું કહો એનું સાહિત્યમાં એક ઉત્કૃષ્ટ નિરૂપણ છે." (પરીખ ર. છો. "આકાશભાષિત", પ્રકા. આર. આર. શેઠની કંપની, અમદાવાદ ૧૯૭૪, પૃ-૭૩, ૭૪).

*

ઉપરની ચર્ચામાં, શ્રી ર. છો. પરીખે પ્રેમને વ્યાપક અર્થમાં લઈને 'મધ્યમવ્યાયોગ'માં શૃંગાર રસનું પણ નિરૂપણ છે એવું દર્શાવ્યું છે. પરંતુ 'વ્યાયોગ' પ્રકારના રૂપકમાં હાસ્ય અને શૃઙ્ગાર સિવાયના ભયાનક, રૌદ્ર, વીરાદિ છ **દીપ્ત** રસો હોવા જોઈએ એવું નાટ્યશાસ્ત્રીઓએ સૂચવ્યું છે. જેમ કે,

अथ व्यायोगः–

ख्यातेतिवृत्तो व्यायोगः ख्यातोद्धत नराश्रयाः – ६० (b)

हीनो गर्भ विमर्शाभ्यां, दीप्ताः स्युर्डिमवद्रसाः ॥–६१ (a)

डिमः भवति–

रसैरहास्यशृङ्गारैः षड्भिर्दीप्तैः समन्वितः ॥ ५८ (b) ..

(दशरूपके तृतीयप्रकाशः)

તે વાતને ધ્યાનમાં રાખીને-પિતા ભીમસેનના આ વિશિષ્ટ લાડને ભાસના પ્રેમ નિરૂપણનો ભાગ ગણીને અટકી જવું ઉચિત નથી લાગતું. કૃતક યુદ્ધ કરીને પુત્ર ઘટોત્કચને લાડ લડાવી રહેલો ભીમ જ્યારે સ્વગત બોલે છે કે - कथं गृहीतोऽस्म्यनेन । भो सुयोधन ! वर्धते ते शत्रुपक्षः । कुतरक्षो भव !! "શું હું આનાથી બંધાઈ ગયો ! ? અરે સુયોધન !

તારો શત્રુપક્ષ મજબુત થઈ રહ્યો છે. સાચવજે તારી જાત.'' એ જ પ્રમાણે-ભીમને પ્રણામ કરતાં ઘટોત્કચ કહે છે કે अहं स धार्तराष्ट्रवनदवाग्निर्घटोत्कचोऽभिवादये ! 'આ તે ધાર્તરાષ્ટ્રવનનો દવાગ્નિ હું ઘટોત્કચ તમને અભિવાદન કરું છું.' તથા ભીમ પણ તે ધાર્તરાષ્ટ્રવનદવાગ્નિને એકદમ ભેટી પડે છે. એ પિતા-પુત્રના મિલનના દૃશ્ય વખતે ભાવિ યુદ્ધમાં આ ઘટોત્કચના હાથે જે સંહાર થવાની શક્યતા છે - ઘટોત્કચના પરાક્રમોની જે ભયાનકતા છે તેની તરફ કવિ અંગુલિનિર્દેશ કરીને પ્રકૃત હળવા વાતાવરણની પાછળ મહાભારતના યુદ્ધની ભયાનકતાનો સમુદ્ર ઘુઘવી રહ્યો છે તેનો અણસાર આપવા માંગે છે એ ન ભૂલાવું જોઈએ. ટૂંકમાં, વાત્સલ્યનાં દૃશ્યો પણ વ્યાયોગને પોષક એવા સ્વરૂપમાં જ મૂકવામાં આવ્યાં છે એમ કહેવાનો આંશય છે.

[૮] પાત્રાલેખન

'મધ્યમવ્યાયોગ'માં કેશવદાસ નામનો વૃદ્ધ બ્રાહ્મણ, તેની પત્ની બ્રાહ્મણી, તેનાં ત્રણ પુત્રો-જ્યેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ-, ઘટોત્કચ, ભીમ અને હિડિમ્બા એમ કુલ આઠ પાત્રો છે. આમાંથી બ્રાહ્મણી અને હિડિમ્બાને બાદ કરતાં બાકીના છ પુરુષ પાત્રો છે.

આ બધા પુરુષ પાત્રોમાંથી બ્રાહ્મણનો મધ્યમ પુત્ર, પાંડવો (= કૌન્તેયો)માં મધ્યમ ભીમસેન અને હિડિમ્બાનો પુત્ર ઘટોત્કચ મુખ્ય પુરુષ પાત્રો છે. મહાકવિ ભાસે તેમના પાત્રોનું ચરિત્રચિત્રણ કરવા માટે વર્ણનોનો નહીંવત્ ઉપયોગ કર્યો છે. ખરેખર તો, જે તે પાત્ર અમુક ચોક્કસ પરિસ્થિતિમાં કેવું વર્તન કરે છે, શું બોલે છે ? એના નિરૂપણમાં જ કાળજી રાખીને કવિએ જે તે પાત્રના મહિમાને-સ્વરૂપને ઉપસાવવાનો પ્રયત્ન કર્યો છે અને, આ રૂપક પૂરતી વાત કરીએ તો-તેમણે સફળતા પ્રાપ્ત કરી છે.

ભીમ : પ્રસ્તુત રૂપકમાં 'મધ્યમ' એવા શબ્દથી રંગભૂમિ ઉપર આર્કષાઈ આવેલો ભીમસેન મુખ્ય નાયક છે. કુન્તીના ત્રણ પુત્રો-યુધિષ્ઠિર, ભીમ અને અર્જુનમાંથી ભીમ 'મધ્યમ' છે તેને અહીં 'પાંડવમધ્યમ' (ખરેખર કૌંતેય મધ્યમ) તરીકે રજૂ કરવામાં આવ્યો છે. તથા ત્રણ બ્રાહ્મણકુમારોમાં જે મધ્યમ છે તે ઉપનાયક છે કેમ કે આ બન્ને મધ્યમોને ધ્યાનમાં રાખીને તો આ કૃતિનું 'મધ્યમ (વ્યાયોગ)' એવું નામ રાખવામાં આવ્યું છે. વળી, ભીમસેનને મુખ્ય નાયક ગણવા માટેનું જો કોઈ નાટ્યશાસ્ત્રીય કારણ હોય તો એ છે કે ભીમ આ રૂપકમાં ફલભોક્તા છે. રૂપકને અંતે તે પોતાની પત્ની અને પુત્રને મળે છે. (એ જ પ્રમાણે બ્રાહ્મણકુમારોમાં મધ્યમને ઉપનાયક એટલે કહીશું કે તેના પણ પોતાના પ્રાણોની રક્ષા થઈ છે.) રૂપકના અંત ભાગમાં વૃદ્ધ બ્રાહ્મણે કહ્યું છે કે - भो वृकोदर ! रक्षितमस्मत्कुलं स्वकुलमुद्धृतञ्च !

જેને માટે બાહુઓ જ સહજ આયુધ છે અને જેને 'ભય એટલે શું ?' એની ખબર નથી એવા પરાક્રમી ભીમમાં આત્મગૌરવ કે ગર્વની લાગણી અછતી રહેતી નથી. ઘટોત્કચ જ્યારે પૂછે છે કે શું આપ પણ 'મધ્યમ' છો ? ત્યારે તે જણાવે છે કે હું અવધ્ય પુરુષોમાં, શૌર્યોદ્ધત પુરુષોમાં, પૃથિવી ઉપર અને ભાઈઓમાં પણ મધ્યમ છું અને પાંચ મહાભૂતોમાં, રાજાઓમાં, જન્મની દૃષ્ટિએ આ બધા કાર્યોમાં પણ મધ્યમ છું જેમ દ્યુલોકને પૂર્ણ ચન્દ્રમા

સનાથ કરે તેમ કૌરવ્યકુળદીપક એવા આ મહાત્મા પાંડવે હિડિમ્બાને સનાથા કરી છે. કવિએ કહ્યું છે કે આ પાંડવમધ્યમ ભીમથી હિડિમ્બા રૂપી અરણિમાંથી ઘટોત્કચ રૂપી ધાર્તરાષ્ટ્રવનદવાગ્નિ ઉત્પન્ન થયો છે.

ભીમસેન સ્વરૂપની દૃષ્ટિએ દર્શનીય છે એવું ઘટોત્કચે કહ્યું છે. ઘટોત્કચ કરેલા વર્ણન મુજબ તે સિંહાકૃતિ છે, સુવર્ણના તાડવૃક્ષો જેવા તેના લાંબા બાહુઓ છે, કમરેથી તે પાતળો છે, ગરુડની પાંખોથી ઘસાયેલું વક્ષઃસ્થળ છે અને વિકસેલા કમળપત્ર જેવાં તેનાં નેત્ર છે. આથી તેને આભાસ થાય છે કે કદાચ આ વિષ્ણુ તો નહીં હોય ? ! સામે ઊભેલા ભીમને નહીં ઓળખતા ઘટોત્કચે પોતાના પિતા ભીમને વિશ્વકર્તા શિવ, કૃષ્ણ, શક્ર અને શક્તિધર યમ જેવો ગણાવ્યો છે. આમ સ્વરૂપમાં ભીમ બળવાન અને તેજસ્વી છે.

વૃદ્ધ બ્રાહ્મણના કહેવા મુજબ પાંડવો યુદ્ધપ્રિય છે અને છતાંય શરણાગતવત્સલ પણ છે. એનું મૂર્તિમંત ઉદાહરણ, આ રૂપકમાં ભીમ છે. બ્રાહ્મણ પાસેથી તેનું સંકટ સાંભળી લીધા પછી, 'બ્રાહ્મણનું રક્ષણ કરવું એ ક્ષત્રિયનો ધર્મ છે' એમ સમજીને તે ઘટોત્કચને પડકારે છે. બ્રાહ્મણકુમારને બદલે પોતે હિડિમ્બાનો ભક્ષ્ય બનીને જવા તૈયાર થાય છે. આમ, ભીમ ક્ષત્રિયધર્મથી સભાન છે એવું કવિએ બતાવ્યું છે.

'ભીમ' શબ્દ પોતે જ ભયંકરતાનો વાચક છે. અહીં પણ ભીમનું પરાક્રમીપણું સુન્દર રીતે ઉપસાવવામાં આવ્યું છે. જેમ કે, બીજા પાંડવો જ્યારે ધૌમ્યના આશ્રમમાં ગયા છે ત્યારે ભીમ આશ્રમનું રક્ષણ કરવા અહીં ઘોર વનમાં રોકાયો છે અને વ્યાયામપરિચર્યા કરવા નીકળે છે. રાક્ષસીનો પુત્ર ઘટોત્કચ તેની ઉપર વૃક્ષ ઉપાડીને ફેંકે છે, શૈલકૂટ ઉપાડીને ફેંકે છે, પણ તે સ્વસ્થ રહે છે ! મલ્લયુદ્ધમાં પણ તે ઘટોત્કચને ફાવવા દેતો નથી. અહીં એક નાનો, પણ નોંધપાત્ર ઉલ્લેખ છે : ઘટોત્કચ ભીમને માયાપાશથી બાંધવા, મંત્ર જપતાં પહેલાં 'પાણી ક્યાં છે ?' એવો પ્રશ્ન કરીને પર્વતમાંથી પાણી મેળવે છે. જ્યારે ભીમ તે માયાપાશમાંથી છુટવા માટે મંત્ર જપતાં પહેલાં બ્રાહ્મણકુમાર પાસે પાણી માંગે છે. આમાં કવિએ ઘટોત્કચને અતિમાનુષી અને ભીમને માનુષી પાત્ર તરીકે રજૂ કરેલ છે. છેવટે થાકીને ઘટોત્કચ 'પૂર્વસમય'ને યાદ કરાવીને તે (ભીમ)ને લઈ જવામાં સફળ થાય છે.

ક્ષત્રિયને માટે 'વચન'ની કિંમત પ્રાણ કરતાંય અધિક હોય છે. શક્તિ હોવા છતાંય તે ક્ષાત્રનીતિને બાજુએ મૂકીને વ્યવહાર કરતો નથી. એ જ પ્રમાણે, ભીમ શક્તિશાળી હોવા છતાંય ગુરુશુશ્રૂષુ પણ છે. માતાની આજ્ઞા આગળ તે પણ લાચાર છે અને વનવાસ ભોગવવા તૈયાર થયો છે. આમ वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि । જેના વ્યક્તિત્વને માટે કહેવાનું મન થાય એવો આ ભીમસેન છે.

રૂપકના અંતે તે ઘટોત્કચ અને હિડિમ્બાને સાથે રાખીને કેશવદાસના કુટુમ્બને પોતાના આશ્રમે વિશ્રામ કરીને જવા વિનવે છે. તથા હિડિમ્બાના આશ્રમના દ્વાર સુધી વળાવવા પણ જાય છે. વ્યાયોગ પ્રકારના રૂપકમાં શૌર્યોદ્ધત નાયક જોવા મળે છે તે પ્રમાણે અહીં मध्यमव्यायोग માં ભીમ એવો જ ઉદ્ધત – શૌરોદ્ધત-ધીરોદ્ધત નાયક વર્ણવાયો છે. સાથે સાથે એ નાયકનો ઋજુતા અને સજ્જનતાભર્યો વ્યવહાર પણ કવિએ નિરૂપ્યો છે.

ઘટોત્કચ : પાંડવમધ્યમ ભીમનો આત્મજ અને હિડિમ્બા રૂપી અરણિમાંથી જન્મેલો આ રાક્ષસાગ્નિ, અને વાસ્તવમાં ધાર્તરાષ્ટ્રવનદવાગ્નિ એવો આ ઘટોત્કચ પ્રસ્તુત રૂપકમાં એક શૌર્યોદ્ધત પ્રતિનાયકની ભૂમિકા ભજવતું પાત્ર છે. બ્રાહ્મણકુટુમ્બે તેને યુગનો સંહાર કરતા શંકર જેવો, ઘનશ્યામ જેવો, શંકરના રોષ જેવો અને છેલ્લે સાક્ષાત્ મૃત્યુ જ હોય એવો વર્ણવ્યો છે. દેખાવમાં તે પીળી આંખોવાળો, સ્થૂળ વિસ્તૃત વક્ષઃસ્થળવાળો, સુવર્ણ જેવા કપિલ કેશવાળો, (મૂળ મહાભારતમાં ઘટોત્કચ તેના નામના અર્થ મુજબ 'ઘડાની જેમ, વાળ વગરના માથાવાળો' હોય એવું નિરૂપણ છે, પણ ભાસે તેને 'વાળવાળો' કહ્યો છે.) પીળાં રેશમી વસ્ત્રો પહેરેલો, ઊંચી ભયાનક દંષ્ટ્રાવાળો, હળના આકાર જેવી નાસિકાવાળો છે. ભીમની દૃષ્ટિએ એનો અવાજ ધનંજયના સ્વરને મળતો આવે છે.

ભીમને પ્રથમ દર્શને જ તે दर्शनीय લાગે છે, પ્રાથમિક પરિચયમાં જ પોતાના ભાઈઓનો ગુણતસ્કર જણાય છે અને સૌભદ્ર-અભિમન્યુની યાદ અપાવનારો લાગે છે.

માતા હિડિમ્બાને ઉપવાસના પારણાં કરવા કોઈક માણસનો આહાર કરવા ઈચ્છા છે. એટલે માતાની આજ્ઞાથી પ્રેરાયેલા આ ઘટોત્કચે બ્રાહ્મણકુટુમ્બને પકડ્યું છે એવું સાંભળીને, ભીમને પણ લાગે છે કે આ છોકરો ગુરુશુશ્રૂષુ છે ! આગળ જતાં આપણને એ પણ પરિચય થાય છે કે આ ઘટોત્કચ એના પિતાની નિંદા - કે એનો પિતા શિવ, કૃષ્ણ, ઈન્દ્ર, યમાદિ જેવો નથી એવું-સાંભળી શકતો નથી. પોતાના પિતાની નિંદા કરનાર ભીમને અલબત્ત તે નહીં ઓળખતો હોવાને કારણે જ, તે વૃક્ષ અને શૈલકૂટ ઊંચકીને મારે છે. આમાં તેની શક્તિ કે પરાક્રમનો તો પરિચય થાય છે જ, પણ તેની વડીલો પ્રત્યેની આસ્થા-આદર કેટલાં બધાં ઊંચા છે તે પણ જણાય છે.

ભીમને માયાપાશથી બાંધવા માટે તે મંત્ર જપતાં પહેલાં માંગણી કરે છે અને તરત બાજુના પર્વતમાંથી પાણી ટપકવા માંડે છે. આ દશ્ય દ્વારા તે ઘટોત્કચનું પાત્ર અતિમાનુષી છે એમ બતાવવા માંગે છે.

ભીમને રૂપ, સત્ત્વ અને બળની દૃષ્ટિએ તે પોતાના પિતાઓ જેવો લાગે છે; પણ ભીમને એક વાત સમજાતી નથી કે આ ઘટોત્કચનું મન પ્રજા વિશે કરુણા વિનાનું કેમ હશે ? તે રૂપ અને પરાક્રમની બાબતમાં પાંડવોને અનુસરે છે પણ ક્રૂરતાની બાબતમાં સંભવ છે કે તે રાક્ષસીનો પુત્ર હોવાથી આવો વીતકારુણ્ય હશે. અલબત્ત, રાક્ષસીનો પુત્ર હોવા છતાંય એનામાં દયાનો તદ્દન અભાવ છે એવું ય કવિએ બતાવ્યું નથી. ઉલટું કવિએ તો એવું નિરૂપ્યું છે કે વૃદ્ધબ્રાહ્મણની સન્ત્રસ્ત પરિસ્થિતિ જોઈને ઘટોત્કચના મનમાં દયાનાં તીવ્ર ભાવો જાગ્યા છે. તે બોલ્યો છે કે - બ્રાહ્મણો પૂજ્યતમ છે એમ હું જાણું છું. પણ માતાની આજ્ઞા છે એટલે શંકા છોડીને આ અકાર્ય પણ આજે મારે કરવાનું છે. તે भोः कष्टम् ! કહીને અફસોસ અનુભવે છે. પેલા વિપ્ર કેશવદાસને પણ તેની વાણી વિમર્શવાળી લાગી છે. તેની વાણીમાં માત્ર ક્રૂરતા નથી; વિચારશીલતા પણ છે. પછી જ્યારે બ્રાહ્મણકુમારોમાંથી મધ્યમ તેની સાથે આવવા તૈયાર થાય છે ત્યારે તે મધ્યમને પાણી પીવા જવાની પરવાનગી આપે છે; વળી, તે મધ્યમની કુટુમ્બ વત્સલતાને અભિનંદી પણ જાણે છે. પરંતુ તે રાક્ષસીનો પુત્ર હોવાથી, તેનામાં કેટલાક

પુત્ર હોવાથી, તેનામાં કેટલાક અંશે પ્રકૃતિદોષ – સ્વભાવગત દોષ-રહેલા પણ જોવા મળે છે. જેમકે, મધ્યમને પાણી પીને આવતાં વાર લાગે છે ત્યારે તે વૃદ્ધબ્રાહ્મણને જ એ મધ્યમને બોલાવી મંગાવવાનું કહે છે ! (કયો પિતા પોતાના પુત્રને મરવા માટે બૂમ પાડીને બોલાવી આપે ?) બ્રાહ્મણ એકદમ ગુસ્સે થઈને કહે છે - आः अतिराक्षसं खलु ते वचनम् । 'તારું વાક્ય ખરેખર રાક્ષસોને પણ વટાવી જાય એવું છે.' આના ઉત્તરમાં, તે કબુલે છે કે આ મારો સ્વભાવગત દોષ છે !

વળી, દર્પના પ્રસંગે તે દર્પ પણ કરી જાણે છે. ભીમ જ્યારે એને કહે છે કે 'આ વિપ્રચન્દ્રના માર્ગમાં તું જાણે કે રાહુ જેવો ઉપસ્થિત થયો છું' ત્યારે તે ઉદ્ધતતાપૂર્વક કહી દે છે કે - 'હા, રાહુ જ (છું.)' પરંતુ આ જ ઘટોત્કચ રૂપકના અંતે પિતાને અભિવાદન કરી પુત્રના ચાપલને માફ કરી દેવા વિનંતી કરતો આપણે જોઈએ છીએ અને જ્યારે તે પોતાના સાચા સ્વરૂપનો-ધાર્તરાષ્ટ્રવનદવાગ્નિ તરીકેનો આત્મ-પરિચય આપે છે ત્યારે આપણા મનમાંથી તેના પ્રતિનાયકપણાનો-ખલનાયકપણાનો–લોપ થઈ જાય છે.

ટૂંકમાં, કવિ ભાસે ઘટોત્કચના પાત્રાલેખનમાં, તેનું સ્વરૂપવર્ણન કરતી વખતે ભયાનકતા આલેખી છે, તો વાણીમાં વિચારશીલતા ડોકાતી હોય એમ જણાવ્યું છે. સ્વભાવમાં રાક્ષસી ક્રૂરતા ડોકાય છે ખરી, પણ સાથે સાથે જ માનવીયતા પણ ઊભરાતી નિરૂપી છે.

મધ્યમ (બ્રાહ્મણપુત્ર) : વિપ્ર કેશવદાસના ત્રણ પુત્રો રૂપી ત્રણ શિખરોવાળો જે વંશપર્વત છે, તેમાં વચ્ચેના શિખર સમો આ મધ્યમ-પુત્ર પ્રસ્તુત રૂપકનો ઉપનાયક છે. વ્યાયોગના 'મધ્યમ' એવા વિશેષણનો એક તરફથી પાંડવમધ્યમ ભીમ જોડે સંબંધ છે, તો બીજી તરફથી વૃદ્ધબ્રાહ્મણના ત્રણ પુત્રોમાંથી વચ્ચેના પુત્ર જોડે પણ સંબંધ છે. ઘટોત્કચને પ્રથમ દર્શને જ શંકરના રોષ જેવો અનુભવવા જેટલો તે સજાગ છે. એના પિતાએ વર્ણવ્યા મુજબ તે નિયમપૂર્વક અધ્યયન કરવામાં તત્પર બુદ્ધિવાળો છે અને ઉંમરની દૃષ્ટિએ તરુણ હોવાની સાથે તરુણતાને અનુરૂપ કાંતિવાળો પણ છે. મહાકવિ ભાસે કથાપ્રવાહમાં ઉપસ્થિત થતા તંગ વાતાવરણને હળવું કરવા, કાર્યવેગને નવી દિશા આપવા માટે 'મધ્યમ' શબ્દનો-બે વ્યક્તિઓને ઉલ્લેખતા એક સામાન્ય નામ તરીકેનો-પ્રયોગ કરવા ધાર્યું છે. તેથી આ વચેટ બ્રાહ્મણપુત્રનું કોઈ વિશેષ નામ આપ્યું નથી. (આને કોઈ ચોક્કસ નામ નહીં આપવાની ગોઠવણ પણ વ્યંજનાપૂર્ણ હોવા છતાંય સ્વાભાવિક લાગે છે-તે કવિની સિદ્ધિ છે.)

ઘટોત્કચે જ્યારે કેશવદાસનો વૃદ્ધ તરીકે અને બ્રાહ્મણપત્નીનો સ્ત્રી તરીકે અસ્વીકાર જાહેર કર્યોત્યારે ત્રણેય બ્રાહ્મણકુમારો આત્મસમર્પણની સ્પર્ધામાં ઉતરે છે. આ સ્પર્ધાના દ્વિતીય આવર્તનમાં, પિતા જયેષ્ઠ પુત્રને વ્હાલો ગણી સોડમાં લે છે અને માતા કનિષ્ઠ પુત્રને વ્હાલો ગણી સોડમાં લે છે. ''અને તરત જ વચેટનું-મધ્યમનું-હૃદયભેદી વાક્ય-'માબાપને અળખામણો હવે કોને વ્હાલો !' આ ઘડીવારનું માનવીની નબળાઈઓનું ચિત્ર ! રોકાઈ રહેલું કાર્ય આગળ ધપે છે. ઘટોત્કચ કહે છે 'હું ખુશ છું, ચાલ ઉતાવળ કર.' મધ્યમના હૃદયમાં વીજળીના વેગથી ચીરો પડ્યો પણ ક્ષણવારમાં પોનાના બલિદાનને મલિન કરતો ભાવ તે ફેંકી દે છે અને ઉત્સાહમાં આવી જઈ પોતાને ધન્યવાદ આપે છે. ઘટોત્કચને પણ કબુલ કરવું પડે છે

"અહો બ્રાહ્મણબટુની સ્વજન વત્સલતા!" (પુરાતત્ત્વ, પુસ્તક-૩, પૃ. ૫૯). [જુઓ : સંસ્કૃત નાટક સાહિત્ય; ૨. છો. પરીખ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૮૦]

મધ્યમપુત્ર આત્મ સમર્પણનો સંકલ્પ કર્યા પછી જે બોલે છે, તે નોંધપાત્ર છે. હું ધન્ય છું કે મારા પ્રાણો વડે હું વડીલોના પ્રાણોની રક્ષા કરી શક્યો છું કેમકે સ્વજનોને સ્નેહ કરવા જતાં ક્યારેક મૃત્યુને ભેટવાની પણ તૈયારી રાખવી પડે છે. આવી તૈયારી કોઈનામાં હોય એવું જોવા મળવું તે દુર્લભ છે. (અથવા कायस्नेहस्तु दुर्लभः । પાઠ લઈએ તો-મહાન એવા સ્વજનોના સ્નેહની પસંદગી સામે, શરીર પ્રત્યે સ્નેહ કરવો અશક્ય છે.) આ સાંભળીને એના પિતા એને 'ગુરુવત્સલ કહે છે.

જ્યેષ્ઠ ભ્રાતા વિશ્વાસપૂર્વક જણાવે છે કે શુભ ગુણો તેને આલિંગીને રહ્યા છે અને તારી કીર્તિ આ વસુંધરાને આલિંગીને રહેશે. એક વખત આત્મસમર્પણનો સંકલ્પ કર્યા પછી, તે એમાંથી બચી જવા, પાછો ફરી જવા જરીકેય તૈયાર નથી. ભીમ એને મદદ કરવા તૈયાર છે. પણ તે ભીમનેય જણાવે છે કે મેં વડીલોની રક્ષા કરવા માટે પહેલેથી જ મનોમન પ્રાણોનો ત્યાગ કરી દીધો છે. માટે તમે રહેવા દો. તમે રૂપ અને ગુણથી યુક્ત છો. વળી યુવાન પણ છો. તો તમે પૃથિવી ઉપર રહો તે વધુ યોગ્ય છે. આમ આ 'મધ્યમ' ભલે બાહુબલી ન હોય, પણ આત્મસમર્પણની જે ભાવના છે તે પ્રેક્ષકના મન ઉપર કાયમી ઊંડી છાપ પાડી જાય છે.

'મધ્યમ-વ્યાયોગઃ' : શીર્ષકનું સ્વારસ્ય

ભૂમિકા : કવિ ભાસે 'મહાભારત'ની કથાને આધારે છ રૂપકો : (૧) મધ્યમવ્યાયોગ, (૨) દૂતવાક્ય, (૩) દૂતઘટોત્કચ, (૪) કર્ણભાર, (૫) ઊરુભંગ અને (૬) પંચરાત્રની રચના કરી છે. તેમાંથી 'મધ્યમ-વ્યાયોગ' નામના રૂપકમાં આવતાં ઘટોત્કચ, ભીમ અને હિડિમ્બા—એ ત્રણ પાત્રો મહાભારતમાંથી જ લેવામાં આવ્યા છે. પરંતુ હિડિમ્બા-પુત્ર ઘટોત્કચ કેશવદાસ નામના બ્રાહ્મણના કુટુંબને વનની મધ્યે પકડે છે એ પ્રસંગ કવિ ભાસે પોતે કલ્પી કાઢેલો છે.[1] અહીં બ્રાહ્મણ કેશવદાસના ત્રણ પુત્રો છે. એમનાં કોઈ વિશેષ નામો કવિએ આપ્યાં નથી. પહેલો 'જ્યેષ્ઠ', બીજો 'મધ્યમ' અને ત્રીજો 'કનિષ્ઠ' પુત્ર – એવી રીતે જ તેમની ઓળખ અપાઈ છે. બીજી તરફ, કુન્તાના ત્રણ દીકરા યુધિષ્ઠિર, ભીમ અને અર્જુનમાંથી ભીમસેન પણ (કૌન્તેયોમાં) 'મધ્યમ' છે. આમ પ્રથમ દૃષ્ટિએ અહીં બે મધ્યમ પુત્રોનો વ્યાયોગ હોઈ કવિ ભાસે એને 'મધ્યમ-વ્યાયોગ' એવું શીર્ષક આપ્યું છે એ સુવિદિત છે. તથાપિ એનું એક વિશેષ સ્વારસ્ય અભિવ્યક્ત થતું જણાય છે તે જોવાનો આ ઉપક્રમ છે.

(૧)

આ રૂપકના કથાનકને અતિ સંક્ષેપમાં જોઈએ તો હિડિમ્બાને ઉપવાસ કર્યા પછી પારણા કરવા માટે મનુષ્યભક્ષણ કરવાની ઇચ્છા થઈ છે. તેથી તેણે પોતાના પુત્ર ઘટોત્કચને વનમાંથી

૧. જો કે કવિ ભાસને આ પ્રસંગ કલ્પવાની પ્રેરણા 'ઐતરેય-બ્રાહ્મણ'ના શુનઃશેપાખ્યાનમાંથી મળી હશે.

કોઈ માણસને પકડી લાવવા મોકલ્યો છે. આ સમયે હિડિમ્બવનમાંથી એક બ્રાહ્મણ કુટુંબ પસાર થઈ રહ્યું હતું, જે વનની પેલે પાર ઉદ્યામક ગ્રામમાં મામાને ઘરે ઉપનયન-સંસ્કારમાં ભાગ લેવા જઈ રહ્યું છે. ઘટોત્કચ આ બ્રાહ્મણકુટુંબને રસ્તામાં રોકે છે અને કોઈ એક વ્યક્તિને માતાના આહારાર્થે લઈ જવાની માંગણી કરે છે. બ્રાહ્મણકુટુંબ આ રાક્ષસના હાથમાં ફસાતાં થરથર ધ્રૂજે છે. ઘટોત્કચે જણાવ્યું કે જો સ્વેચ્છાએ કોઈ એક વ્યક્તિને નહીં આપો તો આખા કુટુંબને મારી નાખીશ. આથી પિતા કેશવદાસ પોતે આપ્તકામ થયો હોઈ મરવા તૈયાર થાય છે. પણ પતિવ્રતા પત્ની બોલી ઊઠે છે કે મારું શરીર કૃતકૃત્ય થઈ ગયું છે. તમે ત્રણેય પુત્રો સાથે જીવતા રહો. હું આ રાક્ષસની પાછળ મરવા જઈશ. ત્યારે ઘટોત્કચ કહે છે કે મારી માતાએ સ્ત્રીજનને લાવવાની ના કહી છે, તથા આ કેશવદાસ પણ ના જોઈએ, કેમ કે તે વૃદ્ધ છે. આથી પોતાના કુટુંબને બચાવવા ત્રણ દીકરાઓ વચ્ચે આત્મસમર્પણની સ્પર્ધા શરૂ થાય છે. જ્યેષ્ઠ પુત્ર કહે છે કે પિતા આપત્તિમાં હોય ત્યારે જ્યેષ્ઠ પુત્રે મદદ કરવી જોઈએ. તો હું આ ઘટોત્કચની સાથે મરવા જઈશ. મધ્યમ પુત્ર કહે છે કે - ના, હું જઈશ અને પછી કનિષ્ઠ પુત્ર પણ પોતાના બન્ને અગ્રજ ભાઈઓને વિનવે છે કે મને મરવા જવા દો. આપ બન્ને પૃથિવી ઉપર રહો. ત્યારે માતાથી બોલી જવાય છે કે કનિષ્ઠ પુત્ર મને બહુ વ્હાલો હોઈ એને હું નહીં આપું. તો પિતા પણ જાહેર કરે છે કે મને જ્યેષ્ઠ પુત્ર પ્રિય છે. તેથી તેને ય મરવા નહીં મોકલું. ત્યારે મધ્યમ પુત્રનું શું ? ! મધ્યમ પુત્રની બોલી ઉઠાય છે કે માત-પિતાને વ્હાલો નહીં એવો હવે હું કોને પ્રિય ? ! ઘટોત્કચ તરત જ ઉત્તર આપે છે : "તું મને પ્રિય છે. ચાલ, મારી સાથે." આમ મધ્યમ પુત્ર પોતાના આત્મસમર્પણથી જો કુટુંબને બચાવી લેવાતું હોય તો હિડિમ્બાનો આહાર બનવા ઉદ્યત થાય છે. સૌ તેને વારાફરતી આશીર્વાદ આપે છે. પણ એટલામાં તેને તરસ લાગે છે. તેથી તે ઘટોત્કચની મંજૂરી લઈને બાજુના જળાશયમાં પાણી પીવા જાય છે. એને આવતાં થોડીવાર થાય છે, તેથી ઘટોત્કચ 'મધ્યમ' - 'મધ્યમ' એમ કહીને બૂમો પાડે છે. કેમ કે તેની માતાની આહારવેળા વીતી જાય છે.

હવે આ 'મધ્યમ-મધ્યમ'ની બૂમો સાંભળીને, એ વનમાં ક્યાંક કસરત કરી રહેલો કૌન્તેય મધ્યમ ભીમ ત્યાં આવી પહોંચે છે અને ધીમે ધીમે વસ્તુસ્થિતિ પામી જાય છે કે આ ઘટોત્કચ હિડિમ્બાપુત્ર અર્થાત્ પોતાનો જ પુત્ર છે અને તે માતાની આજ્ઞાથી આ બ્રાહ્મણકુટુંબને ત્રાસ આપી રહ્યો છે. ભીમ પોતે ક્ષત્રિય હોઈ બ્રાહ્મણકુટુંબને અભય-વચન આપે છે. બ્રાહ્મણપુત્રના બદલામાં પોતે ઘટોત્કચ સાથે જવા તૈયાર થાય છે. પણ ઘટોત્કચને કહે છે કે તું મને જીતીને, પકડીને તારી શક્તિથી લઈ જાય તો ખરો. આમ ઘટોત્કચ અને ભીમ વચ્ચે દ્વન્દ્વ થાય છે. માયાપાશથી બંધન અને પછી મુક્તિનાં દ્રશ્યો રચાય છે. છેવટે પોતે બ્રાહ્મણના બદલામાં જવાનું વચન આપ્યું છે એ વાતનું સ્મરણ કરાવાતાં, તે ઘટોત્કચને અનુસરે છે. બધા હિડિમ્બાના આશ્રમ-દ્વારે પહોંચે છે. જ્યાં ઘટોત્કચ માતાને અંદર જઈને જણાવે છે કે પોતે માતાના આહાર માટે કોઈક માણસને પકડી લાવ્યો છે. હિડિમ્બા તેને જુવે છે અને जयत्वार्यपुत्रः । કહીને પ્રણામ કરે છે. ભીમ પૂછે છે કે - આ શું ? (અર્થાત્ મનુષ્યભક્ષણ માટે કોઈકને પકડી લાવવાની આવી માંગણી કેમ કરી ?) ત્યારે હિડિમ્બા "એ તો આમ છે" એમ કાનમાં કહે છે. (અર્થાત્ તમે રાજ્યથી ભ્રષ્ટ થયા પછી આજકાલ વનમાં આવીને રહ્યા છો, તેમ જાણી

તમને મળવાની ઈચ્છાથી, તમને શોધી કાઢવાના આશયથી જ આ પુત્રને આવા બહાને મોકલ્યો હતો વગેરે.) આ પછી ભીમ પોતાના પુત્ર ઘટોત્કચને આશીર્વાદ આપે છે અને એણે અજાણતાં કરેલા અપરાધને માફ કરી દે છે. હવે ભીમ, ઘટોત્કચ અને હિડિમ્બા એ ત્રણેય બ્રાહ્મણકુટુંબને આશ્રમદ્વાર સુધી વળાવવા જાય છે અને એમને નિર્વિઘ્ને વનમાંથી પસાર થઈ જવા વિદાય કરે છે. આમ રૂપક છેવટે સુખાન્તમાં પરિણમે છે.

(૨)

આ કૃતિનું શીર્ષક 'મધ્યમવ્યાયોગ' આપવામાં આવ્યું છે. વ્યાયોગ શબ્દની व्यायुज्यन्तेऽस्मिन् वहवः पुरुषाः इति व्यायोगः । (જેમાં ઘણાં બધાં પુરુષપાત્રો ભેગાં મળે તે વ્યાયોગ) એવી વ્યુત્પત્તિ આપવામાં આવે છે. એ દૃષ્ટિએ વિચારીએ તો આ રૂપકમાં હિડિમ્બા અને બ્રાહ્મણ પત્ની એ બે સ્ત્રીપાત્રોને બાદ કરતાં એક બ્રાહ્મણ કેશવદાસ, તેના ત્રણ પુત્રો અને બીજી તરફ ભીમ અને ઘટોત્કચ-એમ કુલ છ પુરુષપાત્રો છે, તેથી તે 'વ્યાયોગ'ના શબ્દાર્થને ચરિતાર્થ કરે છે.[૨] પરંતુ કવિ ભાસે એ 'વ્યાયોગ' શબ્દની પૂર્વે જે 'મધ્યમ' શબ્દ મૂક્યો છે તે શું સૂચવે છે ? અહીં વિચારણીય છે. એના અનુસન્ધાનમાં પ્રોફે. પુસાળકરે એક બીજી વ્યુત્પત્તિ એવી પણ દર્શાવી છે કે - (द्वौ) मध्यमौ (भीमो ब्राह्मणकुमारश्च व्यायुज्येतेऽस्मिन् इति मध्यमव्यायोगः ।) જે રૂપકમાં બે 'મધ્યમ' (એક કૌન્તેય મધ્યમ ભીમ અને બીજો કેશવદાસનો મધ્યમ પુત્ર)નો સંયોગ થયો છે તે 'મધ્યમવ્યાયોગ.'

પરંતુ કવિએ બે મધ્યમોના વ્યક્તિવિશેષ તરીકેનાં નામો ન આપવાની જે યોજના કરી છે તે સાભિપ્રાય જણાય છે. કવિને માટે 'મધ્યમ' નામ પસંદ કરવા માટેનો કથાનો પોતાનો સન્દર્ભ એવો છે કે - પાણી પીવા ગયેલો વચેટ પુત્ર આવવામાં મોડું કરે છે અને તે સમયે ઘટોત્કચ કેશવદાસને પૂછે છે કે તારા પુત્રનું શું નામ છે ? તો એ સ્વાભાવિક છે કે કોઈ પણ પિતા પોતાના પુત્રનું નામ ન જ કહે; જ્યારે એને મરવા માટે મોકલવાનો હોય ત્યારે. એ પછી ઘટોત્કચ જ્યેષ્ઠ પુત્રને પૂછે છે કે - તારા ભાઈનું શું નામ છે ? ત્યારે એ પણ બોલી ઊઠે છે કે - 'બિચારો મધ્યમ' (तपस्वी मध्यमः ।) તો અફસોસની પળોનો એ ઉદ્‌ગાર પણ યોગ્ય જ છે. આમાંથી સૂચન લઈને ઘટોત્કચ 'મધ્યમ' એ નામ ઠીક છે, એમ કહીને, એ નામે જ બૂમો પાડીને એને બોલાવવાનું ચાલુ કરે છે.

'મધ્યમ-મધ્યમ' એવી બૂમો સાંભળીને ભીમસેન ત્યાં આવી પહોંચે છે કેમકે તે પણ કુન્તાના ત્રણ પુત્રોમાં મધ્યમ છે. આથી 'મધ્યમ' સંજ્ઞા એને માટે પણ અનુરૂપ છે. આવા બે મધ્યમોનો આ વ્યાયોગ છે એ વાત સાચી. પણ ભીમસેન ત્યાં આવીને પોતાની ઓળખાણ આપે છે કે -

मध्यमोऽहं क्षितौ भद्र भ्रातृणामपि मध्यमः । २८ व
मध्यमः पञ्चभूतानां पार्थिवानां च मध्यमः ॥ २९ अ

---

(૨) પ્રોફે. એ. ડી. પુસાળકરે मध्यम (भीम)स्य (हिडिम्बया सह) व्यायोगः (वि + आ + योग = विशेषेण संयोगः) इति मध्यमव्यायोगः । એવી પણ વ્યુત્પત્તિ વિચારી છે. (જુઓ : Bhasa–A Study, by A. D. Pusalkar, Pub. Munhiram Manoharlal, Delhi, Second edition, 1968 p. 204).

"હે ભદ્ર ! પૃથિવી ઉપર મધ્યમ છું, ભાઈઓમાં પણ મધ્યમ છું અને વળી, પાંચ મહાભૂતોમાં પણ મધ્યમ છું અને પાર્થિવો (= પૃથાપુત્રો)માં પણ મધ્યમ છું." અહીં, ભીમ ભાઈઓમાં મધ્યમ છે તે મુદ્દો તો સ્વયંસ્પષ્ટ છે. પણ પાંચ મહાભૂતોમાં પણ તે 'મધ્યમ' કેવી રીતે છે ? એ સમજવું પડે એમ છે. સામાન્ય રીતે પાંચ મહાભૂતોની ગણતરીમાં પૃથિવી-અપ્-તેજ-વાયુ અને આકાશ એવો ક્રમ સાંભળવા મળે છે. આ ક્રમમાં તો 'તેજ'ને મધ્યમાવસ્થામાં મૂકેલ છે. પરંતુ ત્રણ લોકની દૃષ્ટિએ વિભાજન કરીને વિચારીએ તો પૃથિવી અને અપ્ તે પૃથિવીલોકનાં બે મહાભૂત, તેજ અને આકાશ એ દ્યુલોકનાં બે મહાભૂત અને વચ્ચેના અન્તરિક્ષલોકના મહાભૂત તરીકે વાયુને ગણાવીએ તો વાયુપુત્ર તરીકે ભીમને પણ 'મધ્યમ' કહી શકાય.

× × ×

હવે મધ્યમ શબ્દને કવિ કૃતિના શીર્ષક સ્થાને મૂકીને એવું સૂચવતા લાગે છે કે જીવનમાં જે સ્પર્ધાના સન્દર્ભો હોય છે ત્યાં કોણ પ્રથમ સ્થાને આવ્યું એ જોવાય છે, અને ત્યાં પ્રથમ ક્રમાંકે આવનારનો મહિમા ગવાય છે. એથી વિપરીત, ક્યારેક ઉપકરણોની પસંદગી કરવાનો સન્દર્ભ હોય છે ત્યાં અદ્યતન, કે આધુનિકતમ - છેલ્લામાં છેલ્લા સંસ્કરણરૂપ કયું ઉપકરણ ઉપલબ્ધ છે એ જોઈને તેની પસંદગી થતી હોય છે. ત્યાં અંતિમક્રમાંકે સ્થિત વસ્તુનો મહિમા સ્વીકારાયો હોય છે. પણ આ કવિ એ વાત ધ્યાન ઉપર લાવવા માંગે છે કે જીવનમાં ક્યારેક જયેષ્ઠના અનુજનો-એટલે કે મધ્યમનો પણ અપૂર્વ મહિમા હોય છે ! જેવી રીતે સૂર્યની ઉદય, મધ્ય અને અસ્ત કાળની ત્રિવિધ અવસ્થિતિઓમાંથી મધ્યાહ્નનો સૂર્ય જ પ્રખર તેજસ્વી હોય છે, ત્યાં પહેલા કે છેલ્લા ક્રમાંકના સૂર્યબિંબની તેજસ્વિતા મહનીય ગણાતી નથી.

આમ કવિ ભાસે જીવનમાં ક્યારેક મધ્યમક્રમાંક પણ મહિમા હોય તે તરફ ધ્યાન દોરવા આ નાટ્યકૃતિના શીર્ષકમાં મધ્યમ શબ્દનો પુરસ્કાર કર્યો છે. પિતાએ એકવાર જયેષ્ઠને વ્હાલો કરી લીધો અને માતાએ કનિષ્ઠ પુત્રને વ્હાલો કરી લીધા પછી તેઓ માતાપિતાને સમજાવી ફરીથી એકપણ વાર સ્વાર્પણની તૈયારી બતાવતા નથી. અહીં મધ્યમ જ મરવા માટે કૃતનિશ્ચયી બનતો જાય છે એ ઉઘાડું છે.

(૩)

ડૉ. એ. ડી. પુસાળકરે આ રૂપકની સમીક્ષા કરતાં લખ્યું છે કે - (૧) એક પિતા-પુત્ર તરીકે ભીમ-ઘટોત્કચનો સંવાદ ભારે નાટ્યક્ષમ છે અને તે 'પંચરાત્ર'માંના અર્જુન-અભિમન્યુના સંવાદની યાદ અપાવે છે. (૨) આ કૃતિ દ્વારા ભાસ વ્યવહાર જગત્‌ની કેટલીક વર્તણુંકોનાં, પ્રવૃત્તિઓના નિયમો પણ આંકી આપે છે. જેમકે, માતાની આજ્ઞા સર્વોત્કૃષ્ટ છે, જેને શિરોધાર્ય રાખીને, જો પૃથિવી ઉપર પૂજ્યતમ ગણાતા બ્રાહ્મણોને પણ રંજાડવા પડે તો ય ઘટોત્કચને એનો હીચકીચાટ નથી. (૩) અનેક પુત્રોમાંથી 'વધુ વ્હાલા' તરીકેની પસંદગી જો કરવાની હોય તો પિતાનો જે પસંદગી ક્રમ હોય છે તેનાથી માતાનો પસંદગીક્રમ તદ્દન વિપરીત હોય છે એ તરફ પણ કવિ ધ્યાન દોરવા માંગે છે. (૪) આ નાટ્યકૃતિમાં પ્રદર્શિત થયેલી માતૃભક્તિ, બ્રાહ્મણભક્તિ અને આત્મસમર્પણની ભાવના પણ પ્રેક્ષકોને પ્રભાવિત કરે તેવી છે. (૫) કૃતિના અંતે આવેલી 'ઉપેન્દ્ર'ની સ્તુતિ

ઉપેન્દ્રવજ્રા છન્દમાં રજૂ થઈ છે તે શું કોઈક રીતે સૂચક હશે ? (જુઓ : Bhasa-A Study p. 207).

શ્રી પુસાળકરકૃત ઉપર્યુક્ત સમીક્ષાના ત્રીજા મુદ્દાને વિષે એમ કહેવાનું પ્રાપ્ત થાય છે કે અહીં 'પુત્રોની પસંદગી કરવાના પ્રસંગે પિતા કરતાં માતાનો પસંદગીક્રમ જુદો હોય છે' એમ કહેવા કરતાં, જીવનમાં મધ્યમક્રમાંકે આવનાર વ્યક્તિનો મહિમા ગાવા માટે આ કૃતિ રચાઈ છે એમ કહેવું વધુ સમુચિત જણાય છે. તથા ઉપેન્દ્રવજ્રા છન્દમાં ઉપેન્દ્રની સ્તુતિ શ્રી પુસાળકરને ધ્યાનાસ્પદ જણાઈ છે એવું ઉપર્યુક્ત પાંચમા મુદ્દામાં કહ્યું છે. પરંતુ તેઓશ્રી તેનું રહસ્યોદ્ઘાટન કરી શક્યા નથી. 'આવી રચના સૂચક હશે કે કેમ ?' એવો કેવળ પ્રશ્ન કરીને તેઓ અટકી ગયા છે. પણ વિચાર કરતાં એવું જણાય છે કે - ઉપેન્દ્રવજ્રામાં ઉપેન્દ્રનો નિર્દેશ એવી વ્યંજનાથી ભરેલો છે કે વેદકાળમાં પહેલા ક્રમાંકવાળો દેવ ઈન્દ્ર હતો, પણ પુરાણકાળમાં ગોવર્ધન પ્રસંગ બન્યા પછી, શ્રીકૃષ્ણનો 'ઉપેન્દ્ર' રૂપે મહિમા વધ્યો. આ ઉપેન્દ્ર તે પુરાણકાળના બ્રહ્મા-વિષ્ણુ-મહેશની ત્રિપુટીમાં પણ મધ્યમ સ્થાને વિરાજે છે એ તો સુવિદિત છે ! આ દૃષ્ટિએ 'મધ્યમવ્યાયોગ' શીર્ષકવાળી કૃતિના સમાપનમાં ઉપેન્દ્રપદવાચ્ય વિષ્ણુની જ સ્તુતિ હોય, અને તે પણ ઉપેન્દ્રવજ્રા છન્દમાં તે જ સમુચિત છે.[૩] !!

(૪)

હવે આ સન્દર્ભમાં 'મધ્યમવ્યાયોગ'ના મંગલશ્લોકની પણ સમીક્ષા કરવી જોઈશે : "ત્રણેય ભુવનનું અતિક્રમણ કરી જવાના પ્રસંગે, હરિનો એ પાદ, કે જે અંબર - સાગરને ઓળંગી જવા માટેનો વૈદુર્યમણિથી બાંધેલા સંક્રમ (= સેતુ) જેવો શોભી રહ્યો છે તે તમારું (પ્રેક્ષકોનું) રક્ષણ કરે." - અહીં પણ કાવ્યાર્થનું સૂચન સ્પષ્ટપણે જોઈ શકાય છે. જેમકે, કેશવદાસના બ્રાહ્મણકુટુંબને માટે આ રાક્ષસોથી ભરેલું હિડિમ્બવન પસાર કરવા માટે - અતિક્રમણ કરવા માટે - પહેલાં તો બ્રાહ્મણનો પોતાનો જ મધ્યમ પુત્ર સ્વાર્પણથી સંક્રમ = સેતુ રૂપ બનવા તૈયાર થાય છે, અને બીજા ક્રમે, કૌન્તેય મધ્યમ-ભીમ સેતુ રૂપ બને છે. આમ જીવનમાં ક્યારેક જ્યેષ્ઠનો કે કનિષ્ઠનો નહીં, પણ મધ્યમ પુત્રનો મહિમા હોય છે; અને તે જ વિપત્તિમાં 'સંક્રમ' રૂપ બનતો હોય છે એ વાત કવિશ્રી ભાસે 'મધ્યમવ્યાયોગ' એવા શીર્ષકથી સ્પષ્ટ કરી છે. આ કેન્દ્રવર્તી વિચાર મૂળ કથાનકમાં ક્રમશઃ આકારિત થાય તે પૂર્વે મંગલશ્લોકમાંથી પણ ધ્વનિત થાય છે અને અન્તે ભરતવાક્ય રૂપ અંતિમશ્લોકમાં પણ, ઉપેન્દ્રની - વિષ્ણુની - સ્તુતિ ગૂંથીને પુનઃ અભિવ્યક્ત કરી છે.

❑ ❑ ❑

---

૩. There is always an under current of Vishnu-worship and Brahman superiority in all the plays.-A. D. Pusalkar, p. 207. ભાસનાં રૂપકોમાં વિવિધ રીતે વિષ્ણુની સ્તુતિઓ જોઈને વિદ્વાનોએ આવી ટીકા કરીને આગળ વિચારવાનું માંડી વાળ્યું છે. પણ સૂક્ષ્મતાથી વિચારીએ તો ભાસે આવાં નામો સાભિપ્રાય પણ વાપર્યાં હોય. જુઓ : "ભાસનાં રૂપકોનું અનુશીલન" (સં. વસન્ત ભટ્ટ, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ)માં પ્રકાશિત મારો લેખ : ત્રિવેન્દ્રમ રૂપકોમાં સંજ્ઞાકરણનો વિશિષ્ટ વિનિયોગ" (પૃ. ૭૦-૮૩).

॥ श्रीः ॥

महाकवि–भासविरचितः

मध्यमव्यायोगः ॥

◆

पात्राणि

पुरुषाः—

(१) वृद्धः — ब्राह्मणः केशवदासनामा ।

(२) प्रथमः — वृद्धस्य ज्येष्ठः पुत्रः ।

(३) द्वितीयः — वृद्धस्य द्वितीयः पुत्रो मध्यमनामा ।

(४) तृतीयः — वृद्धस्य कनिष्ठः पुत्रः ।

(५) घटोत्कचः — राक्षसः, हिडिम्बाभीमसेनयोःपुत्रः ।

(६) भीमसेनः — मध्यमः कुन्तीपुत्रः ।

स्त्रियः—

(१) ब्राह्मणी —वृद्धस्य केशवदासस्य पत्नी ।

(२) हिडिम्बा — राक्षसी, भीमसेनस्य पत्नी, घटोत्कचस्य जननी ।

◆ ◆ ◆

मध्यमव्यायोगः

(नान्द्यन्ते ततः प्रविशति सूत्रधारः)

सूत्रधारः— पायात्स वोऽसुरवधूहृदयावसादः
पादो हरेः कुवलयामलखड्गनीलः ।
यः प्रोद्यतस्त्रिभुवनक्रमणे रराज
वैडूर्यसंक्रम इवाम्बरसागरस्य ॥ १ ॥

एवमार्यमिश्रान् विज्ञापयामि । अये, किन्नु खलु मयि विज्ञापनव्यग्रे शब्द इव श्रूयते ? अङ्ग, पश्यामि ।

(नेपथ्ये) भोस्तात ! को नु खल्वेषः ?

सूत्रधारः—भवतु, विज्ञातम् ।

भोः शब्दोच्चारणादस्य ब्राह्मणोऽयं न संशयः ।
त्रास्यते निर्विशङ्केन केनचित्पापचेतसा ॥ २ ॥

(पुनर्नेपथ्ये) भोस्तात को नु खल्वेषः ?

सूत्रधारः—हन्त ! दृढं विज्ञातम् । एष खलु पाण्डवमध्यमस्य आत्मजो हिडिम्बारणिसंभूतो राक्षसाग्निरकृतवैरं ब्राह्मणजनं वित्रासयति । भोः कष्टम्[1] । अत्रहि

श्रान्तैः[2] सुतैः परिवृतस्तरुणैः सदारैः
वृद्धो द्विजो निशिचरानुचरः स[3] एषः ।
व्याघ्रानुसार—चकितो[4] वृषभः सधेनुः
सन्त्रस्त—वत्सक इवाकुलतामुपैति ॥ ३ ॥ (निष्क्रान्तः)

स्थापना

(ततः प्रविशति सुतत्रयकलत्रपरिवृतो ब्राह्मणः पृष्ठतो घटोत्कचश्च)

---

१. कष्टं कष्टं खलु पत्नीसुतपरिवृतस्य ब्राह्मणस्य वृत्तान्तः ।

२. श्रान्तैः ३. सरोषः ४. व्याघ्रानुचारकितो; व्याघ्रानुसारचरितो ।

મહાકવિ ભાસ–વિરચિત

'મધ્યમ' વ્યાયોગ

(નાન્દી પૂરી થયા પછી–રંગભૂમિ ઉપર–સૂત્રધાર પ્રવેશ કરે છે.)

સૂત્રધાર : (વામન રૂપે અવતરેલા) હરિનો પ્રકર્ષપણે ઊંચો કરવામાં આવેલો પાદ (બલિ નામના) અસુરની પત્નીના હૃદયને વિષાદ પહોંચાડનારો છે; કુવલય (= નીલકમળ)ના જેવો નિર્મળ અને ખડ્ગના જેવો નીલ (= શ્યામ) છે; આકાશ રૂપી સમુદ્રને (પાર કરી જવા) માટે વૈડૂર્યમણિથી નિર્મેલા સેતુ (= સંક્રમ) જેવો છે, અને જે (પાદ) ત્રણેય ભુવનનું અતિક્રમણ કરતો શોભી રહ્યો છે; તે તમારું (= પ્રેક્ષકોનું) રક્ષણ કરે. (૧)

આ પ્રમાણે, આપ શ્રીમાનોને જણાવું છું કે ....અરે ! આ શું ? હું જ્યારે (તમને) જણાવી રહ્યો હતો ત્યારે આ શબ્દ જેવું (કંઈક) સંભળાય છે. લાવ, જોઉં.

(નેપથ્યમાંથી)

અરે પિતાજી! આ કોણ છે?

સૂત્રધાર : ઠીક જાણ્યું.

આના 'અરે' (ભોઃ) એવા શબ્દોચ્ચારણથી (જણાય છે કે) 'આ બ્રાહ્મણ છે, એમાં સંશય નથી.' તે (બ્રાહ્મણ) કોઈક નિર્ભય પાપી ચિત્તવાળા વડે સતાવવામાં આવી રહ્યો છે. (૨)

(ફરીથી નેપથ્યમાંથી)

અરે પિતાજી ! આ કોણ છે ?

સૂત્રધાર : ઠી.....ક. બરાબર જાણ્યું. આ પાંડવોમાં મધ્યમ (એવા ભીમ)નો પુત્ર અને હિડિમ્બા રૂપી અરણિમાંથી જન્મેલો રાક્ષસ રૂપી અગ્નિ (નામે ઘટોત્કચ), જેણે કોઈ જોડે વેર બાંધ્યું નથી એવા બ્રાહ્મણજનને, ત્રાસ પહોંચાડે છે.

અહીં–પત્ની અને ભ્રાન્ત (ચિત્તવાળા) તરુણ પુત્રોથી વીંટળાયેલો, તથા રાક્ષસથી અનુસરાતો આ વૃદ્ધ બ્રાહ્મણ વ્યાકુળતા અનુભવી રહ્યો છે; જેવી રીતે સન્ત્રસ્ત થઈ ગયેલાં વાછરડાવાળી ગાય સહિતનો વૃષભ, વ્યાઘ્રથી અનુસરાતાં (ભયથી) ચકિત્ત થઈ જઈને વ્યાકુળતા પામે છે. (૩)

(સૂત્રધાર રંગભૂમિ ઉપરથી વિદાય લે છે.)

સ્થાપના

(ત્યાર પછી ત્રણ પુત્રો અને પત્નીથી વીંટળાયેલો બ્રાહ્મણ; અને પાછળથી ઘટોત્કચ રંગભૂમિ ઉપર પ્રવેશ કરે છે.)

ब्राह्मणः—भोः ! को नु खल्वेषः !

तरुण-रविकर-प्रकीर्ण-केशो भ्रुकुटिपुटोज्ज्वलपिङ्गलायताक्षः ।
सतडिदिव घनः सकण्ठसूत्रो युगनिधने प्रतिमाकृतिर्हरस्य ॥ ४ ॥

प्रथमः—भोस्तात ! को नु खल्वेषः ?

ग्रहयुगल-निभाक्षः पीन-विस्तीर्ण-वक्षाः
कनक-कपिल-केशः पीत-कौशेय-वासाः ।
तिमिर-निवह-वर्णः पाण्डरोद्वृत्त-दंष्ट्रो
नव इव जलगर्भो लीयमानेन्दुलेखः ॥ ५ ॥

द्वितीयः—क एष भोः ?

कलभ-दशन-दंष्ट्रो लाङ्गलाकार-नासः
करिवर-कर-बाहुर्नीलजीमूत-वर्णः ।
हुत-हुतवह-दीप्तो यः स्थितो भाति भीम-
स्त्रिपुर-पुर-निहन्तुः शङ्करस्येव रोषः ॥ ६ ॥

तृतीयः—भोस्तात ! को नु खल्वयमस्मान् पीडयति ?

वज्रपातोऽचलेन्द्राणां श्येनः सर्वपतत्रिणाम् ।
मृगेन्द्रो मृगसङ्घानां मृत्युः पुरुषविग्रहः ॥ ७ ॥

ब्राह्मणी—आर्य ! क एषोऽस्मान् सन्तापयति ?

घटोत्कचः—भो ब्राह्मण ! तिष्ठ तिष्ठ ।

किं यासि मद्भय-विनाशित-धैर्यसारो
वित्रस्त-दार-सुत-रक्षण-हीनशक्ते ।
तार्क्ष्याग्रयपक्ष-पवनोद्धत[1]-रोषवह्नि-
तीव्रः कलत्र-सहितो भुजगो यथार्तः ॥ ८ ॥

भो ब्राह्मण ! न गन्तव्यं न गन्तव्यम् ।

वृद्धः—ब्राह्मणि ! न भेतव्यम् । पुत्रकाः ! न भेतव्यम् । सविमर्शा ह्यस्य वाणी।

घटोत्कचः—भोः कष्टम् !

जानामि सर्वत्र सदा च नाम
द्विजोत्तमाः पूज्यतमाः पृथिव्याम् ।
अकार्यमेतच्च मयाद्य कार्यं
मातुर्नियोगादपनीय[2] शङ्काम् ॥ ९ ॥

वृद्धः—ब्राह्मणि ! किं न स्मरसि तत्रभवता जलक्लिन्नेन मुनिनोक्तम्—'अनपेताराक्षसमिदं वनम्; अप्रमादेन गन्तव्यम्' इति ? तदेवोत्पन्नं भयम्।

---

१. पवनोद्गत, २. अपनीतशङ्कम् ।

બ્રાહ્મણ : અરે! આ કોણ છે ?

(મધ્યાહ્‌ન સમયના) તરુણ સૂર્યનાં કિરણો જેવા વિખરાયેલા વાળવાળો, (બે) ભ્રુકુટિ રૂપી સંપુટમાં ઉજ્જ્વળ અને પીળા રંગના વિસ્તૃત નેત્રવાળો જાણે કે વિજળી સહિતનું વાદળ હોય તેવો, કંઠમાં દોરાને ધારણ કરેલો અને યુગનો સંહાર કરતા શંકરની પ્રતિમાની આકૃતિને ધારણ કરતો (આ કોણ છે?) (૪)

પ્રથમ (પુત્ર) : અરે પિતાજી! આ કોણ છે ?

(સૂર્ય અને ચન્દ્ર રૂપી) ગ્રહોના યુગલની આભવાળાં જેનાં નેત્રો છે; જેનું વક્ષઃસ્થળ સ્થૂળ અને વિસ્તૃત છે; જેના સુવર્ણ જેવા પીળા વાળ છે, જેના પીળાં રેશમી વસ્ત્રો છે, જે અંધકારના સમૂહ જેવા વર્ણવાળો છે, જે અત્યંત સફેદ, ઊંચે ચઢેલી દાઢવાળો છે અને જેમાં ચન્દ્રકળા લીન થઈ ગઈ છે તેવા નવા પાણી ભરેલા વાદળ જેવો જે (શ્યામ) છે (તે આ પુરુષ કોણ છે ?) (૫)

દ્વિતીય (પુત્ર) : અરે! આ કોણ.....?

મદનિયા જેવા દાંતોની દાઢવાળો, હળના આકાર જેવા નાકવાળો, મોટા હાથીની સૂંઢ જેવા બાહુવાળો, શ્યામ વાદળના રંગવાળો, આહુતિથી પ્રજ્વલિત થયેલા અગ્નિ જેવો દીપ્ત આ ઊભેલો (કોણ) ભયંકર ભાસી રહ્યો છે (?) ત્રિપુર નામના રાક્ષસની નગરીનો નાશ કરનાર શંકરના રોષ જેવો આ કોણ છે ? (૬)

તૃતીય (પુત્ર) : અરે પિતાજી ! આ કોણ આપણને પીડી રહ્યો છે ? મોટા પર્વતોને માટે વજ્રપાત, બધા જ પક્ષીઓને માટે બાજપક્ષી સમો, પશુઓના સમૂહને માટે સિંહસમો અને પુરુષ–દેહધારી (સાક્ષાત્) મૃત્યુ સમો આ (કોણ આપણને પીડી રહ્યો) છે ? (૭)

બ્રાહ્મણી : વડીલ ! આ કોણ આપણને સન્તાપ આપી રહ્યો છે ?

ઘટોત્કચ : અરે એ બ્રાહ્મણ ! ઊભો રહે, ગરુડની આગળની પાંખના પવનથી જેનો ક્રોધાગ્નિ ભભૂકી ઊઠ્યો છે તેવા પત્ની–નાગણ–સહિતના તીવ્ર નાગની જેમ દુઃખી બની ગયેલા, અને મારા ભયથી જેના ધૈર્યનું બળ નાશ પામી ગયું છે તેવા (હે બ્રાહ્મણ !) સંત્રસ્ત પત્ની અને પુત્રોનું રક્ષણ કરવાની શક્તિ વગરના ! શું તું જાય છે ? (૮)

અરે બ્રાહ્મણ ! ન જઈશ, ન જઈશ.

વૃદ્ધ (બ્રાહ્મણ) : હે બ્રાહ્મણિ ! ડરીશ નહીં; પુત્રો ! ડરશો નહીં. આની વાણી (યોગ્યાયોગ્યનો) વિચાર કરનારી (લાગે) છે.

ઘટોત્કચ : (સ્વગત) અરેરે ! (આ સ્થિતિ) દુઃખદ છે કે–

પૃથ્વી ઉપર બધે ઉચ્ચ કોટિના બ્રાહ્મણો હંમેશા પૂજ્યતમા ગણાયા છે એમ હું જાણું છું; છતાંય આજે મારે માતાની આજ્ઞા હોવાને કારણે, શંકા છોડીને આ અકાર્ય (નહીં કરવા જેવું કાર્ય) કરવાનું છે. (૯)

વૃદ્ધ (બ્રાહ્મણ) : હે બ્રાહ્મણિ ! શું તને યાદ નથી આવતું કે– જળથી ભીંજાયેલા* તે મુનિશ્રીએ કહ્યું હતું કે, આ વન રાક્ષસ વિનાનું નથી; માટે (આ વનમાં) સાવધાનીપૂર્વક જવું. તો તેઓના કહેવા મુજબ જ આ ભય ઉત્પન્ન થયો છે.

---

* અથવા તે 'જલક્લિન્ન' નામના મુનિશ્રીએ–

ब्राह्मणी–किमिदानीमार्यो मध्यस्थवर्ण इव दृश्यते ?

[किं दाणि अय्यो मज्झत्थवण्णो विअ दीसदि ?]

वृद्धः–किं करिष्यामि मन्दभाग्यः ?

ब्राह्मणी–ननु विक्रोशामः । [णं विक्कोसामो ।]

प्रथमः–भवति, कस्य वयं विक्रोशामः ?

इदं हि शून्यं तिमिरोत्करप्रभैर्नगप्रकारैरवरुद्धदिक्पथम् ।
खगैर्मृगैश्चापि समाकुलान्तरं वनं निवासाभिमतं मनस्विनाम् ॥ १० ॥

वृद्ध–ब्राह्मणि, न भेतव्यं, न भेतव्यम् । मनस्विजननिवासयोग्यमिति श्रुत्वा विगत इव मे सन्त्रासः । शङ्के नातिदूरेण पाण्डवाश्रमेण भवितव्यम् । पाण्डवास्तु,

युद्धप्रियाश्च शरणागतवत्सलाश्च
दीनेषु पक्षपतिताः कृतसाहसाश्च ।
एवंविधप्रतिभयाकृतिचेष्टितानां
दण्डं यथार्हमिह धारयितुं समर्थाः ॥ ११ ॥

प्रथमः-भोस्तात ! न तत्र पाण्डवा इति मन्ये ।

वृद्धः-कथं त्वं जानीषे ?

प्रथमः–श्रुतं मया तस्मादागच्छता केनचिद् ब्राह्मणेन शतकुम्भं नाम यज्ञमनुभवितुं महर्षेर्धौम्यस्याश्रमं गता इति ।

वृद्धः–हन्त ! हताः स्मः ।

प्रथमः–तात ! न तु सर्व एव । आश्रमपरिपालनार्थमिह स्थापितः किल मध्यमः ।

वृद्धः–यद्येवं सन्निहिताः सर्वे पाण्डवाः ।

प्रथमः–स चाप्यस्यां वेलायां व्यायामपरिचयार्थं विप्रकृष्टदेशस्थ इति श्रूयते ।

वृद्धः–हन्त ! निराशाः स्मः । भवतु, पुत्र ! व्यपश्रयिष्ये[१] तावदेनम् ।

प्रथमः–अलमलं परिश्रमेण ।

वृद्धः–पुत्र ! निर्वेदप्रत्यर्थिनी खलु प्रार्थना । भवतु, पश्यामः तावत् । भो भो पुरुष ! अस्त्यस्माकं मोक्षः ?

घटोत्कचः–मोक्षोऽस्ति, समयतः ।

वृद्धः–कः समयः ?

घटोत्कचः–अस्ति मे तत्रभवती जननी । तयाहमाज्ञप्तः-'पुत्र ! ममोपवासनिसर्गार्थमस्मिन् वनप्रदेशे कश्चिन्मानुषः[२] प्रतिगृह्यानेतव्यः' इति । ततो मयासादितो भवान् ।

---

१. व्यपाश्रयिष्ये । २. परिभृग्यानेव्य ।

બ્રાહ્મણી : તમે— વડીલ અત્યારે આમ ઉદાસીન જેવા કેમ દેખાવ છો ?'

વૃદ્ધ બ્રાહ્મણ : હું કમનસીબ શું કરું?

બ્રાહ્મણી : અરે ! આપણે બૂમો પાડીએ.

પ્રથમ (પુત્ર) : મા, આપણે કોને બૂમ પાડીશું ?

અંધકારના સમૂહની પ્રભાવાળા.વિવિધ પર્વતો (અથવા વૃક્ષો) થી જેની દિશાઓના માર્ગો રોકાઈ ગયા છે; વળી, પક્ષીઓ અને પશુઓ વડે સારી પેઠે જે ભરાયેલું છે, તે આ નિર્જન વન મનસ્વી પુરુષોના (જ) નિવાસને અનુકૂળ આવે તેવું છે. (૧૦)

વૃદ્ધ (બ્રાહ્મણ) : બ્રાહ્મણિ ! ડરીશ નહીં, ડરીશ નહીં. 'મનસ્વી પુરુષોના નિવાસને યોગ્ય એવું આ (વન) છે' એમ સાંભળીને જાણે કે મારો સંતાપ દૂર થઈ ગયો. મને લાગે છે કે અહીંથી પાંડવોનો આશ્રમ બહુ દૂર ન હોવો જોઈએ. પાંડવો તો—યુદ્ધપ્રિય હોવા છતાંય શરણે આવેલા પ્રત્યે વાત્સલ્ય દાખવનારા છે; જેમણે સાહસ કર્યું છે તેવા આ (પાંડવો) દીન વ્યક્તિઓ પ્રત્યે પક્ષપાત રાખનારા છે. વળી, આવા (ઘટોત્કચના જેવા) ભયંકર આકૃતિવાળા અને (ભયંકર) કર્મો કરનારને યથાયોગ્ય દંડ આપવામાં સમર્થ (પણ) છે. (૧૧)

પ્રથમ (પુત્ર) : અરે પિતાજી ! ત્યાં પાંડવો હોય એમ મને નથી લાગતું.

વૃદ્ધ (બ્રાહ્મણ) : (આની) તને કેવી રીતે ખબર પડી ?

પ્રથમ (પુત્ર) : ત્યાંથી આવતા કોઈ બ્રાહ્મણ પાસેથી મેં સાંભળ્યું છે કે, 'શતકુંભ' નામના યજ્ઞમાં ભાગ લેવા માટે તેઓ મહર્ષિ ધૌમ્યના આશ્રમમાં ગયા છે.

વૃદ્ધ (બ્રાહ્મણ) : અરેરે....આપણે મર્યા.

પ્રથમ (પુત્ર) : પિતાજી ! પણ આ બધા (પાંડવો) ગયા નથી. કહેવાય છે કે આશ્રમનું રક્ષણ કરવા માટે અહીં (વનમાં) મધ્યમ—ભીમ—ને મૂકતા ગયા છે.

વૃદ્ધ (બ્રાહ્મણ) : જો એવું હોય તો તો બધા જ પાંડવો નજીક (જ) છે.

પ્રથમ (પુત્ર) : પણ, આ સમયે તો તે વ્યાયામ કરવા માટે (ક્યાંક) મેદાનમાં છે એવું સંભળાય છે.

વૃદ્ધ (બ્રાહ્મણ) : અરેરે....આપણે આશા છોડી દેવી પડશે. સારું દીકરા ! ત્યાં સુધી આ (ઘટોત્કચ)ને જ વિનંતી કરીએ.

પ્રથમ (પુત્ર) : (અરે !) રહેવા દો, રહેવા દો આ પરિશ્રમ.

વૃદ્ધ (બ્રાહ્મણ) : પુત્ર ! આ પ્રાર્થના તો (આપણે) નિરાશ થઈ ગયા છીએ માટે કરવાની છે. ઠીક, જોઈએ તો. (ઘટોત્કચને ઉદ્દેશીને) : 'અરે ઓ પુરુષ! અમારો (કોઈ રીતે) છુટકારો છે કે ?'

ઘટોત્કચ : છુટકારો છે, પણ (એક) શરતે.

વૃદ્ધ (બ્રાહ્મણ) : કઇ શરત છે ?

ઘટોત્કચ : મારે એક પૂજનીય માતા છે. તેણે મને આજ્ઞા આપી છે કે, હે, પુત્ર ! મારે ઉપવાસના પારણા કરવા છે, તે માટે આ વનપ્રદેશમાંથી તારે કોઈક માણસ પકડી લાવવો.' બસ, તે પછી તમે મળી ગયા !

पत्न्या चारित्रशालिन्या द्विपुत्रो मोक्षमिच्छसि ।
बलाबलं परिज्ञाय पुत्रमेकं विसर्जय ॥ १२ ॥

वृद्धः—हं भो राक्षसापसद ! किमहमब्राह्मणः ?

ब्राह्मणः[1] श्रुतवान् वृद्धः पुत्रं शीलगुणान्वितम् ।
पुरुषादस्य दत्वाहं कथं निर्वृतिमाप्नुयाम् ॥ १३ ॥

घटोत्कचः—

यद्यर्थितो द्विजश्रेष्ठ ! पुत्रमेकं न मुञ्चसि ।
सुकुटुम्बः क्षणेनैव विनाशमुपयास्यसि ॥ १४ ॥

वृद्धः-एष एव मे निश्चयः ।

कृतकृत्यं शरीरं मे परिणामेन जर्जरम् ।
राक्षसाग्नौ सुतापेक्षी होष्यामि विधिसंस्कृतम् ॥ १५ ॥

ब्राह्मणी—आर्य, मा मैवम् । पतिमात्रधर्मिणी पतिव्रतेति नाम । गृहीतफलेनैतेन शरीरेणार्यं कुलं च रक्षितुमिच्छामि । [अय्य, मा मा एवं । पदिमत्तधम्मिणी पदिव्वदत्ति णाम । गहीदफलेण एदिणा सरीरेण अय्यं कुळं च रक्खिदुमिच्छामि ।]

घटोत्कचः—भवति ! न खलु स्त्रीजनोऽभिमतस्तत्रभवत्या ।

वृद्धः—अहमनुगमिष्यामि भवन्तम् ।

घटोत्कचः—आः ! वृद्धस्त्वमपसर ।

प्रथमः—भोस्तात ! ब्रवीमि खलु तावत् किंचित् ।

वृद्धः—ब्रूहि, ब्रूहि शीघ्रम् ।

प्रथमः—

मम प्राणैर्गुरुप्राणानिच्छामि परिरक्षितुम् ।
रक्षणार्थं कुलस्यास्य मोक्तुमर्हति मां भवान् ॥ १६ ॥

द्वितीयः—आर्य ! मा मैवम् ।

ज्येष्ठः श्रेष्ठः कुले लोके पितृणां च सुसंप्रियः ।
ततोऽहमेव यास्यामि[2] गुरुवृत्तिमनुस्मरन् ॥ १७ ॥

तृतीयः—आर्यौ ! मा मैवम् ।

ज्येष्ठो भ्राता पितृसमः कथितो ब्रह्मवादिभिः ।
ततोऽहं कर्तुमस्म्यर्हो गुरूणां प्राणरक्षणम् ॥ १८ ॥

प्रथमः—वत्स ! मा मैवम् ।

आपदं हि पिता प्राप्तो ज्येष्ठपुत्रेण [3]तार्यते ।
ततोऽहमेव यास्यामि गुरूणां प्राणरक्षणात् ॥ १९ ॥

वृद्धः-ज्येष्ठमिष्टतमं न शक्नोमि परित्यक्तुम् ।

---

१. किमहं । २. गुरुवृत्तिमनुस्मर । ३. घायते ।

ચારિત્રશાલિની પત્ની અને બે પુત્ર સહિતના તારો મોક્ષ ઈચ્છતો હોય તો બલાબલનો (પ્રિય—અપ્રિયનો) વિચાર કરીને એક પુત્ર છોડી દે. (= મને આપી દે). (૧૨)

વૃદ્ધ (બ્રાહ્મણ) : અરે નીચ રાક્ષસ ! શું હું અબ્રાહ્મણ છું ?

શીલ અને ગુણથી યુક્ત એવો પુત્ર રાક્ષસને આપી દઈને, હું વૃદ્ધ શાસ્ત્રજ્ઞ બ્રાહ્મણ કેવી રીતે શન્તિ પામું ? (૧૩)

ઘટોત્કચ : હે બ્રાહ્મણશ્રેષ્ઠ ! માગવા છતાંય જો એક પુત્રને નહીં છોડે તો એક ક્ષણમાં જ કુટુમ્બસહિત વિનાશ પામીશ. (૧૪)

વૃદ્ધ (બ્રાહ્મણ) : મારો તો આ જ નિર્ણય છે કે—

કરવાં જેવાં કર્મો કરીને સફળ થયેલું અને (યજ્ઞાદિ) વિધિથી સંસ્કૃત થયેલું આ શરીર ઉંમર થતાં ઘરડું થયું છે, તે (શરીર)ને પુત્રોની (રક્ષા કરવાની) અપેક્ષાવાળો હું, રાક્ષસરૂપી અગ્નિમાં હોમીશ. (૧૫)

બ્રાહ્મણી : વડીલ, એમ નહીં, એમ નહીં. માત્ર પતિને ખાતર જ જીવનારી હું પતિવ્રતા (પત્ની) છું. આ (મારા) શરીરથી (મેં તમારી) યોગ્ય સેવા કરી છે, તેનાથી હવે તમારું – વડીલનું – અને કુળનું રક્ષણ કરવા ઈચ્છું છું.

ઘટોત્કચ : શ્રીમતી ! તે (મારી) માતાને કોઈ સ્ત્રીવ્યક્તિની ઇચ્છા નથી.

વૃદ્ધ (બ્રાહ્મણ) : હું જ તમારી પાછળ આવું છું.

ઘટોત્કચ : અરે ઓ ! ઘરડા તું આઘો ખસ.

પ્રથમ (પુત્ર) : અરે પિતાજી ! પણ હું કંઈક કહું છું.

વૃદ્ધ (બ્રાહ્મણ) : બોલ, બોલ જલ્દી.

પ્રથમ (પુત્ર) : મારા પ્રાણો વડે વડીલોના પ્રાણ બચાવવા ઈચ્છું છું. આ કુળનું રક્ષણ કરવા માટે આપશ્રીએ મને ત્યજવો જોઈએ. (૧૬)

દ્વિતીય (પુત્ર) : આ લોકમાં અને કુળમાં જ્યેષ્ઠ (પુત્ર) શ્રેષ્ઠ ગણાય છે, તથા માતાપિતાને સારી પેઠે પ્રિય હોય છે. તો હું જ વડીલના આદર્શોનું સ્મરણ કરતો કરતો (આ ઘટોત્કચની પાછળ) જઈશ. (૧૭)

તૃતીય (પુત્ર) : હે બે વડીલબંધુઓ ! ના, એવું નહીં.

બ્રહ્મવાદીઓએ જ્યેષ્ઠ ભ્રાતાને પિતા સમાન ગણાવ્યા છે. તેથી મારે વડીલોના પ્રાણોનું રક્ષણ કરવું યોગ્ય છે. (૧૮)

પ્રથમ (પુત્ર) : ભાઈ ! નહીં, નહીં.

પિતા આપત્તિમાં આવી પડે તો, તેમાંથી જ્યેષ્ઠ પુત્ર બચાવે છે. માટે વડીલોના પ્રાણોની રક્ષા કરવાના હેતુથી હું જ (આની પાછળ) જઈશ. (૧૯)

વૃદ્ધ (બ્રાહ્મણ) : ઈષ્ટતમ એવા જ્યેષ્ઠ (પુત્ર)ને છોડવા હું શક્તિમાન્ નથી.

ब्राह्मणी–यथार्यो ज्येष्ठमिच्छति तथाहमपि कनिष्ठमिच्छामि । [जह अय्यो जेठ्ठमिच्छदि तह अहं पि कनिठ्ठमिच्छामि ।]

द्वितीयः–पित्रोरनिष्टः कस्येदानीं प्रियः ?

घटोत्कचः–अहं प्रीतोऽस्मि । शीघ्रमागच्छ ।

द्वितीयः–

धन्योऽस्मि यद्गुरुप्राणाः स्वैः प्राणैः परिरक्षिताः ।
बन्धुस्नेहाद्धि महतः [1]कालस्नेहस्तु दुर्लभः ॥ २० ॥

घटोत्कचः–अहो स्वजनवात्सल्यमस्य ब्राह्मणवटोः !

द्वितीयः–भोस्तात ! अभिवादये ।

वृद्धः–एह्येहि पुत्र ।

विनिमाय गुरुप्राणान् स्वैः प्राणैर्गुरुवत्सल ।
अकृतात्मदुरावापं ब्रह्मलोकमवाप्नुहि ॥ २१ ॥

द्वितीयः–अनुगृहीतोऽस्मि । अम्ब ! अभिवादये ।

ब्राह्मणीः–जात ! चिरं जीव । [जाद ! चिरं जीव ।]

द्वितीयः–अनुगृहीतोऽस्मि । आर्य ! अभिवादये ।

प्रथमः–एह्येहि वत्स ।

परिष्वजस्व गाढं मां परिष्वक्तः शुभैर्गुणैः ।
कीर्त्या तव परिष्वक्ता भविष्यति वसुन्धरा ॥ २२ ॥

द्वितीयः–अनुगृहीतोऽस्मि ।

तृतीयः–आर्य ! अभिवादये ।

द्वितीयः–स्वस्ति ।

तृतीयः–अनुगृहीतोऽस्मि ।

द्वितीयः–भोः पुरुष ! किंचिद्ब्रवीमि ।

घटोत्कचः–ब्रूहि, ब्रूहि शीघ्रम् ।

द्वितीयः–एतस्मिन् वनान्तरे जलाशय इव दृश्यते । तत्र मे प्रकल्पितपरलोकस्य पिपासाप्रतीकारं करिष्यामि ।

घटोत्कचः–दृढव्यवसायिन् ! गम्यताम् । अतिक्रामति मातुः आहारकालः । शीघ्रमागच्छ ।

द्वितीयः–भोस्तात ! एष गच्छामि । (निष्क्रान्तः)

---

१. कायस्नेहस्तु ।

બ્રાહ્મણી : વડીલ (= પતિ) જેવી રીતે જયેષ્ઠપુત્રને ઇચ્છે છે, તેવી રીતે હું પણ સૌથી નાના પુત્રને ઇચ્છું છું.

દ્વિતીય (પુત્ર) : માતા અને પિતાને ઈષ્ટ નહીં તેવો હું, હવે કોને પ્રિય છું ?

ઘટોત્કચ : હું રાજી છું. જલ્દી ચાલ (મારી સાથે).

દ્વિતીય (પુત્ર) : હું ધન્ય છું. કેમકે મારા પ્રાણો વડે વડીલોના પ્રાણોની રક્ષા થઈ છે. સ્વજનો પ્રત્યેના મહાન્ સ્નેહમાંથી મૃત્યુ માટેની ઇચ્છા (= બલિદાનની ભાવના) જન્મે છે, જે ખરેખર વિરલ હોય છે. (૨૦)

ઘટોત્કચ : અહો ! આ બ્રાહ્મણ બાળકનું સ્વજનો પ્રત્યેનું વાત્સલ્ય ! (ઘણું મહાન્ છે).

દ્વિતીય (પુત્ર) : હે પિતાજી ! હું પ્રણામ કરું છું.

વૃદ્ધ (બ્રાહ્મણ) : આવ આવ બેટા !

હે વડીલો પ્રત્યે સ્નેહ રાખનારા ! પોતાના પ્રાણો વડે વિનિમય દ્વારા વડીલોના પ્રાણોને મેળવી (રક્ષી) લેનાર તું, જે અજિતેન્દ્રિય વ્યક્તિને મેળવવું મુશ્કેલ છે તેવા બ્રહ્મલોકને પામ. (૨૧)

દ્વિતીય (પુત્ર) : હું અનુગૃહીત થયો છું.

હે માતા, હું પ્રણામ કરું છું.

બ્રાહ્મણી : બેટા ! ઘણું જીવ.

દ્વિતીય (પુત્ર) : હું અનુગૃહીત થયો છું.

મોટા ભાઈ ! હું પ્રણામ કરું છું.

પ્રથમ (પુત્ર) : આવ આવ ભાઈ !

શુભ ગુણો જેને આલિંગન આપીને રહ્યા છે તેવો તું મને ગાઢ આલિંગન આપ. આ વસુન્ધરા તારી કીર્તિથી આલિંગન પામશે. (૨૨)

દ્વિતીય (પુત્ર) : હું અનુગૃહીત થયો છું.

તૃતીય (પુત્ર) : મોટા (વચેટ) ભાઈ ! હું (તમને) પ્રણામ કરું છું.

દ્વિતીય (પુત્ર) : કલ્યાણ થાવ.

તૃતીય (પુત્ર) : હું અનુગૃહીત થયો છું.

દ્વિતીય (પુત્ર) : અરે ઓ પુરુષ ! હું કંઈક કહું છું.

ઘટોત્કચ : બોલ, જલ્દી બોલ.

દ્વિતીય (પુત્ર) : આ જંગલની અંદર જળાશય જેવું કંઈક દેખાય છે. પરલોક જવા ઉદ્યત થયેલો હું મારી તરસ ત્યાં છીપાવીશ.

ઘટોત્કચ : હે દઢ નિશ્ચયવાળા ! જા. (મારી) માના ભોજનનો સમય વીતી રહ્યો છે. જલ્દી (પાછો) આવ.

દ્વિતીય (પુત્ર) : અરે પિતાજી ! આ હું જાઉં છું. (રંગભૂમિ ઉપરથી વિદાય લે છે.)

वृद्धः—हा हा परिमुषिताः स्मो भोः । परिमुषिताः स्मः ।

यस्त्रिशृङ्गो मम त्वासीन्मनोज्ञो वंशपर्वतः ।
स मध्यशृङ्गभङ्गेन मनस्तपति मे भृशम् ॥ २३ ॥

हा पुत्रक ! कथं गत एव !

तरुण ! तरुणतानुरूपकान्ते !
नियमपराध्ययन-प्रसक्तबुद्धे !
कथमिव गजराज-दन्तभग्न-
स्तरुरिव यास्यसि पुष्पितो विनाशम् ॥ २४ ॥

घटोत्कचः—चिरायते खलु ब्राह्मणबटुः । अतिक्रामति मातुः आहारकालः । किंनु खलु करिष्ये ? भवतु; दृष्टम् । भो ब्राह्मण । आहूयतां तव पुत्रः ।

वृद्धः—आः ! अतिराक्षसं खलु ते वचनम् ।

घटोत्कचः—कथं रुष्यति ! मर्षयतु भवान् मर्षयतु । अयं मे प्रकृतिदोषः । अथ किं नामा तव पुत्रः ?

वृद्धः—एतदपि न शक्यं श्रोतुम् ।

घटोत्कचः—युक्तम् । भोः ब्राह्मणकुमार ? किंनामा ते भ्राता ?

प्रथमः—तपस्वी मध्यमः ।

घटोत्कचः—'मध्यम' इति सदृशमस्य । अहमेवाह्वयामि । भो मध्यम! मध्यम ! शीघ्रमागच्छ ।

(ततः प्रविशति भीमसेनः)

भीमसेनः—कस्यायं स्वरः ?

खगशत-विरुते विरौति तारं
द्रुमगहने दृढसङ्कटे वनेऽस्मिन् ।
जनयति च मनोज्वरं स्वरोऽयं
बहुसदृशो हि धनञ्जय-स्वरस्य[1] ॥ २५ ॥

घटोत्कचः—चिरायते खलु ब्राह्मणबटुः । अतिक्रामति मातुः आहारकालः । किंनु खलु करिष्ये ? भवतु, दृष्टम् । उच्चैः शब्दापयामि । भो मध्यम ! शीघ्रमागच्छ ।

भीमः—भोः कोनु खल्वेतस्मिन् वनान्तरे मम व्यायामविघ्नमुत्पाद्य 'मध्यम' इति मां शब्दापयति ? भवतु, पश्यामस्तावत् । (परिक्रम्यावलोक्य, सविस्मयम्) अहो दर्शनीयोऽयं पुरुषः । अयं हि,

सिंहास्यः सिंहदंष्ट्रो मधुनिभ-नयनः स्निग्धगम्भीरकण्ठो
बभ्रुभ्रूः श्येननासो द्विरदपति-हनुर्दीप्त[2]-विशिलष्ट केशः ।
व्यूढोरा वज्रमध्यो गजवृषभ-गतिर्लम्ब-पीनांसबाहुः
सुव्यक्तं राक्षसीजो विपुल-बलयुतो लोकवीरस्य पुत्रः ॥ २६ ॥

---

१. धनञ्जयस्य शब्दः । २. हनुर्दीर्घ० ।

વૃદ્ધ (બ્રાહ્મણ) : અરેરે અમે લુંટાઈ ગયા, લુંટાઈ ગયા.

ત્રણ શિખરવાળો મારો જે મનોરમ વંશપર્વત હતો, તેના મધ્યમ–શિખરનો ભંગ થવાથી મારું મન ખૂબ સંતાપ પામે છે. (૨૩)

અરે બેટા !....શું ગયો જ ?

તરુણતાને અનુરૂપ કાંતિવાળા હે તરુણ ! હે નિયમપરક અધ્યયનમાં રત બુદ્ધિવાળા ! મોટા હાથીના દાંતથી ભાંગી ગયેલા પુષ્પિત વૃક્ષની જેમ તું શું વિનાશ પામીશ ? (૨૪)

ઘટોત્કચ : ખરેખર આ બ્રાહ્મણ–બાળ મોડું કરી રહ્યો છે. (મારી) માના ભોજનનો સમય વીતી જાય છે...હું શું કરું ? ઠીક, સમજાયું. અરે બ્રાહ્મણ ! તારા પુત્રને બોલાવ તો.

વૃદ્ધ (બ્રાહ્મણ) : અરે ! તારું વાક્ય ખૂબ રાક્ષસી છે.

ઘટોત્કચ : કેમ ગુસ્સે થાવ છો ? માફ કરો, આપ માફ કરો. આ તો મારા સ્વભાવનો દોષ છે. હાં, તો તારા પુત્રનું શું નામ છે ?

વૃદ્ધ (બ્રાહ્મણ) : આ પણ સાંભળી શકાય તેમ નથી.

ઘટોત્કચ : ઠીક છે. ઓ બ્રાહ્મણકુમાર ! તમારા ભાઈનું નામ શું છે ?

પ્રથમ (પુત્ર) : બિચારો મધ્યમ....

ઘટોત્કચ : 'મધ્યમ' આ (નામ) આને યોગ્ય છે. હું જ બોલાવું : અરે મધ્યમ ! ઓ મધ્યમ ! જલ્દી આવ.

(ત્યાર પછી ભીમસેન પ્રવેશ કરે છે.)

ભીમસેન : આ કોનો અવાજ છે ?

વૃક્ષોથી ગહન, ભારે સંકટોથી ભરેલ અને જેમાં સેંકડો પક્ષીઓ અવાજ કરી રહ્યા છે તેવા આ વનમાં મોટેથી આ અવાજ થઈ રહ્યો છે; જે માનસિક ઉત્સુકતા જન્માવે છે, અને વળી અર્જુનના અવાજને ઘણો મળતો આવતો આ અવાજ છે. (૨૫)

ઘટોત્કચ : ખરેખર બ્રાહ્મણ–બાળક મોડું કરી રહ્યો છે. (મારી) માના ભોજનનો સમય વીતી જાય છે. હું શું કરું ? ઠીક, યાદ આવ્યું. મોટેથી બૂમ પાડું : અરે મધ્યમ ! જલ્દી આવ.

ભીમ : અરે ! આ વનની અંદર મારા વ્યાયામમાં વિઘ્ન ઉત્પન્ન કરીને, કોણ મને બોલાવી રહ્યું છે ? લાવ. જોઉં તો. (ચારેય બાજુએ ફરીને, જોઈને વિસ્મય સાથે–) અરે ! આ પુરુષ તો દર્શનીય છે ! ! આ–

લોકમાં (કોઈક) વીરનો આ પુત્ર વિપુલ બળથી યુક્ત છે અને સ્પષ્ટપણે (કોઈક) રાક્ષસીમાંથી જન્મ્યો (હોય એવો લાગે) છે. કેમકે તેનું મુખ સિંહ જેવું છે; દાઢ સિંહ જેવી છે; આંખો મદિરા જેવી છે; કંઠ સ્નિગ્ધ અને ગંભીર છે; ભ્રુકુટિ ભૂખરી છે; નાસિકા બાજપક્ષી જેવી છે; દાઢી મોટા હાથીની સૂંઢ જેવી છે; દીપ્તિમંત અને વિખરાયેલા વાળ જેવો છે; વિશાળ વક્ષ:સ્થળ છે; (કમરનો) મધ્યભાગ વજ્ર જેવો છે; શ્રેષ્ઠ હાથી જેવી ચાલ છે તથા ખભાઓ અને બાહુઓ લાંબા અને સ્થૂળ છે. (૨૬)

घटोत्कचः—चिरायते खलु ब्राह्मणबटुः । उच्चैः शब्दापयामि । भो भो मध्यम ! शीघ्रमागच्छ ।

भीमः—भोः ! प्राप्तोऽस्मि ।

घटोत्कचः—न खल्वयं ब्राह्मणबटुः । अहो दर्शनीयोऽयं पुरुषः । य एषः—

सिंहाकृतिः कनक-ताल-समान-बाहुः
मध्ये तनुर्गरुड-पक्ष-[1]विलिप्तवक्षाः ।
विष्णुर्भवेद् विकसिताम्बुज-पत्र-नेत्रो
नेत्रे ममाहरति बन्धुरिवागतोऽयम् ॥ २७ ॥

भो मध्यम ! त्वां खल्वहं शब्दापयामि ।

भीमः—अतः खल्वहं प्राप्तः ।

घटोत्कचः—किं भवानपि मध्यमः ?

भीमः—न तावदपरः ।

मध्यमोऽहमवध्यानाम्, उत्सिक्तानां च मध्यमः ।
मध्यमोऽहं क्षितौ भद्र ! भ्रातृणामपि मध्यमः ॥ २८ ॥

घटोत्कचः—भवितव्यम् ।

भीमः—अपि च,

मध्यमः पञ्चभूतानां पार्थिवानां च मध्यमः ।
भवे[2] च मध्यमो लोके, सर्वकार्येषु मध्यमः ॥ २९ ॥

वृद्धः—

मध्यमस्त्विति संप्रोक्ते नूनं पाण्डवमध्यमः ।
अस्मान्मोक्तुमिहायातो दर्पान्मृत्योरिवोत्थितः ॥ ३० ॥

(प्रविश्य) मध्यमः-

अस्यामाचम्य पद्मिन्यां परलोकेषु दुर्लभम् ।
आत्मनैवात्मनो दत्तं पद्मपत्रोज्ज्वलं जलम् ॥ ३१ ॥

(उपगम्य) भोः पुरुष ! प्राप्तोऽस्मि ।

घटोत्कचः—[3]भवानिदानीं खल्वसि मध्यमः । मध्यम ! इत इतः ।

वृद्धः—(भीमसेनमुपगम्य) भो मध्यम ! परित्रायस्व ब्राह्मणकुलम् ।

भीमः—न भेतव्यम्, न भेतव्यम् । मध्यमोऽहमभिवादये ।

वृद्धः—वायुरिव दीर्घायुर्भव ।

---

१. विलिप्तपक्षः । २. भये । ३. प्राप्तवान् इदानीं खल्वसि ।

ઘટોત્કચ : ખરેખર, આ બ્રાહ્મણ–બાળક મોડું કરી રહ્યો છે. મોટેથી બોલાવું : અરે ઓ ! મધ્યમ ! જલ્દી આવ.

ભીમ : અરે ઓ, આ આવી પહોંચ્યો છું.

ઘટોત્કચ : ખરેખર આ બ્રાહ્મણનો બાળક નથી. અરે આ પુરુષ તો દર્શનીય છે, કે જે–

સિંહના જેવી આકૃતિવાળો, સુવર્ણના તાલ (વૃક્ષ) જેવા બાહુઓવાળો, કમરના ભાગે પાતળો (પણ) ગરુડની પાંખો જેવી વિશાળ છાતીવાળો અને બન્ધુના જેવો (સામે) આવી ઊભેલો આ (પુરુષ) વિકસેલા કમળપત્રના જેવાં નેત્રવાળા વિષ્ણુ હોવા જોઈએ કે જે મારાં બે નેત્રોને આકર્ષે છે. (૨૭)

અરે ઓ મધ્યમ ! હું તને બોલાવું છું.

ભીમ : એથી જ હું તને આવી મળ્યો છું.

ઘટોત્કચ : શું આપ પણ મધ્યમ છો ?

ભીમ : હા, બીજો કોઈ નથી.

અવધ્ય (પુરુષો)માં મધ્યમ છું; બળવાનોમાંય હું મધ્યમ છું, હે ભદ્ર ! પૃથિવી ઉપર હું મધ્યમ છું અને ભાઈઓમાં પણ મધ્યમ છું.. (૨૮)

ઘટોત્કચ : બનવા યોગ્ય છે.

ભીમ : અને વળી,

પાંચ મહાભૂતોમાં મધ્યમ છું, રાજાઓમાં મધ્યમ છું, (આ) લોકમાં જન્મની બાબતમાં પણ મધ્યમ છું અને બધા કાર્યોમાં પણ મધ્યમ છું. (૨૯)

વૃદ્ધ (બ્રાહ્મણ) : (મનમાં વિચારે છે :)

આ (હું) 'મધ્યમ' (છું) –એમ કહે છે, (તેથી લાગે છે કે આ) ખરેખર પાંડવોમાં મધ્યમ–ભીમ–જ હશે. મૃત્યુના દર્પમાંથી જાણે કે અમને છોડાવવા ઉદ્યુક્ત થયો હોય એમ અહીં આવ્યો છે. (૩૦)

(પ્રવેશ કરીને–)

મધ્યમ (બીજો પુત્ર) : આ કમળસરોવરમાં આચમન કરીને, કમળના પાંદડામાં ઉજજ્વળ અને પરલોકમાં દુર્લભ એવું જળ મેં જાતે જ મારી જાતને આપ્યું. (૩૧) (નજીક જઈને)

અરે પુરુષ ! આ હું આવી ગયો છું.

ઘટોત્કચ : હા, હવે ખરા મધ્યમ તમે છો. અરે ઓ મધ્યમ ! આ બાજુએથી, આ બાજુએથી.

વૃદ્ધ (બ્રાહ્મણ) : (ભીમસેન પાસે જઈને) અરે મધ્યમ ! આ બ્રાહ્મણકુળને બચાવી લો.

ભીમ : ડરવાની જરૂર નથી. હું 'મધ્યમ' તમને પ્રણામ કરું છું.

વૃદ્ધ (બ્રાહ્મણ) : વાયુની જેમ દીર્ઘાયુ થાવ.

भीमः—अनुगृहीतोऽस्मि । कुतो भयमार्यस्य ?

वृद्धः—श्रूयताम् । अहं खलु कुरुराजेन युधिष्ठिरेणाधिष्ठितपूर्वे कुरुजाङ्गले यूपग्रामवास्तव्यो माठरसगोत्रश्च कल्पशाखाध्वर्युः केशवदासो नाम ब्राह्मणः । तस्य ममोत्तरस्यां दिशि उद्यामकग्रामवासी मातुलः कौशिकसगोत्रो यज्ञबन्धुर्नामास्ति । तस्य पुत्रोपनयनार्थं सकलत्रोऽस्मि प्रस्थितः ।

भीमः—अश्छिद्रोऽस्तु पन्थाः । ततस्ततः ?

वृद्धः—ततो मामेष हि—

सजल-जलद-गात्रः पद्मपत्रायताक्षो
मृगपति-गतिलीलो राक्षसः प्रोग्रदंष्ट्रः ।
जगति विगतशङ्कस्त्वद्विधानां समक्षं
ससुतपरिजनं भो ! हन्तुकामोऽभ्युपैति ॥ ३२ ॥

भीमः—एवम् । अनेन ब्राह्मणजनस्य मार्गविघ्नः कृतः । भवतु, निग्रहिष्यामि तावदेनम् । भोः पुरुष ! तिष्ठ तिष्ठ ।

घटोत्कचः—एष स्थितोऽस्मि ।

भीमः—किमर्थं ब्राह्मणजनमपराध्यसि ?

पुत्रनक्षत्रकीर्णस्य पत्नीकान्तप्रभस्य च ।
वृद्धस्य विप्रचन्द्रस्य भवान् राहुरिवोत्थितः ॥ ३३ ॥

घटोत्कचः—अथ किम् । राहुरेव ।

भीमः—आः ।

निवृत्तव्यवहारोऽयं सदारस्तनयैः सह ।
सर्वापराधेऽवध्यत्वान्मुच्यतां द्विजसत्तमः ॥ ३४ ॥

घटोत्कचः—न मुच्यते ।

भीमः—(आत्मगतम्) भोः । कस्य पुत्रेणानेन भवितव्यम् ?

भ्रातृणां मम सर्वेषां कोऽयं भोः गुणतस्करः ।
दृष्ट्वैतद्बालशौण्डीर्यं सौभद्रस्य स्मराम्यहम् ॥ ३५ ॥

(प्रकाशम्) भोः पुरुष ! मुच्यताम् ।

घटोत्कचः—न मुच्यते ।

मुच्यतामिति विस्रब्धं ब्रवीति यदि मे पिता ।
न मुच्यते तथा ह्येष गृहीतो मातुराज्ञया ॥ ३६ ॥

ભીમ : હું અનુગૃહીત થયો છું. વડીલને કોના તરફથી ભય છે ?

વૃદ્ધ (બ્રાહ્મણ) : સાંભળો. હું કેશવદાસ નામનો બ્રાહ્મણ છું. કુરુરાજા યુધિષ્ઠિર જેમાં પહેલા રાજ કરતા હતા તે કુરુજાંગલ (= કુરુક્ષેત્ર)માં 'યૂપ' ગ્રામમાં રહું છું. માઠરનો સગોત્રી છું અને કલ્પશાખાનો અધ્વર્યુ છું. ઉત્તર દિશામાં આવેલા ઉદ્યામક ગ્રામમાં 'યજ્ઞબંધુ' નામના કૌશિક ગોત્રવાળા મારા મામા નિવાસ કરે છે. તેમના પુત્રોને યજ્ઞોપવિત આપવા માટે પત્ની–પુત્રો સહિત હું (ઘરેથી) નીકળ્યો છું.

ભીમ : તમારો માર્ગ વિઘ્નરહિતનો બની રહો. ત્યાર પછી શું ? ?

વૃદ્ધ (બ્રાહ્મણ) : ત્યાર પછી, મને આ જળથી ભરેલા વાદળના જેવો (શ્યામ) વર્ણવાળો, કમળપત્રના જેવા વિશાળ નેત્રવાળો, સિંહની ગતિ જેવી લીલાવાળો, ખૂબ ઊંચી દાઢવાળો (આ) રાક્ષસ, કે જેને આ જગત્‌માં કોઈનોય ડર નથી તે તમારા જેવાની હાજરીમાં (મને), અરે (ઓ ભીમ) ! પુત્રો અને પરિવાર સહિત હણી કાઢવા માટે આવી પહોંચ્યો છે. (૩૨)

ભીમ : ઠીક. આણે (ઘટોત્કચે) બ્રાહ્મણજનના માર્ગમાં વિઘ્ન ઊભું કર્યું છે. સારું, તો હું આને પડકારીશ. અરે એ પુરુષ ! ઊભો રહે, ઊભો રહે.

ઘટોત્કચ : આ ઊભો રહ્યો.

ભીમ : શું કરવા બ્રાહ્મણજનનો અપરાધ કરે છે ? પુત્ર રૂપી નક્ષત્રો (જેની આસપાસ) ફેલાયેલા છે, પત્નીની કાન્તા સમી જેની પ્રભા છે તેવા આ વૃદ્ધ બ્રાહ્મણ રૂપી ચન્દ્રમાના (માર્ગમાં) તું રાહુની જેમ આવી પડ્યો છે (?) (૩૩)

ઘટોત્કચ : હા, રાહુ જ (છું.)

ભીમ : અરે !

બધા પ્રકારના અપરાધોમાં અવધ્ય હોવાને કારણે આ બ્રાહ્મણશ્રેષ્ઠ, કે જે બધા વ્યવહારોમાંથી પરવારી ગયો છે તેને પત્ની અને પુત્રો સહિત (તું) છોડી દે. (૩૪)

ઘટોત્કચ : (અમે) નથી છોડતા.

ભીમ : (સ્વગત વિચારે છે) : અરે ! આ કોનો પુત્ર હશે ? મારા બધા ભાઈઓના (શૌર્યાદિ)ગુણોને ચોરી લેનાર આ કોણ છે ? કૌમારાવસ્થાનું આ ઔદ્ધત્ય જોઈને મને (અભિમન્યુ)ની યાદી આવી જાય છે. (૩૫)

(મોટેથી – પ્રકટ)

અરે પુરુષ ! છોડી દે.

ઘટોત્કચ : નથી છોડતા.

'છોડી દે' એવું જો નિશ્ચયપૂર્વક મારા પિતા પણ કહે, તોય નહીં છોડવામાં આવે. કેમકે આને (મારી) માતાની આજ્ઞાથી પકડ્યા છે. (૩૬)

भीमः—(आत्मगतम्) कथं मातुराज्ञेति ? अहो गुरुशुश्रूषुः खल्वयं तपस्वी ।

माता किल मनुष्याणां दैवतानां च दैवतम् ।
मातुराज्ञां पुरस्कृत्य वयमेतां दशां गताः ॥ ३७ ॥

(प्रकाशम्) भोः पुरुष ! प्रष्टव्यं खलु तावदस्ति ।

घटोत्कचः—ब्रूहि, ब्रूहि शीघ्रम् ।

भीमः—का नाम भवतो माता ?

घटोत्कचः—श्रूयताम् । हिडिम्बा नाम राक्षसी,

कौरव्यकुलदीपेन पाण्डवेन महात्मना ।
सनाथा या महाभागा पूर्णेन [1]द्यौरिवेन्दुना ॥ ३८ ॥

भीमः—(सहर्षमात्मगतम्) एवं हिडिम्बायाः पुत्रोऽयम् । सदृशो ह्यस्य गर्वः ।

रूपं सत्त्वं बलं चैव पितृभिः सदृशं बहु ।
प्रजासु वीतकारुण्यं मनश्चैवास्य कीदृशम् ॥ ३९ ॥

(प्रकाशम्) भोः पुरुष ! मुच्यताम् ।

घटोत्कचः—न मुच्यते ।

भीमः—भो ब्राह्मण ! गृह्यतां तव पुत्रः । वयमेनमनुगमिष्यामः ।

द्वितीयः—मा मा भवानेवम् ।

त्यक्ताः प्रागेव मे प्राणाः गुरुप्राणेष्वपेक्षया ।
युवा रूपगुणोपेतो भवांस्तिष्ठतु भूतले ॥ ४० ॥

भीमः—आर्य ! मा मैवम् । क्षत्रियकुलोत्पन्नोऽहम् । पूज्यतमाः खलु ब्राह्मणाः । तस्मान्मच्छरीरेण ब्राह्मणशरीरं विनिमातुम् इच्छामि ।

घटोत्कचः—एवं क्षत्रियोऽयम् । तेनास्य दर्पः । भवतु; इममेवं [2]गृहीत्वा नेष्यामि । अथ केनायं वारितः ?

भीमः—मया ।

घटोत्कचः—किं त्वया ?

भीमः—अथ किम् ।

घटोत्कचः—तेन हि भवानेवागच्छतु ।

भीमः—एवम् [3]अतिबलवीर्यान्नानुगच्छामि । यदि ते शक्तिः अस्ति, बलात्कारेण मां नय ।

---

१. धौरिवात्मना । २. हत्वा । ३. अतिवीर्थबलं ।

ભીમ : (સ્વગત) શું 'માતાની આજ્ઞાથી' (પકડ્યો છે) ? આ બિચારો વડીલોની સેવા કરનારો લાગે છે ! કહેવાય છે કે– માતા માણસો અને દેવતાઓ માટે પરમ દૈવત (= ઈશ્વરીય સ્વરૂપ) છે. માતાની આજ્ઞાને આગળ કરવાથી (સ્વીકારવાથી) તો અમે આ દશાને પામ્યા છીએ ! (૩૭)

(મોટેથી–પ્રકટ)

અરે પુરુષ ! તને કંઈક પૂછવાનું મન થાય છે.

ઘટોત્કચ : બોલ, બોલ જલ્દી.

ભીમ : કોણ છે તારી માતા ?

ઘટોત્કચ : સાંભળો. હિડિમ્બા નામની રાક્ષસી, કે જે – આકાશ જેમ પૂર્ણ ચન્દ્ર વડે સનાથિત થાય એમ કૌરવ્યકુળના દીપક મહાત્મા પાંડવ મધ્યમ ભીમ–થી સનાથા બનેલી છે ! (૩૮)

ભીમ : (હર્ષપૂર્વક સ્વગત) અચ્છા ! તો આ હિડિમ્બાનો પુત્ર છે ! આનો ગર્વ અનુરૂપ છે.

(આનું) રૂપ, સત્ત્વ અને બળ એના પિતાઓને ઘણું મળતું આવે છે. પણ પ્રજાને વિશે કરુણા વિનાનું આનું મન કેવું (ક્રૂર) છે ? (૩૯)

(મોટેથી–પ્રકટ)

અરે પુરુષ ! છોડી દે.

ઘટોત્કચ : નથી છોડતા.

ભીમ : અરે બ્રાહ્મણ ! આ તારા પુત્રને (પાછો) લઈ લે. અમે જ એની પાછળ જઈશું.

દ્વિતીય (પુત્ર) : ના, ના, શ્રીમાન્ એવું નહીં.

વડીલોના પ્રાણો બચાવવા માટે મેં પહેલેથી જ પ્રાણોનો (માનસિક) ત્યાગ કર્યો છે, આપ રૂપ અને ગુણથી યુક્ત યુવાન્ છો, તો પૃથિવી ઉપર (ચિરંજીવ) રહો. (૪૦)

ભીમ : આર્ય ! ના, એવું નહીં. હું ક્ષત્રિયકુળમાં જન્મ્યો છું અને બ્રાહ્મણો પૂજ્યતમ ગણાયા છે. માટે આ મારા શરીરના બદલામાં બ્રાહ્મણના શરીરને (રક્ષવા) ઇચ્છું છું.

ઘટોત્કચ : (સ્વગત) ઠીક. આ ક્ષત્રિય છે, તેથી આનો આ દર્પ છે. સારું, આ (ભીમ)ને જ હણીને લઈ જઈશ.

(મોટેથી–પ્રકટ)

આ (દ્વિતીય બ્રાહ્મણ–પુત્ર)ને (મારી સાથે આવતાં) કોના વડે રોકવામાં આવે છે ?

ભીમ : મારા વડે.

ઘટોત્કચ : શું તારા વડે ?

ભીમ : હા.

ઘટોત્કચ : તો તમે જ આવો.

ભીમ : તું ઘણો બળવાન અને પરાક્રમી છું, (એમ તું માને છે), એ કારણે હું તને નહીં અનુસરું. જો તારામાં શક્તિ હોય તો મને બળપૂર્વક લઈ જા.

घटोत्कचः—किं मां प्रत्यभिजानीते भवान् ?

भीमः—मत्पुत्र इति जाने ।

घटोत्कचः—कथं कथं तव पुत्रोऽहम् ?

भीमः—कथं रुष्यति ! मर्षयतु भवान् । सर्वाः प्रजाः क्षत्रियाणां पुत्रशब्देनाभिधीयन्ते। अत एवं मयाभिहितम् ।

घटोत्कचः—भीतानामायुधं गृहीतम् ।

भीमः—

शपामि सत्येन भयं न जाने ज्ञातुं तदिच्छामि भवत्समीपे।
किंरूपमेतद्वद भद्र तस्य गुणागुणज्ञः सदृशं प्रपत्स्ये ॥ ४१ ॥

घटोत्कचः—एष ते भयमुपदिशामि । गृह्यतामायुधम् ।

भीमः—आयुधमिति ? गृहीतमेतत् ।

घटोत्कचः—कथमिव ?

भीमः—

काञ्चनस्तम्भसदृशो रिपूणां निग्रहे रतः ।
अयं तु दक्षिणो बाहुरायुधं [1]सहजं मम ॥ ४२ ॥

घटोत्कचः—इदमुपपन्नं पितुर्मे भीमसेनस्य ।

भीमः—अथ कोऽयं भीमो नाम ?

विश्वकर्ता शिवः कृष्णः शक्रः शक्तिधरो यमः ।
एतेषु कथ्यतां भद्र ! केन ते सदृशः पिता ॥ ४३ ॥

घटोत्कचः—सर्वैः ।

भीमः—धिगनृतमेतत् ।

घटोत्कचः—कथं कथमनृतमित्याह ! क्षिपसि मे गुरुम् ? भवतु, इमं स्थूलं वृक्षमुत्पाट्य प्रहरामि । (उत्पाट्य प्रहरति) कथमनेनापि न शक्यते हन्तुम् ? किं नु खलु करिष्ये ? भवतु; दृष्टम् । एतद्गिरकूटम् उत्पाट्य प्रहरामि ।

शैलकूटं मयाक्षिप्तं प्राणानादाय यास्यति ।

भीमः—

रुष्टोऽपि कुञ्जरो वन्यो न व्याघ्रं धर्षयेद्वने ॥ ४४ ॥

घटोत्कचः—(प्रहृत्य) कथमनेनापि न शक्यते हन्तुम् ? किं खलु नु करिष्ये ? भवतु, दृष्टम् ।

नन्वहं भीमसेनस्य पुत्रः पौत्रो नभस्वतः ।
तिष्ठेदानीं सुसन्नद्धो, नियुद्धे नास्ति मत्समः ॥ ४५ ॥

(इत्युभौ नियुद्धं कुरुतः)

घटोत्कचः—(भीमसेनं बद्ध्वा)

---

१. सदृशं ।

ઘટોત્કચ : તમે મને ઓળખો છો, (હું કોણ છું)?

ભીમ : હું જાણું છું કે– 'તું મારો પુત્ર છે.'

ઘટોત્કચ : શું શું, હું તારો પુત્ર છું ?

ભીમ : શા માટે રોષે ભરાવ છો ? આપ માફ કરો. ક્ષત્રિયો બધી પ્રજાને 'પુત્ર' શબ્દથી સંબોધે છે. આથી મેં આવું કહ્યું.

ઘટોત્કચ : ડરપોકનું આયુધ ગ્રહણ કર્યું.

ભીમ : સત્યના સોગંદ ખાઈને કહું છું કે હું ભય (છું ચીજ છે એ) જાણતો નથી. એ તારી પાસેથી જાણવા માંગું છું. હે ભદ્ર ! કહે—એ ભયનું રૂપ કેવું છે ? હું તે (ભય)ના ગુણો અને અવગુણો જાણીને જે કંઈક કરવા જેવું હશે તે કરીશ. (૪૧)

ઘટોત્કચ : આ હું તને ભયનો પાઠ ભણાવું. ચાલ ઉપાડ આયુધ.

ભીમ : શું આયુધ ? એ તો લઈ લીધેલું જ છે.

ઘટોત્કચ : કેવી રીતે ?

ભીમ : સુવર્ણના સ્તંભ જેવો અને શત્રુઓનું દમન કરવામાં રત એવો આ (મારો) જમણો હાથ, મારું સહજ (= સાથે જન્મેલું) આયુધ છે. (૪૨)

ઘટોત્કચ : આ (વાક્ય તો) મારા પિતા ભીમસેનને (બોલવું) યોગ્ય છે.

ભીમ : આ કોણ છે 'ભીમ' નામનો (માણસ) ? વિશ્વનો કર્તા (બ્રહ્મા) શિવ, કૃષ્ણ, ઈન્દ્ર, શક્તિધર (= કુમાર કાર્તિકેય) અને યમરાજ– એ બધામાંથી હે ભદ્ર ! કોના જેવો છે તારો પિતા ? (૪૩)

ઘટોત્કચ : તે બધાના જ જેવો છે.

ભીમ : ધિક્કાર છે; આ અસત્ય છે.

ઘટોત્કચ : શું શું, 'આ અસત્ય છે' એમ કહે છે? મારા વડીલની નિંદા કરે છે ? ભલે, આ સ્થૂળ વૃક્ષ ઊંચકીને પ્રહાર કરું છું. (ઉખેડીને પ્રહાર કરે છે.) શું આનાથી પણ હણવા શક્ય નથી. તો શું કરીશ ? ઠીક, સમજાયું. આ પર્વતનું શિખર ઉખાડીને ફેકું છું.

મેં પર્વતનું શિખર ફેંક્યું છે, જે (ભીમના) પ્રાણો લઈને રહેશે.

ભીમ : જંગલી હાથી ગુસ્સે ભરાય તો પણ વનમાં સિંહની જોડે સંઘર્ષમાં ઊતરતો નથી. (૪૪)

ઘટોત્કચ : (પ્રહાર કરીને) શું આનાથી પણ હણવા શક્ય નથી. તો શું કરું ? ઠીક. સૂઝ્યું.

અરે હું ભીમસેનનો પુત્ર અને વાયુનો પૌત્ર છું. તું તૈયાર થઈને ઊભો રહે; બાહુયુદ્ધમાં મારા જેવો (બીજો કોઈ) નથી. (૪૫)

(બન્ને બાહુયુદ્ધ કરે છે.)

ઘટોત્કચ : (ભીમસેનને બાંધીને–) મારી બે ભુજાઓથી હાથીની જેમ દઢપાશોથી બંધાયેલો (તું), (મારા) બાહુઓની શક્તિનું ઉલ્લંઘન કરીને અહીંથી તું કેવી રીતે જઈશ ? (૪૬ અ)

व्रजसि कथमिह त्वं वीर्यमुल्लङ्घ्य बाह्वो-
र्गज इव दृढपाशैः पीडितो मद्भुजाभ्याम् ।

भीमः–(आत्मगतम्) कथं गृहीतोऽस्म्यनेन ? भोः सुयोधन । वर्धते ते शत्रुपक्षः ! कृतरक्षो भव । (प्रकाशम्) भोः पुरुष । अवहितो भव ।

घटोत्कचः–अवहितोऽस्मि !

भीमः–(नियुद्धबन्धमवधूय)

व्यपनय बलदर्पं दृष्टसारोऽसि वीर !
नहि मम परिखेदो विद्यते बाहुयुद्धे ॥ ४६ ॥

घटोत्कचः–कथमनेनापि न शक्यते हन्तुम् । किंनु खलु करिष्ये ? भवतु, दृष्टम्। अस्ति मातृप्रसादलब्धो मायापाशः । तेन बध्वैनं नेष्यामि। कुतः, खल्वापः ? भो गिरे! आपस्तावत् । हन्त ! स्रवति । (आचम्य, मन्त्रं जपति) भोः पुरुष !

मायापाशेन बद्धस्त्वं विवशोऽनुगमिष्यसि[1] ।
राजसे रज्जुभिर्बद्धः शक्रध्वज इवोत्सवे ॥ ४७ ॥

(इति मायया बध्नाति)

भीमः–कथं मायापाशेन बद्धोऽस्मि ! किमिदानीं करिष्ये ? भवतु, दृष्टम् । अस्ति मे महेश्वरप्रसादाल्लब्धो मायापाशमोक्षो मन्त्रः । तं जपामि। कुतः खल्वापः ? भो ब्राह्मणकुमार! आनय कमण्डलुगता आपः ।

वृद्धः–इमा आपः ।

(भीमः आदायाचम्य मन्त्रं जप्त्वा मायामपनयति)

घटोत्कचः–अये पतितः पाशः ! किमिदानीं करिष्ये ? भवतु, दृष्टम्। भोः पुरुष! पूर्वसमयं स्मर !

भीमः–समयमिति ? एष स्मरामि । गच्छाग्रतः ।

(उभौ परिक्रामतः)

वृद्धः–पुत्रकाः ! किं कुर्मः ? अयं गच्छति वृकोदरः ।

आक्रम्य राक्षसमिमं ज्वलदुग्ररूप-
मुग्रेण बाहुबलवीर्यगुणेन युक्तम् ।
एष प्रयाति शनकैरवधूय शीघ्र-
मासारवर्षमिव गोवृषभस्सलीलम् ॥ ४८ ॥

घटोत्कचः–इह तिष्ठ । त्वदागमनमम्बायै निवेदयामि ।

भीमः–बाढम् । गच्छ ।

घटोत्कचः–(उपसृत्य) अम्ब ! अहमभिवादये । चिराभिलषितो भवत्या आहारार्थमानीतो मानुषः ।

---

१. न गमिष्यति ।

ભીમ : (સ્વગત) શું આણે મને પકડ્યો ? અરે સુયોધન ! તારો શત્રુપક્ષ વધી રહ્યો છે. તારી જાતને સાચવજે. (પ્રકટ—મોટેથી) અરે પુરુષ ! સાવધાન થજે.

ઘટોત્કચ : સાવધાન છું.

ભીમ : (બાહુપાશને છોડાવી દઈને–) હે વીર ! તારા બળના દર્પને છોડી દે; તારી તાકાત દેખાઈ ગઈ છે. બાહુયુદ્ધ કરવામાં મને ખેદ – થાક લાગતો નથી. (૪૬ ब).

ઘટોત્કચ : શું આનાથી પણ હણવો શક્ય નથી. ખરેખર, હું શું કરીશ ? ઠીક, સમજાયું. (મારી પાસે) માતાની કૃપાથી પ્રાપ્ત થયેલ માયાપાશ છે, તેનાથી આને બાંધીને લઈ જઈશ.

ક્યાં છે પાણી ? અરે પર્વત ! પાણી લાવો..... આહ..... (પાણી) ટપકે છે. (આચમન કરીને, મંત્ર જપે છે.)

અરે પુરુષ ! માયાપાશથી તું બંધાયો છે; હવે પરવશ થઈને મારી પાછળ આવીશ. ઉત્સવમાં દોરડાઓથી બંધાયેલા, ઈન્દ્રના ધ્વજ જેવો તું દેખાય છે. (૪૭)

(માયાથી—ભીમને—બાંધે છે.)

ભીમ : હું શું માયા રૂપી પાશથી બંધાયો છું ? હવે શું કરીશ ? ઠીક, સમજાયું, મારી પાસે મહેશ્વરની કૃપાથી પ્રાપ્ત થયેલ, માયાપાશમાંથી છોડાવનારો મંત્ર છે. તેનો જાપ કરું. ક્યાં છે પાણી ? અરે બ્રાહ્મણકુમાર ! કમંડલુમાં રહેલું પાણી લાવ.

વૃદ્ધ : આ રહ્યું પાણી, (ભીમ પાણી લઈને, આચમન કરીને, મંત્ર જપીને માયાને દૂર કરે છે.)

ઘટોત્કચ : અહો, પાશ (બંધન) છૂટી ગયાં ! હવે શું કરું ? ઠીક, સૂઝ્યું. અરે પુરુષ ! પહેલાં આપેલા વચનને યાદ કર.

ભીમ : વચન ? હા, યાદ આવ્યું, ચાલ, આગળ ચાલ.

(બન્ને રંગભૂમિ ઉપર થોડું ચાલે છે.)

વૃદ્ધ બ્રાહ્મણ : પુત્રો આપણે શું કરીશું ? આ વૃકોદર – ભીમ – તો જાય છે.

જેવી રીતે મૂશળધાર વરસાદને એકદમ ગણકાર્યા વિના વૃષભશ્રેષ્ઠ લીલાપૂર્વક ધીમે ધીમે ચાલવા મંડે તેવી રીતે પોતાના ઉગ્ર બાહુઓના બળ અને પરાક્રમ રૂપી ગુણોથી આ પ્રચંડ ઉગ્ર રૂપવાળા રાક્ષસને જીતીને આ—ભીમ—ધીમે ધીમે જાય છે. (૪૮)

ઘટોત્કચ : અહીં ઊભો રહે, (મારી) માતાને તારા આગમનની જાણ કરું.

ભીમ : ઠીક જા.

ઘટોત્કચ : (નજીક જઈને) માતા ! હું પ્રણામ કરું છું. તું ઘણા સમયથી રાહ જોતી હતી તેવા માણસને તારા આહાર માટે લાવવામાં આવ્યો છે.

(प्रविश्य) हिडिम्बा—जात ! चिरं जीव । [जाद ! चिरं जीव]

घटोत्कचः—अनुगृहीतोऽस्मि ।

हिडिम्बा—जात ! कीदृशो मानुष आनीतः ? [जाद ! कीदिसो माणुसो आणीदो ?]

घटोत्कचः—भवति ! रूपमात्रेण मानुषः; न वीर्येण ।

हिडिम्बा—किं ब्राह्मणः ? [किं बम्हणो ?]

घटोत्कचः—न ब्राह्मणः ।

हिडिम्बा—अथवा स्थविरः ? [आदु थेरो ?]

घटोत्कचः—न वृद्धः ।

हिडिम्बा—किं बालः ? [किं वाळो ?]

घटोत्कचः—न बालः ।

हिडिम्बा—यद्येवं, पश्यामि तावदेनम् ! [जव एव्व, पेक्खामि दाव णं।] (उभौ परिक्रामतः)

हिडिम्बा—किमेष मानुष आनीतः ? [किं एसो माणुसो आणीदो]

घटोत्कचः—अम्ब ! कोऽयम् ?

हिडिम्बा—उन्मत्तक ! दैवतं खल्वस्माकम् । [उम्मत्तअ ! दब्वदं खु अम्हाअं ।]

घटोत्कचः—आः ! कस्य दैवतम् ?

हिडिम्बा—तव च, मम च । [तव अ, मम अ ।]

घटोत्कचः—कः प्रत्ययः ?

हिडिम्बा—अयं प्रत्ययः । जयत्वार्यपुत्रः । [अअं पच्चओ ! जेदु अब्उत्तो !]

भीमः—(विलोक्य) का पुनरियम् ? अये देवी हिडिम्बा[1] !

अस्माकं भ्रष्टराज्यानां भ्रमतां गहने वने ।
जातकारुण्यया देवि ! सन्तापो नाशितस्त्वया ॥ ४९ ॥

हिडिम्बे ! किमिदम् ?

हिडिम्बा—(कर्णे) आर्यपुत्र ! ईदृशमिव । [अय्यउत्त ! ईदिसं विअ।]

भीमः—जात्या राक्षसी, न समुदाचारेण !

हिडिम्बा—उन्मत्तक ! अभिवादय पितरम् । [उम्मत्तअ ! अभिवादेहि पिदरं ।]

घटोत्कचः—भोस्तात !

अज्ञानात्तु मया पूर्वं यद्भवान्नाभिवादितः ।
अस्य पुत्रापराधस्य प्रसादं कर्तुमर्हसि ॥ ५० ॥

अहं स धार्तराष्ट्र-वनदवाग्निः घटोत्कचोऽभिवादये । पुत्रचापलं क्षन्तुमर्हसि।

१. कान्तमेव । २. धार्तराष्ट्रवनदाग्निपुत्रापेक्षीणि ।

(પ્રવેશ કરીને)

હિડિમ્બા : બેટા ઘણું જીવ.

ઘટોત્કચ : હું અનુગૃહીત થયો.

હિડિમ્બા : બેટા ! કેવો માણસ તું લાવ્યો છે ?

ઘટોત્કચ : માતા ! દેખાવમાં જ માણસ છે, શક્તિમાં નહીં !

હિડિમ્બા : તે શું બ્રાહ્મણ છે ?

ઘટોત્કચ : બ્રાહ્મણ નથી.

હિડિમ્બા : તો શું ઘરડો છે ?

ઘટોત્કચ : ઘરડો નથી.

હિડિમ્બા : શું બાળક છે ?

ઘટોત્કચ : ના, બાળક નથી.

હિડિમ્બા : જો એમ હોય તો—લાવ જાતે જ જોઉં એને.

(બન્ને રંગભૂમિ ઉપર થોડુંક ચાલે છે.)

હિડિમ્બા : શું, આ માણસને લાવ્યો છે ? !

ઘટોત્કચ : માતા ! કેમ કોણ છે આ ?

હિડિમ્બા : અરે પાગલ ! આ તો આપણાં ઈશ્વર છે.

ઘટોત્કચ : શું ? કોના ઈશ્વર છે ?

હિડિમ્બા : તારા અને મારા.

ઘટોત્કચ : એની શી ખાતરી ?

હિડિમ્બા : આ ખાતરી, "પતિદેવનો જય હો" !

ભીમ : (જોઈને) આ સ્રી કોણ ? અરે આ તો દેવી હિડિમ્બા છે. હે દેવી ! જેને કરુણા ઉત્પન્ન થઈ છે એવી તેં જેમનું રાજ્ય ભ્રષ્ટ થયું છે તેવા અને ગહન વનમાં ભટકતા અમારો સન્તાપ દૂર કર્યો છે. (૪૯)

હિડિમ્બા ! આ બધું શું છે !

હિડિમ્બા : (કાનમાં કહે છે :) પતિદેવ ! આના જેવું.....

ભીમ : તું જાતિથી રાક્ષસ છે, પણ આચારથી નહીં.

હિડિમ્બા : પાગલ, (તારા) પિતાને પ્રણામ કર.

ઘટોત્કચ : અરે પિતાજી ! તમને નહીં ઓળખતો હોવાને કારણે મેં પહેલાં આપને પ્રણામ કર્યા નથી; તો આપ પુત્રના અપરાધને માફ કરવા યોગ્ય છો. (૫૦)

આ હું ધાર્તરાષ્ટ્રોના વનને બાળી મૂકનારા અગ્નિ સમો ઘટોત્કચ (આપને) પ્રણામ કરું છું. પુત્રના તોફાનને ક્ષમા આપવા યોગ્ય છો.

भीमः—एह्येहि पुत्र । व्यतिक्रमकृतं क्षान्तमेव[1] । (इति परिष्वज्य) [2]अयं स धार्तराष्ट्रवनदावाग्निः । पुत्रापेक्षीणि खलु पितृहृदयानि । पुत्र, अतिबलपराक्रमो भव ।

घटोत्कचः—अनुगृहीतोऽस्मि ।

वृद्धः—एवं भीमसेनपुत्रोऽयं घटोत्कचः !

भीमः—पुत्र ! अभिवादयात्रभवन्तं केशवदासम् ।

घटोत्कचः—भगवन् ! अभिवादये ।

वृद्धः—पितृसदृशगुणकीर्तिर्भव ।

घटोत्कचः—अनुगृहीतोऽस्मि ।

वृद्धः—भो वृकोदर ! रक्षितमस्मत्कुलं, स्वकुलमुद्धृतं च । गच्छामस्तावत् ।

भीमः—

अनुग्रहात्तु भवतः सर्वमासीदिदं शुभम् ।
आश्रमोऽदूरतोऽस्माकं तत्र विश्रम्य गम्यताम् ॥ ५१ ॥

वृद्धः—कृतमातिथ्यमनेन जीवितप्रदानेन । तस्माद्गच्छामस्तावत् ।

भीमः—गच्छतु भवान् सकुटुम्बः पुनर्दर्शनाय ।

वृद्धः—बाढम् । प्रथमः कल्पः ।

(सपुत्रत्रयकलत्रो निष्क्रान्तः केशवदासः)

भीमः—हिडिम्बे ! इतस्तावत् । वत्स घटोत्कच ! इतस्तावत् । तत्रभवन्तं केशवदासं आश्रमपदद्वारमात्रमपि संभावयिष्यामः ।

यथा नदीनां प्रभवः समुद्रो
यथाहुतीनां प्रभवो हुताशनः ।
यथेन्द्रियाणां प्रभवं मनोऽपि
तदा प्रभुर्नो भगवानुपेन्द्रः ॥ ५२ ॥

(निष्क्रान्तास्सर्वे)

मध्यमव्यायोगोऽवसितः ॥

★ ★ ★

---

१. कान्तमेव; २. धार्तराष्ट्रवनदावाग्निपुत्रापेक्षीणि ।

ભીમ : આવ, આવ પુત્ર ! અપરાધને ક્ષમા આપી જ દેવામાં આવી છે. (એમ કહીને ભેટે છે.) આ તે ધાર્તરાષ્ટ્રોના વનનો દવાગ્નિ. પિતાઓનાં હૃદયો તો હંમેશા પુત્રની અપેક્ષા રાખનારાં હોય છે. હે પુત્ર ! ખૂબ બળવાન પરાક્રમી થા.

ઘટોત્કચ : હું અનુગૃહીત થયો છું.

વૃદ્ધ (બ્રાહ્મણ) : અચ્છા, તો આ ભીમસેનનો પુત્ર ઘટોત્કચ જ છે ! !

ભીમ : બેટા ! આ શ્રીમાન્ કેશવદાસને પ્રણામ કર.

ઘટોત્કચ : હે ભગવન્ ! પ્રણામ કરું છું.

વૃદ્ધ (બ્રાહ્મણ) : પિતાના જેવા ગુણો અને કીર્તિવાળો થા.

ઘટોત્કચ : હું અનુગૃહીત થયો છું.

વૃદ્ધ બ્રાહ્મણ : અરે વૃકોદર ! તમે અમારા કુળની રક્ષા કરી અને પોતાના કુળનો ઉદ્ધાર કર્યો. તો અમે જઈએ.

ભીમ : આપના અનુગ્રહથી આ બધું શુભ થયું છે. તો અમારો આશ્રમ નજીકમાં જ છે, તેમાં વિશ્રામ કરીને પછી જાવ. (૫૧)

વૃદ્ધ (બ્રાહ્મણ) : આ જીવન જ પાછું અપાવીને તમે આતિથ્ય કરી નાખ્યું છે માટે અમે જઈએ જ.

ભીમ : ફરી મળીશું, આપ કુટુંબ સહિત પધારો.

વૃદ્ધ (બ્રાહ્મણ) : હા, આ વિચાર બરાબર છે. (ત્રણ પુત્રો અને પત્ની સાથે કેશવદાસ જાય છે.)

ભીમ : હે હિડિમ્બા ! આ તરફ. દીકરા ઘટોત્કચ ! આ બાજુ, તે કેશવદાસને આશ્રમના દરવાજા સુધી મૂકી આવીએ.

જેવી રીતે નદીઓના સ્વામીઓ સમુદ્ર છે, આહુતિઓના સ્વામી અગ્નિ છે અને ઇન્દ્રિયોના સ્વામી તરીકે મન છે તેવી રીતે ભગવાન ઉપેન્દ્ર અમારા સ્વામી (થાવ.) (૫૨)

(બધા રંગભૂમિ ઉપરથી નીકળી જાય છે.)

'મધ્યમ' નામનું વ્યાયોગ પ્રકારનું રૂપક પૂર્ણ થયું.

★★★

ટિપ્પણી

શ્લોક : (૧) हरेः सः पादः वः पायात् ।

વિષ્ણુનો તે પાદ તમારું રક્ષણ કરે.

अम्बरसागरस्य वैदूर्यसंक्रम इव, यः त्रिभुवनक्रमणे रराज, (यः) प्रद्योतः, कुवलयामलखड्गनीलः असुरवधूहृदयावसादः सः हरेः पादः वः पायात् ।

વામન સ્વરૂપે અવતરેલા હરિ-વિષ્ણુએ ત્રણ ડગલાંમાં ત્રણેય ભુવનોને માપી લીધા હતા તે પુરાણકથાનો ઉપયોગ કરીને કવિએ આ મંગલશ્લોકની રચના કરી છે. આ શ્લોકમાં વિષ્ણુના ત્રિવિક્રમ પાદની સ્તુતિ કરવામાં આવી છે. અહીં अम्बरसागरः अम्बरमेव सागरः ।માં રૂપક અલંકાર છે અને વૈદૂર્યસંક્રમ રૂપમાં ઉત્પ્રેક્ષા અલંકાર છે. "આકાશ રૂપી સાગરને પાર કરી જવા માટે જાણે કે વૈદૂર્ય-ઇન્દ્રનીલમણિનો संक्रम પુલ હોય તેવો વિષ્ણુનો પાદ."

(૩) सदारैः, तरुणैः भ्रान्तैः सुतैः परिवृतः सः एषः निशिचरानुचरः वृद्धः द्विजः आकुलताम् उपैति ।

सधेनुः सन्त्रस्तवत्सकः व्याघ्रानुसारचकितो वृषभः इव (स एष द्विजः) आकुलताम् उपैति ॥

આ શ્લોકમાં सन्त्रस्तवत्सकः–भ्रान्तैः सुतैः परिवृतः सधेनु–सदारैः, वृषभः–वृद्धः द्विजः અને व्याघ्रानुसारचकितः–निशिचरानुचरः એ ઉપમાનોપમેયની સુગ્રથિતતા ચિત્તાકર્ષક છે. આ શ્લોક કવિની કવિતા શક્તિનો સારો પરિચય આપતો ગણી શકાય. ભીમ અને હિડિમ્બાને અરણિ-શમીના બે લાકડા-સાથે સરખાવવામાં આવ્યા છે. તથા ઘટોત્કચને અરણિમાંથી ઉત્પન્ન થતા અગ્નિ સાથે સરખાવવામાં આવ્યો છે. આ રીતે તે પૂર્ણ રૂપકનું ઉદાહરણ બને છે.

(૪) વૃદ્ધ કેશવદાસ પોતે બ્રાહ્મણ હોવાથી આ નિશિચર ઘટોત્કચના ભયાનક સ્વરૂપમાં યુગનો સંહાર કરતા શંકરની પ્રતિમા જુવે છે.

तरुणरविकरप्रकीर्णकेशः તરુણ અર્થાત્ મધ્યાહ્ન સમયના રવિ = સૂર્યના કરકિરણો જેવા વીખરાયેલા કેશવાળો (બહુવ્રીહિ). મહાભારતમાં "ઘટોત્કચ" નામનો અર્થ નીચે મુજબ આપવામાં આવ્યો છે :

घटो हास्योत्कच इति माता तं प्रत्यभाषत । (ह अस्य उत्कचः)

अब्रवीत्तेन नामास्य घटोत्कच इति स्म ह ॥ (आदिपर्वणि १५५-१५८)

અહીં 'ઘટ' એટલે ઘડો, અર્થાત્ ઘડા જેવું મસ્તક અને ઉત્કચ એટલે 'વાળ વગરનું' (કચ = વાળ) આમ ઘટોત્કચ એટલે વાળ વગરના મસ્તકવાળો. ભાસે પોતાના ઘટોત્કચને

'પીળા વાળવાળો' तरुण रविकरप्रकीर्णकिशः (શ્લોક-૪માં) તથા कनककपिशकेशः (શ્લોક-૫માં) કહ્યો છે.

(૫) जलगर्भः-जलं गर्भे यस्य सः (मेघः). પાણી ભરેલું વાદળ. लीयमानेन्दुलेखः-लीयमाना इन्दोः = चन्द्रस्य लेखा = कला यस्मिन् सः । જેમાં ચન્દ્રની કળા લીન થઈ ગઈ છે તેવું વાદળ.

पाण्डरोद्वृत्तदंष्ट्रः-पाण्डरा = अतिधवला उद्वृत्ता ऊर्ध्वगामिनी दंष्ट्रा = दशनः यस्य सः । ઊંચે જતી અત્યંત સફેદ દાઢવાળો.

(૬) દ્વિતીય બ્રાહ્મણકુમાર ઘટોત્કચને શંકરના રોષ જેવો વર્ણવે છે : कलभदशनदंष्ट्रः-कलभः- મદનિયું, મદનિયાના જેવા (નાના) દાંતોની દાઢવાળો.

लाङ्गलाकारनासः-लाङ्गलस्य = हलस्य आकार इव नासा = नासिका यस्य सः । હળના જેવા આકારવાળી નાસિકાવાળો.

जीमूतः વાદળ, हूतवहः અગ્નિ.

(૭) તૃતીય બ્રાહ્મણકુમાર ઘટોત્કચના સ્વરૂપમાં સાક્ષાત્ મૃત્યુને જ આવી ઊભેલું જુવે છે. श्येनः- બાજ પક્ષી. पतत्रिन् પક્ષી. मृगसंघ પશુઓનું ટોળું. पुरुषविग्रहः — પુરુષનો દેહ ધારણ કરેલ (મૃત્યુ).

(૮) ताक्ष्यग्रिचपक्षपवनोद्धतरोषवह्निः- ताक्ष्यस्य = गरुडस्य अग्र्यपक्षाभ्याम् जनितो यः पवनः, स एव उद्धतः = प्रचण्डः रोषवह्निः = क्रोधाग्निः । ગરુડની આગળની પાંખના પવનથી જેનો ક્રોધાગ્નિ ભભૂકી ઊઠ્યો છે (તેવો ભુજંગ).

वृद्धः- सविमर्शा हि अस्य वाणी । 'આની વાણી વિમર્શવાળી છે.' આ ઘટોત્કચનો દેખાવ ભયાનક છે. પણ તેની વાણી વિચારશીલ વ્યક્તિ જેવી છે. તેમાં અવિચારીપણું કે ક્રૂરતા ડોકાતી નથી એવું કહેવાનો આશય લાગે છે. અહીં વિમર્શ એટલે કાર્યાકાર્યનો, યોગ્ય—અયોગ્યનો વિચાર.

जलक्लिन्नेन मुनिना — જળમાં ભીના થયેલા મુનિએ (કહ્યું છે કે), અથવા 'જલક્લિન્ન' એવા નામવાળા મુનિએ -

अनपेतराक्षसम् इदम् वनम्- રાક્ષસ ન હોય એવું આ વન નથી. અર્થાત્ રાક્ષસોથી ભરેલું આ વન છે. अनपेतराक्षसम्-अनपेताः राक्षसाः यस्मात् वनात् तत् । થી રહિત નહિ. એટલે કે '-થી ભરેલું'

ब्राह्मणी-किमिदानीमार्यो मध्यस्थवर्ण इव दृश्यते । 'આર્યે કેમ તટસ્થ હોય તેવા દેખાય છે.' અહીં मध्यस्थस्य उदासीनस्य इव वर्णः च्छाया यस्य सः । उपस्थित — विपत्प्रतीकारयत्नाऽकरणात् । (ઉદાસીન વ્યક્તિના જેવી કાંતિવાળા (ફિક્કા). સામે આવી ઊભેલી વિપત્તિનો પ્રતીકાર કરવાનો પ્રયત્ન નહીં થઈ શકવાથી ઉદાસીન બની ગયેલ) એવો શ્રી ટી. ગણપતિ શાસ્ત્રીએ અર્થ કર્યો છે.

વૃદ્ધ બ્રાહ્મણની ઉદાસીનતા - નિષ્ક્રિયતા ઉપર બ્રાહ્મણી અકળાઈ જાય છે. તેને રક્ષણ માટે બૂમો પાડવાનું સૂઝે છે. આ સન્દર્ભમાં શ્રી ર. છો. પરીખ લખે છે કે -

'બ્રાહ્મણિ, સાંભરતું નથી ? મુનિએ કહ્યું હતું કે આ વન રાક્ષસોથી રહિત નથી - માટે સંભાળપૂર્વક જવું ! એ જ આ ભય !' બ્રાહ્મણ બીચારો આભો બની ગયો છે. પણ બ્રાહ્મણી એ યાદ કરીને શું કરે ! 'આર્ય અત્યારે કેમ આમ તટસ્થ જેવા થઈ ગયા છો' કંઈક ઉપાલંભ સૂચક સ્વરથી બ્રાહ્મણી પૂછે છે. બ્રાહ્મણ-'શું કરું મન્દભાગ્ય !' બ્રાહ્મણી-'અરે બૂમો પાડીએ.' આ નાનકડા સંવાદમાં કવિએ સ્ત્રીસ્વભાવ બહુ સૂક્ષ્મતાથી બતાવ્યો છે. મુશીબતમાં પુરુષ જ્યારે હતાશ થઈ મૂઢ થઈ જાય છે ત્યારે સ્ત્રી તે સ્થિતિ સહન કરી શકતા નથી. જ્યારે સ્થિતિ એવી હોય કે કાંઈક કરે જ છૂટકો અને બુદ્ધિ ઉપર આધાર રાખનાર પુરુષની બુદ્ધિ એ સ્થિતિ સમજવામાં અને ઘટાવવામાં સમય વ્યતીત કરે ત્યારે સ્ત્રીની સહજ વૃત્તિ કાર્ય જ - પ્રવૃત્તિ જ - શોધે છે, હેતુ પાર પડે એવી પ્રવૃત્તિ છે કે નહિ એનો પણ વિચાર કરવા થંભ્યા વિના ! 'કશું નહિ તો છેવટે બૂમો પાડીએ !'' - આ નાટકમાં ''માણસ સ્વભાવના અનુભવોનો ઉપયોગ કરવાની નિપુણતા તો પગલે પગલે દેખાય છે.''

મહાભારતમાં ધૌમ્ય ઋષિનો નામોલ્લેખ આવે છે. પાંડવોના વનવાસ દરમ્યાન આ ગુરુવત્ ધૌમ્યે પાંડવોને સલાહો આપવાનું કામ કર્યું હતું.

वृद्धः- हन्त निराशाः स्मः । भवतु पुत्र व्यपाश्रयिष्ये तावदेनम् । અરેરે ! આપણે બધી રીતે નિરાશ થઈ ગયા. કંઈ વાંધો નહીં, દીકરા. આ (ઘટોત્કચ)ને જ કહું. (= વિનંતી કરી જોઉં.) (वि + अप + आ + श्रि + लृट् । =निवेदयिष्ये । व्यपाश्रयिष्ये (वि + अप + आ ઉપસર્ગપૂર્વક श्रि ધાતુ)નો અર્થ 'વિનંતી કરવી' થાય છે. 'સ્વપ્નવાસવદત્તમ્' નાટકમાં પણ એવો પ્રયોગ છે : महती खलु अस्य व्यपाश्रयणा, कथं प्रतिजानीमः । (અંક-૧).

वृद्धः- पुत्र ! निर्वेदप्रत्यर्थिनी खलु प्रार्थना । पुत्र ! આ પ્રાર્થના તો (આપણે બધી રીતે) નિરાશ થઈ ગયા છીએ માટે કરવાની છે. निर्वेदप्रत्यर्थिनी खलु प्रार्थना । વૂલ્નરના મત મુજબ આ વાક્યનો અર્થ 'વિનંતી એ નિરાશાનો વકીલ છે.' પ્રોફે. આર. બી. આંથવલેના મતે ''જે માણસ વિનંતી કરવા સજ્જ થયેલો છે તેણે નિરાશાને ગણકારવી જોઈએ નહિ; તેણે વિનંતી કરવામાં કદી થાકવું ન જોઈએ.'' એવો આ વાક્યનો અર્થ થાય છે.

समयः – શરત. समयतः – શરતી (છુટકારો છે.)

(૧૩) वृद्धः श्रुतवान्ब्राह्मणः अहम् शीलगुणान्वितं पुत्रं पुरुषादस्य दत्त्वा कथं निर्वृतिम् आप्नुयाम् । અહીં पुरुषम् अत्ति इति पुरुषादः । પુરુષને ખાનાર (= રાક્ષસ) तस्मै (मम पुत्रं) दत्त्वा । અહીં ચતુર્થી - અર્થમાં ષષ્ઠીનો પ્રયોગ કર્યો છે : पुरुषादाय = पुरुषादस्य दत्त्वा ।

ઘટોત્કચ કહે છે કે - न खलु स्त्रीजनः अभिमतः 'મારી માતાને સ્ત્રીવ્યક્તિ ભક્ષ્ય તરીકે અભીષ્ટ નથી. કેમકે સ્ત્રીઓ ધર્મશાસ્ત્ર મુજબ અવધ્ય ગણાય છે. वृद्धः त्वम् अपसरः ।

ઘટોત્કચને વૃદ્ધ બ્રાહ્મણ પણ ભક્ષ્ય તરીકે લઈ જવો ઠીક લાગતો નથી. કેમકે વૃદ્ધોના શરીરમાંથી તેની માતાને વધારે માંસ મળે નહીં !

(૧૭) गुरुवृत्तिम् अनुस्मरन् । વડીલના આદર્શને યાદ કરતો કરતો (હું જ ઘટોત્કચની પાછળ જઈશ.)

અગાઉ શ્લોક ૧૬માં જ્યેષ્ટ ભ્રાતાએ કહ્યું છે કે મારા પ્રાણો વડે વડીલોના પ્રાણોની હું રક્ષા કરવા ઇચ્છું છું. **મારા એકના જવાથી જો આખા કુટુંબની રક્ષા થતી હોય તો** મને પિતાજીએ છોડવો જોઈએ-મધ્યમપુત્રે આ જ્યેષ્ઠ ભ્રાતાએ રજૂ કરેલા આદર્શને યાદ કરતાં કરતાં આત્મસમર્પણ માટે પોતાની તૈયારી બતાવી છે.

द्वितीयः-पित्रोः अनिष्टः कस्य इदानीं प्रियः । पित्रोः ષષ્ઠી દ્વિવચન છે. આથી તેનો અર્થ - 'માતાપિતા બન્નેને પ્રિય નહીં તેવો હું હવે કોને પ્રિય હોઈશ ?'

ઐતરેય બ્રાહ્મણના શૌનઃ શેપાખ્યાનમાં પણ મધ્યમ પુત્ર શુનઃશેપને સો રૂપિયામાં વેચી દેવામાં આવ્યાની વાત છે :-

सोऽजीगर्तं सौयवसिमृषिमशनया परीतमरण्य उपेयाय । तस्य ह त्रयः पुत्रा आसुः-शुनः पुच्छ, शुनःशेपः शुनोलाङ्गूल इति । तं होवाच । ऋषे ! अहम् ते शतं ददामि । अहमेषामेकेनात्मानं निष्क्रीणा इति । स ज्येष्ठं पुत्रं निगृह्वान उवाच । न न्विममिति नो एवेममिति कनिष्ठं माता । तौ ह मध्यमे संपादयांचक्रतुः शुनःशेपे । तस्य ह शतं दत्त्वा स तमादाय सोऽरण्याद्ग्राममेयाय ॥

(ए० ब्रा० पं. ७. अ. ३३ ख. ४.)

સંભવત : ભાસે આ કથામાંથી ઈશારો મેળવીને મધ્યમને બલિ બનતો નિરૂપ્યો છે. અલબત્ત, તેમાં સમુચિત ફેરફારો કર્યા જ છે.

(૨૦) धन्योऽस्मि यद् स्वैः प्राणैः गुरुप्राणाः (मया) परिरक्षिताः । महतः बन्धुस्नेहाद् हि कालस्नेहः तु दुर्लभः ॥

સ્વજનો માટેના મહાન્ સ્નેહમાંથી મૃત્યુ માટેની ઇચ્છા (= બલિદાનની ભાવના) જન્મે છે, જે ખરેખર દુર્લભ અર્થાત્ વિરલ હોય છે.

From the great love of kin, comes the desire for death that is rare indeed. – A. C. Woolner & L. Sarup.

અહીં कायस्नेहस्तु दुर्लभः । એવું પાઠાન્તર પણ મળે છે. તે મુજબ - 'મોટા એવા બંધુ (સ્વજન) સ્નેહની (પસંદગીની) સામે, શરીર પ્રત્યે સ્નેહ કરવો અશક્ય છે' - એવો અર્થ કરવો જોઈએ.

वन्धुस्नेहाद्धि महतः कायस्नेहस्तु दुर्लभः એવું પાઠાન્તર પ્રોફે. આર. બી. આથવલે અને ડૉ. જી. કે. ભટે સ્વીકાર્યું છે. कालस्नेहः એવું વાચન વૂલ્નર તેમ જ પ્રા. પરાંજપેએ સ્વીકાર્યું છે. વૂલ્નરનું ભાષાંતર 'સગાંવહાલાંના વિશાળ પ્રેમમાંથી મૃત્યુ માટેની વાંછના જાગે છે. જે ખરેખર જૂજ હોય છે.' આ વિષય ઉપર ચર્ચા કરતાં પ્રા. આથવલે લખે છે કે - (વૂલ્નરનું) આ વાચન પણ સંતોષકારક અર્થ રજુ કરે છે. કેમકે તે આપણને એક સારી પેઠે જાણીતું સત્ય, 'મૃત્યુની વાંછના ભાગ્યે જ કોઈને હોય છે' આપે છે. પ્રા.

પરાંજપેનું શ્લોકના ઉત્તરાર્ધનું ભાષાંતર (कालस्नेहः વાચન સાથે) આ રીતે છે : "સગાં પ્રત્યેના વિશાળ પ્રેમ કરતાં મૃત્યુ માટે આપણી તૈયારી બતાવવાની તક વધુ કિંમતી હોય છે." આ સંતોષકારક નથી. પ્રા. પરાંજપેના ભાષાંતર કરતાં વૂલ્નરનું ભાષાંતર જરૂર વધારે યોગ્ય છે, કેમકે તે ઠીક અર્થ બતાવે છે.

આપણું कायस्नेहस्तु दुर्लभः । વાચન ઘણું જ ગુંચવણભર્યું છે. दुर्लभः નો અર્થ 'ક્વચિત જ મળી આવે તેવું જીજ' થવો જોઈએ. હવે જો આપણે बन्धुस्नेहात् ની પાંચમી વિભક્તિ વૂલ્નર પ્રમાણે 'સગાંના પ્રેમમાંથી' અથવા પ્રા. પરાંજપે પ્રમાણે 'સગાં પ્રત્યેના પ્રેમ કરતાં' એવા અર્થમાં લઈએ તો कायस्नेह વાચન સાથે નીકળતો અર્થ તદ્દન અગમ્ય બની જાય છે. એટલા માટે આ લીટીને "અર્થાન્તરન્યાસ" અલંકારોનો એક ભાગ, વિશેષ વસ્તુને ટેકો આપનાર સામાન્ય વસ્તુ બનાવી છે અને महतः શબ્દનું 'મહાપુરુષો અથવા મહાત્માઓની બાબતમાં' એ રીતે ભાષાંતર કર્યું છે. તેથી આખી લીટીનો અર્થ આ પ્રમાણે થશે : 'મહાપુરુષોની બાબતમાં સગાં માટેના પ્રેમ કરતાં શરીર માટેનો પ્રેમ જરા પણ વધારે કિંમતી હોતો નથી.' મતલબ કે મહાપુરુષો હંમેશા તેમનાં સગાંના પ્રેમ ખાતર પોતાની જિંદગી શરીરનો ભોગ આપવા તૈયાર હોય છે. આમ એક સરસ 'અર્થાન્તરન્યાસ' યોજ્યો છે. અહીં महतः શબ્દનો અર્થ અલબત્ત, महताम् થાય છે. (जातौ एकवचनम् નિયમ પ્રમાણે). બ્રાહ્મણપુત્ર સ્વાભાવિક રીતે જ મહાપુરુષોનું દૃષ્ટાંત કહી બતાવીને તેમના માર્ગને અનુસરવા ઇચ્છે છે. કાલિદાસનો દિલીપ બરાબર આવું જ વિધાન કરે છે. જ્યારે તે કહે છે કે : किमप्यहिंस्यस्तव चेन्मतोऽहं यशः शरीरं भव मे दयालुः । एकांतविध्वंसिषु मद्विधानां पिण्डेष्वनास्था खलु भौतिकेषु ॥ (रघु० २-५७) (Athavle and Bhat, Two one-act plays of Bhāsa, National Publishing House, Ahmedabad-1954, pp. 65-66).

શ્લોક–૨૧ विनिमाय- વિનિમય કરીને. वि + नि + मे ધાતુનું સંબંધક ભૂત કૃદન્ત. (અહીં माङ्माने માપવું ધાતુ નથી.)

द्वितीयः-एतस्मिन्वनान्तरे जलाशय इव दृश्यते। तत्र मे प्रकल्पितपरलोकस्य पिपासाप्रतीकारं करिष्यामि ॥ 'આ વનમાં જળાશય જેવું કંઈક દેખાય છે. તો ત્યાં જઈને, પરલોક જવા નીકળેલા એવા મારી પિપાસાને હું નિવૃત્ત કરીશ.' આ ઉક્તિ બાબતે શ્રી ર. છો. પરીખ જણાવે છે કે-સૌની રજા લઈ મધ્યમ જવા તૈયાર થાય છે. મરવા માટે જતાં પહેલાં એને શોષ પડે છે. ચિત્તશાસ્ત્રીઓ કહેશે કે આ સ્થિતિ સ્વાભાવિક છે. માણસ જ્યારે આવી ઉદ્દામ ભાવનામાં અને નિશ્ચયમાં આવી જાય છે ત્યારે ઘણીવાર આવું બને છે."

(૨૪) नियमपराध्ययनप्रसक्तबुद्धे । =नियमपराऽध्ययनप्रसक्ता च बुद्धिः यस्य सः, तत् संबुद्धौ । 'નિયમપરક અને અધ્યયનમાં પ્રસક્ત (એટલે તત્પર) બુદ્ધિવાળા હે !'

तपस्वी – બિચારો.

(૨૬) सिंहास्य सिंह इव आस्यं = मुखं यस्य सः । જેનું મુખ સિંહ જેવું છે.

द्विरदपतिहनुः । द्विरदः- બે દાંતવાળો અર્થાત્ હાથી. द्विरदपति = ગજેન્દ્ર. શ્રેષ્ઠ હાથીના જેવી હનુ = દાઢીવાળો. व्यूढोरः व्यूढं – विपुलम् उरः = वक्षः यस्य सः । જેનું વક્ષઃસ્થળ વિશાળ છે.

(૨૭) गरुडपक्षविलिप्तवक्षां । ગરુડની પાંખોથી ઘસાયેલા વક્ષઃસ્થલવાળો.

(૨૮) उत्सिक्तानां च मध्यमः । ઉત્સિક્ત એટલે શૌર્યોદ્ધત અથવા કાઢી મૂકવામાં આવેલા (પાંડવો)માં મધ્યમ.

શ્લોક—૩૧ अस्याम् आचम्य पद्मिन्याम् । આ શ્લોક સમજાવતાં પ્રો. આથવલે લખે છે કે - "મારા મૃત્યુ પછી પરલોકમાં કમળથી સુવાસિત એવું મધુર જળ ભાગ્યે જ મળશે. એટલે હું જીવતો હોવા છતાં મારું પોતાનું શ્રાદ્ધ મેં કર્યું છે અને તે પણ વિશેષ રીતથી કે જેમાં મારાં સગાં મારું તર્પણ કરે એના બદલે હું જ મારું તર્પણ કરું છું. જો મનુષ્યને પોતાના શ્રાદ્ધની ખાતરી ન હોય તો તે પોતાની હયાતીમાં જ પોતાનું શ્રાદ્ધ કરી શકે છે. સરખાવો - (जीवन्नेवात्मनः श्राद्धं कुर्यादन्येषु सत्स्वपि । बौधायन).

अरिष्टः-रिष्ट એટલે હાનિ કે નુકશાન. અહીં બહુવ્રીહિ સમાસ છે. न विद्यते रिष्टं यत्र स अरिष्टः ।

(૩૨) सजल-जलद-गात्रः જળથી ભરેલા વાદળ જેવાં ગાત્રોવાળો. पद्मपत्रायताक्षः- પદ્મપત્ર જેવા આયત-વિશાળ નેત્રવાળો.

(૩૩) पुत्रनक्षत्रकीर्णस्य पत्नीकान्तप्रभस्य च वृद्धस्य विप्रचन्द्रस्य (मार्गे), भवान् (घटोत्कचः) राहुः इव उत्थितः ॥ ભાસના સુન્દર પદ્યનો નમુનો.

(૩૫) एतद् बालशौण्डीर्यं दृष्ट्वा अहम् सौभद्रस्य स्मरामि ॥ આ બાળક (ઘટોત્કચ)નું શૌંડીર્ય-ઔદ્ધત્ય જોઈને હું સુભદ્રાના પુત્ર અભિમન્યુને યાદ કરું છું.

दैवतम्- ઈશ્વર, ભાગ્ય.

(૩૮) पूर्णेन इन्दुना (यथा) द्यौः सनाथा (क्रियते) (तद्वत्) कौरव्यकुलदीपेन महात्मना पाण्डवेन या महाभागा इयं हिडिम्बा नाम राक्षसी सनाथा (क्रियते) ॥

હિડિમ્બાને દ્યુલોકની (द्यौः સ્ત્રીલિંગ પ્રથમા એકવચન) ઉપમા આપી છે અને ભીમને ઈન્દુ (इन्दुना પુંલિંગ તૃતીયા એક.વ.)ની ઉપમા આપી છે. ભાસના સુન્દર પદ્યનો વધુ એક નમુનો.

भीमः-तस्मान्मच्छरीरेण ब्राह्मणशरीरं विनिमातुम् इच्छामि । (આ ક્ષત્રિયના) શરીરના બદલામાં બ્રાહ્મણના શરીરને (વિનિમય દ્વારા) રક્ષવા ચાહું છું.

भीमः-एवम् अतिबलवीर्यान् न अनुगच्छामि ।

'તું પોતાની જાતને ઘણી બળવાળી અને પરાક્રમી માને છે, એટલે તને નહીં અનુસરું.' अतिशयिते बलवीर्ये यस्य, तस्मात्-आत्मानम् अतिपराक्रमशालिनं मन्यमानत्वात् ॥

(૪૨) बाहुः आयुधं सहजं मम । 'આ બાહુ જ મારું સહજ આયુધ છે.' સહજ એટલે "(આ શરીરની) સાથે (જ) જન્મેલું."

(૪૫) नियुद्ध- मल्लयुद्ध-बाहुयुद्ध.

घटोत्कचः भो गिरे ! आपस्तावत् । हन्त स्रवति ॥ 'ઓ પર્વત ! પાણી લાવ. અરે ટપકે છે.' કવિએ આ ઘટોત્કચ રાક્ષસીનો પુત્ર છે અને તેનામાં અતિમાનુષી તત્ત્વ રહેલું છે એમ બતાવવા અહીં પ્રયત્ન કર્યો છે. જ્યારે ભીમનું પાત્ર તદ્દન માનુષી બતાવ્યું છે. આગળ ઉપર આપણે જોઈએ છીએ કે ભીમ મંત્ર જપવા માટે બ્રાહ્મણકુમાર પાસે પાણી માંગે છે.

(૪૭) પ્રો. પરાંજપે शक्रध्वज इवोत्सवे ! શબ્દોને સમજાવવા માટે એક શ્લોક રજૂ કરે છે -

चतुरस्रध्वजाकारं राजद्वारे प्रतिष्ठितम् । आहुः शक्रध्वजं नाम पौरलोके मुखावहम् ॥
पौराः कुर्वन्ति यदि पुरुहूतमहोत्सवम् ॥

(૪૮) आसारबर्वम् = ધારાવાહી વૃષ્ટિ. धारासम्पात आसारः इति अमरः ।

घटोत्कचः-कः प्रत्ययः । શી ખાતરી ? શું પ્રમાણ ?

(૪૯) भीमः-गहने वने भ्रमताम् अस्माकं भ्रष्टराज्यनां हे देवि ! त्वया जातकारुण्यया सन्तापः नाशितः ॥ "ગહન વનમાં ભટકતાં રાજભ્રષ્ટ થયેલા એવા અમારો સંતાપ, હે દેવિ ! જેને કરુણા ઉપજી છે એવી તેં દૂર કરી દીધો છે."

(સારું થયું કે તું મળી આવી. હવે આ વનમાં થોડીક અનુકૂળતા ઊભી થશે-એવો નિરાંત અનુભવવાનો ભાવ ભીમની ઉક્તિમાં લાગે છે.)

ત્યાર પછી ભીમ પૂછે છે. हिडिम्बे ? किमिदम् ? "હિડિમ્બા, આ બધું શું છે ?" ત્યારે हिडिम्बाः – (कर्णे) आर्यपुत्र ! ईदृशमिव ॥ હિડિમ્બાએ કાનમાં કંઈક કહ્યું કે-"પતિદેવ, આના જેવું."

આ 'કંઈક' સાંભળ્યા પછી, ભીમે જે પ્રતિભાવ દાખવ્યો છે તે આ પ્રકારનો છે. "તું જાતિથી રાક્ષસી છે, આચારથી નહીં."

કવિએ कर्णे- કાનમાં કંઈક કહેવડાવ્યું છે. એટલે હિડિમ્બાએ ભીમને ખરેખર શું કહ્યું હશે તે કલ્પનાનો વિષય બની રહે છે.

ડૉ. તપસ્વી નાન્દી લખે છે : "છેવટે હિડિમ્બાએ તો ભીમને અહીં ખેંચી આવવા (લાવવા) જ આ સઘળું ગોઠવ્યું હતું." (સંસ્કૃત નાટકોનો પરિચય, પૃ. ૫૨). આ રૂપકમાં વર્ણવેલી ઘટના જે વનમાં બની છે તે वनं निवासाभिमतं मनस्विनाम् ॥ १० ॥ છે એમ અગાઉ કહેવામાં આવ્યું છે. આ સાંભળીને જેમ વૃદ્ધ બ્રાહ્મણને થયું હતું કે 'તો તે કદાચ પાંડવો અહીં જ રહેતા હશે.' તેમ કદાચ હિડિમ્બાએ વિચાર્યું હશે કે રાજ્યભ્રષ્ટ થયેલા પાંડવો અહીં આવીને વસ્યા હશે અને તેથી તેણે પોતાના આહાર માટે કોઈક માણસને પકડી લાવવાની ઘટોત્કચને આજ્ઞા કરી હશે. તેને ખાતરી હશે કે ઘટોત્કચના હાથમાં ભીમ-પાંડવો જ આવી

જશે અને એમ કરતાં પોતે ફરીથી પોતાના પતિ-ભીમ-ને મળી શકશે. અલબત્ત, આ રીતે પતિમિલન યોજવાની આ યોજના કદાચ રાક્ષસી-અમાનવીય કહેવાય, પણ અંતે તો તે સુખકારક જ નીવડશે એવી હિડિમ્બાની ગણતરી હશે. કદાચ આ જ વાત - 'મેં તમને મળવા જ આ રીતે ઘટોત્કચને મોકલ્યો હતો. એવું કંઈક—તેણે ભીમના કાનમાં કહી હશે ! આવી કલ્પના કરવી તે રમણીય તો છે જ ! !

વૃદ્ધઃ-ભો વૃકોદર ! रक्षितम् अस्मत्कुलं स्वकुलम् उद्धृतं च ॥ - "અરે વૃકોદર ! તમે અમારા કુળની રક્ષા કરી છે અને પોતાના કુળને પણ ઉદ્ધૃત કર્યું છે (-પત્ની અને પુત્રની સાથે તમારો મેળાપ થયો છે !)" આ વાક્યમાં, સમગ્ર રૂપકના કાર્યવેગનો ફલાગમ વર્ણવાયો છે. ભીમને પોતાના પત્ની અને પુત્ર મળ્યાં છે. આ મિલન રૂપી ફલનો ભોક્તા ભીમ છે, તેથી તે મુખ્ય નાયક છે એમ કહી શકાય, તથા બ્રાહ્મણપુત્ર મધ્યમનું જીવન બલિ બનતું અટકી જાય છે, તે ગૌણ ફળ બ્રાહ્મણપુત્ર મધ્યમને મળે છે; આથી તેને ઉપનાયક કહી શકાય. આ બન્ને 'મધ્યમ' નાયકોને ધ્યાનમાં રાખીને કવિએ પ્રસ્તુત વ્યાયોગરૂપકનું નામ મધ્યમ રાખ્યું છે તે સ્પષ્ટ છે.

બીજું, આ રૂપક જે માનસિક તનાવમાં શરૂ થયું અને પિતાપુત્રના કૃતક યુદ્ધમાંથી પસાર થઈને, પિતાપુત્રમાતાના મિલનમાં પૂર્ણ થયું - તે भासो हासः । નો પ્રત્યક્ષ નિદર્શી છે.

Hindu stage નામના પુસ્તકમાં પ્રોફે. વિલ્સન જણાવે છે કે - વ્યાયોગમાં કોઈ યુદ્ધની ઘટનાનું નાટ્યરૂપાંતર કરવામાં આવ્યું હોય છે. તેમાં સ્ત્રીનિમિત્તક સંગ્રામ હોતો નથી અને તેના પરિણામે તેમાં શૃંગાર રસનું નિરૂપણ હોતું નથી. એક દિવસમાં બનતી ઘટના એક અંકમાં વર્ણવી દેવામાં આવે છે. આવા વ્યાયોગમાં નાયક કોઈ દૈવી પાત્ર કે યોદ્ધો હોય છે.

ભાસના પ્રસ્તુત "મધ્યમવ્યાયોગ"માં પણ વ્યાયોગ નાં લક્ષણો નીચે મુજબ જોવા મળે છે : (૧) ભીમ જેવો પ્રખ્યાત ક્ષત્રિય યોદ્ધો અહીં નાયક છે. (૨) સ્ત્રીનિમિત્તક નહીં તેવો સંગ્રામ (મલ્લયુદ્ધ) અહીં રજૂ થયો છે. બીજા શબ્દોમાં કહીએ તો - અહીં કેશવદાસ નામના બ્રાહ્મણના કુટુમ્બને રાક્ષસના હાથમાં પડતું બચાવવા માટે ભીમ અને ઘટોત્કચ વચ્ચેનું યુદ્ધ વર્ણવાયું છે. (૩) બ્રાહ્મણપત્ની અને હિડિમ્બા સિવાયના બીજાં પાત્રો પુરુષો છે. જેમાં કેશવદાસ, તેના ત્રણ પુત્રો, ભીમ અને ઘટોત્કચનો સમાવેશ થાય છે. (૪) એક અંકમાં સમગ્ર નાટ્યવસ્તુ રજૂ થઈ ગયું છે અને (૫) સવારથી શરૂ કરીને મધ્યાહ્ન સુધીના સમયમાં આ રૂપકનું કાર્ય પૂર્ણ થાય છે.

આ રૂપકના અંતે ભીમ - હિડિમ્બાનું મિલન વર્ણવાયું છે; એ જોઈને પ્રોફે. ડોલરરાય માંકડે આ રૂપકને 'વ્યાયોગ' નહીં કહેતા, "ઈહામૃગ" કહેવાનું પસંદ કર્યું છે. પરંતુ ડૉ. પુશાલકર આ સાથે સમ્મત નથી. તેમણે જણાવ્યું છે કે ઈહામૃગ પ્રકારના રૂપકમાં તો

સ્ત્રીનિમિત્તક સંગ્રામ હોવો જોઈએ અને તેમાં ચાર અંક હોવા જોઈએ. જ્યારે આ બંને લક્ષણો 'મધ્યમ' રૂપકમાં નથી. આથી તેને 'વ્યાયોગ' કહેવું જ ઉચિત છે. Pusalkar A. D; Bhasa - A Study Delhi, 1968 (P. 206).

(૫૨) प्रभुः –प्रभवः । અહીં 'સ્વામી-માલિક' એવો અર્થ અભિપ્રેત લાગે છે અને શ્લોકના અંતે स्यात् કે भवतु જેવા ક્રિયાપદનો અધ્યાહાર લેવાનો છે.

મધ્યમવ્યાયોગ પૂરું થયું.

❑ ❑ ❑

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧.